-: શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ :-

સદ્‌ગુરુ પરમાત્માનંદ સ્વામીના શિષ્ય સાધુ

# બદ્રીનાથદાસજી કૃત

# કીર્તનાવલી

# ૭ ૯

પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી
કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજની આજ્ઞાથી

-: છપાવી પ્રસિદ્ધ કર્તા :-

મહંત સદ્‌ગુરુ પુરાણી
સ્વામી ધર્મનંદનદાસજી
ભુજ- કચ્છ.

સને ૨૦૦૯ | પ્રત | સંવત્ ૨૦૬૫
કિંમત રૂા. ૨૦ | ૪૦૦૦ | નિયમ એકાદશી

-: પ્રાપ્તિ સ્થાન :-
શ્રી નરનારાયણ દેવ કોઠાર
શ્રી સ્વામિનારાયણ મંદિર
ભુજ - કચ્છ. ૩૭૦૦૦૧

પ્રથમ આવૃત્તિ પ્રતઃ- ૫૦૦૦
બીજી આવૃત્તિ પ્રતઃ- ૩૦૦૦
તૃતીય આવૃત્તિ પ્રત :- ૪૦૦૦
ચોથી આવૃત્તિ પ્રત :- ૪૦૦૦

-: મુદ્રક :-
શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ પ્રેસ,
શ્રી સ્વામિનારાયણ મંદિર,
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
ભુજ - કચ્છ.

ફોન :- ૨૫૦૨૩૧ - ૨૫૦૩૩૧ - ફેક્સ :- ૨૫૦૧૩૧

## -: અનુક્રમણિકા :-


| પદ. | કીર્તન | પાનું |
|---|---|---|
| ૧ | દોહા - તથા મંગલમય ઘનશ્યામકો. | ૫ |
| ૧ | છપૈયાપુરનો ગરબો. | ૫ |
| ૪ | અમદાવાદનો ગરબો. | ૧૧ |
| ૧ | ડભાણનો ગરબો. | ૧૮ |
| ૧ | સ્વામી નિર્ગુણદાસજી ઉપર છપૈયાથી સ્વામી બદ્રીનાથે લખેલો પત્ર. | ૨૭ |
| ૫ | છપૈયા પ્રગટ થયા ઘનશ્યામ. | ૨૮ |
| ૪ | શ્યામનાં દર્શન કરીયે સાહેલી. | ૩૦ |
| ૪ | હરિકૃષ્ણ કૃપા કરી ઉરમાંરે. | ૩૨ |
| ૪ | સખી ચાલો છપૈયા ગામ જઇએ. | ૩૪ |
| ૪ | ધન્ય ધન્ય છપૈયાપુર ધામનેજો. | ૩૬ |
| ૪ | પુરણબ્રહ્મ પુરુષોત્તમ પોતે. | ૩૮ |
| ૪ | સખી સાંભળને કહું વાતડી રે. | ૪૧ |
| ૪ | સખી અમદાવાદે આજ આવ્યા. | ૪૩ |
| ૫ | સખી સંત સહિત ઘનશ્યામ રે જેતલપુર | ૪૫ |
| ૪ | પ્રાણી પ્રભુનું ભજન કર આજ રે. | ૪૮ |
| ૪ | સર્વે જુઠી જગત માયા વિચારી. | ૫૦ |
| ૪ | પ્રભુ ભજી લેને પ્રાણીયાજીરે. | ૫૩ |
| ૪ | જોને જીવ જાગી જોને પ્રાણી જાગી. | ૫૫ |
| ૪ | પ્રાણી એળે આવરદા જાયરે. | ૫૭ |
| ૧ | જુવો વિચારી ઉંડું અંતરમાં. | ૬૦ |





| | | |
|---|---|---|
| ૪ | ધન્ય ધન્ય કહીએ તેહ ગામનેરે. | ૬૦ |
| ૪ | કર જોડી વારંવાર નમુ હનુમંતા. | ૬૨ |
| ૪ | સખુકારી તે શિવજી આજરે. | ૬૪ |
| ૧ | કેશવપ્રસાદજી ચાલી ગયારે. | ૬૫ |
| ૧ | અલોલોલોલોલો હાલ. | ૬૮ |
| ૪ | સખી અક્ષરધામથી આવીને. | ૬૯ |
| ૧ | રૂડું છપૈયા શહેર સોહામણું. | ૭૧ |
| ૧ | મહિમા કહું તે મોટાં ધામનો. | ૭૩ |
| ૧ | છોટી ઉમરમાં માવજીરે. | ૭૬ |
| ૧ | મુકુંદ મુનેરે મેલી ગયા. | ૭૭ |
| ૧ | મારે મંદિર આવી મહારાજરે. | ૭૮ |
| ૪ | પ્રેમવતી અતિ પ્રીત કરીને. | ૮૦ |
| ૪ | સામરો મોંશે ખેલત હોરી. | ૮૨ |
| ૨ | બનકાં હરિ ચલે હરખાઇ. | ૮૫ |
| ૪ | ધામબડા અતિ ભારી. | ૮૬ |
| ૧ | ચેતરે અજ્ઞાની અંધ. | ૮૮ |
| ૪ | છપૈયા સોહતહે જ્યાં શ્યામ લિયે. | ૮૮ |
| ૧ | સ્વામિનારાયણ ભજો ભાઈ. | ૯૦ |
| ૨ | કરી કૃપા શ્રીકૃષ્ણ કૃપાળ લાલ. | ૯૦ |
| ૧ | હરતાં ફરતાં પ્રાણી પુરુષોત્તમ. | ૯૨ |
| ૪ | આયેરી અલક યોગી. | ૯૩ |
| ૨ | હરિ અખીલ ભુવનકે. | ૯૬ |
| ૨ | હોકલો હૈયા ફુટ્યાને ભાવેરે. | ૯૭ |
| ૪ | ભુજનો ગરબો. | ૯૮ |

-:શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ :-

# બદ્રિનાથ કૃત કિર્તનાવલી

## દોહા

મંગલમય ઘનશ્યામકો, ધામ છપૈયા ગામ;
જેહિ જાવે તહાં પ્રિતસે, હોવહી પૂરણ કામ. ૧
અડસઠ તીરથ સબ મિલિ, રહે તહાં કરી વાસ;
છપૈયાકી સીમ દેખીકે, જમ ગણ પામે ત્રાસ. ૨
ભવ બ્રહ્મા તેહિ સીમકી, ધુળિ ચડાવે માથે;
ધન્ય ધન્ય છપૈયા ધામકું, કહે યું બદ્રિનાથ ૩

## પદ રાગ ગરબો

છપૈયા પુરનો મહિમા કહું તે સાંભળો,
આપે આવ્યા અક્ષરવાસી ત્યાંય જો;
દેવ વજાવે દાડી જ્યાં દૂંદૂભિ,
ભવ બ્રહ્મા નારદ નાચી ગુણ ગાય જો. છપૈયા. ૧
ધર્મ ધુરંધર ધર્મ થકી ભક્તિ વિષે,
પ્રગટ્યા કલિમાં કરવા જનનાં કાજ જો;
મુક્તિનો મારગ બતાવ્યો વાલ્યમે,



ધારી દિલમાં દયા શ્રી મહારાજ જો. છપૈયા. ૨
મોટા બંધુ જેના રામપ્રતાપ છે,
છોટા બંધુ કહીએ ઈચ્છારામ જો;
વચોટવાસીરે અક્ષર ધામના,
જાણો તેનું નામ શ્રી ઘનશ્યામ જો. છપૈયા. ૩
ગોલોક ગામી રે ગોપીનાથજી,
બદ્રિકાશ્રમ શ્વેતદ્વિપના શ્યામ જો;
વૈકુંઠવાસી રે જેને કહાવીએ,
તે સૌ જાણો આપે શ્રી ઘનશ્યામ જો. છપૈયા. ૪
દ્વારિકા કાશીને ગોકુળ ગામ જે,
મથુરા વૃંદાવન જગન્નાથ જો;
અયોધ્યાપુરી ને પ્રાગરાજ જે,
તે સૌ નાવે છપૈયાની સાથ જો. છપૈયા. ૫
મંદિર મણિમય અદ્‌ભૂત ઓપતું,
શિખર જેનાં અડ્યાં છે ગગન જો;
જરીની ધજાયું શિખરે ફરફરે,
નરનારી જોઈ થાય મન મગન જો. છપૈયા. ૬
સોપાન સમિપે સુંદર શોભતાં,
હાથણિયું ને હૈયા સરખી સાર જો;
બેઉ તે બાજુ પર રૂડા દેવ છે,
પ્રભુ માંહી પૂરણ તેને પ્યાર જો. છપૈયા. ૭
હનુમાનજી રહે છે હજુરમાં,

ગુરુ ગદા લઈને લાંબે હાથ જો;
ભોળાને ભવાની ભાનુ ગણપતિ,
રહ્યા રાજી કરવા દિનોનાથ જો. છપૈયા. ૮
મંડપ મણિમય સારો શોભતો,
બાંધી માંહી હાંડીઓની બહુ હાર જો;
ઝમરૂખ ઝળકે છે સોના સાંકળે,
દિપે દિવા મણિના અપાર જો. છપૈયા. ૯
શોભા તે મંદિરની મુખે શું કહું,
કેતાં પામે મન વાણી વિરામ જો;
એવા રૂડા દેવળમાં જે દેવ છે,
કહું તેના સુણો સરવે નામ જો. છપૈયા. ૧૦
ઉત્તારના મંદિરમાં રાધાકૃષ્ણ છે,
વળી વાસુદેવ વસે પાસ જો;
પ્રેમેશું પૂજે જઈ તેની પાદુકા,
પુરે તેના મનની સરવે આશ જો. છપૈયા. ૧૧
મધ્યનું મંદિર મનોહર માવનું,
શોભા તોની કહેતાં ન આવે પાર જો;
છડી લઈ કનકની કાજુ કરમાં,
બે બાજુપર ઊભા છે ચોપદાર જો. છપૈયા. ૧૨
સોનાનું સિંહાસન સુંદર શ્યામનું,
હિરા માણેક મોતીમાંહી જડેલ જો;
તરણિથી અધિકમાંહી તેજ છે,



તેના ઉપર રાજે છે અલબેલ જો. છપૈયા. ૧૩
માધુરી મનોહર મૂરતિ માવની,
હેતેથી હસે છે મુખે મંદ જો;
શોભા સારી જોઈ બેઉ શણગારની,
નરનારી સૌ પામે છે આનંદ જો. છપૈયા. ૧૪
જરકસી જામો ને માથે મોળિયું,
શુંથણલિ સોનેરી બુટાદાર જો;
ખભે સારું શેલું શોભે શ્યામને,
આભૂષણ પહેર્યાં છે અપાર જો. છપૈયા. ૧૫
કંઠમાં કંઠીને ઉર પર ઉતરી,
મોતિમાળા હૈયે ચંદન હાર જો;
કટિયે કંદોરો કુંડલ કાનમાં,
પાયે તોડા ઝાંઝરનો ઝમકાર જો. છપૈયા. ૧૬
પોંચી કડાં બાંયે બાજુ બાંધિયા,
લટકાળે લીધી છે છડી લાલ જો;
ગુલાબના ગજરા તોરા પાઘમાં,
કાજુ કરે રેશમી રુમાલ જો. છપૈયા. ૧૭
શ્યામની શોભાને હું શું વર્ણવું,
મુખડું જોઈને લાજે કોટિક કામ જો;
ભ્રકુટી ભાળીને ભૂલે ભામની,
એવા રૂડા રાજે શ્રીઘનશ્યામ જો. છપૈયા. ૧૮
ભક્તિ ને ધરમ દ્રઢ ભાવથી,

રહે સદા શ્યામને સંગાથ જો;
પ્રદ્યુમન મેલીને સરવે માનને,
ઉભા આગે જોડીને બે હાથ જો. છપૈયા. ૧૯
દક્ષિણના મંદિરમાં બલરામ ને રેવતી,
હેતે હરિકૃષ્ણ રહ્યા ત્યાંય જો;
એ આદિક મનોહર મૂરતિ દર્શને,
સંભારીને રાખો રૂદિયામાંય જો. છપૈયા. ૨૦
મંદિરને સમીપે સુંદર સર છે,
જાણો તેનું નારાયણસર નામ જો;
અડસઠ તીરથ આવીને તેમાં રહ્યાં,
જેના નિરમાં નાહ્યા શ્રી ઘનશ્યામ જો. છપૈયા. ૨૧
ગંગા બિંદુસર ગોદાવરી ગોમતી,
પ્રભાસ પુષ્કરજી રેવા ન્હાય જો;
છપૈયે ન્હાય નારાયણસરમાં,
તેને સર્વે તિરથનું ફળ થાય જો. છપૈયા. ૨૨
ઉંધે શીર રહીને તાપે તાપને,
ધામ ધરા ધન આપે દાન અપાર જો;
નારાયણસરમાં મારે એક ડૂબકી,
સાધન સરવે ન આવે તેની હાર જો. છપૈયા. ૨૩
ગયા જઈ સરાવે શત શ્રાદ્ધને,
વિધિ સહિત આપે પિંડદાન જો;
નારાયણસર શ્રાદ્ધ સરાવે એકને,



તેના તુલ્યે નાવે તે નિદાન જો. છપૈયા. ૨૪
અવતારના અવતારી સહજાનંદજી,
નાતા નિત્યે જેમાં વારંવાર જો;
સખાને સંગાથે જેમાં ખેલતા,
તેનો મહિમા શેષ ન પામે પાર જો. છપૈયા. ૨૫
છપૈયે જઈ જોયા જેણે શ્યામને,
જુગત્યેથી જમાડ્યા હરિજન જો;
ભાવેથી છપાવી છાપું ભુજમાં,
કર્યા તેણે કુળ એકોતેર પાવન જો. છપૈયા. ૨૬
ભૂત પ્રેત ભૈરવ ને રાહુ રાક્ષસ,
મૂઠ ચોટ જાદુને જમનો ત્રાસ જો;
છપૈયા જોવાથી સરવે જાય છે,
પંચ દિન ત્યાં રે'જો કરી વાસ જો. છપૈયા. ૨૭
છપૈયાનો મહિમા તે હું શું કહું,
ભવ બ્રહ્મા શુક શારદ નારદ ગાય જો;
પ્રેમ કરી જે જાય છપૈયાપુરમાં,
કરજોડી હું લાગું તેને પાય જો. છપૈયા. ૨૮
પ્રિત કરીને જે જન શિખે સાંભળે,
ગાશે ગરબો કરીને બહુ પ્યાર જો;
દાસ બદ્રિનાથ કહે તે જનને,
સે'જે આવે ભવસાગરનો પાર જો. છપૈયા. ૨૯

## રાગ ગરબો પદ – ૧

આવ્યા સહજાનંદ સુખકારી. અમદાવાદમાં રે;
સરવે અવતારના અવતારી. અમદાવાદમાં રે. ૧
સુણીને સામા હરિજન આવ્યા. અમદાવાદમાં રે.
મોંઘે મોતીડે વધાવ્યા. અમદાવાદમાં રે. ૨
વાજે વાજાં હરિને આગે. અમદાવાદમાં રે.
સુણતાં જન તણાં દુઃખ ભાગે. અમદાવાદમાં રે. ૩
ભેરી ભુંગલ ને શરણાઈ. અમદાવાદમાં રે.
વાગે પડધમ ઉમંગ માંય. અમદાવાદમાં રે. ૪
મૃદંગ ઝાંઝનો ઝમકાર. અમદાવાદમાં રે.
ઢોલ ત્રાંસાનો નહિ પાર. અમદાવાદમાં રે. ૫
વાગે ડંકો ઉડે નિશાન. અમદાવાદમાં રે.
થાય ગવૈયાના ગાન. અમદાવાદમાં રે. ૬
ઘુમે ઘોડાની ઘમસાણ. અમદાવાદમાં રે.
થયું શહેરમાં સૌને જાણ. અમદાવાદમાં રે. ૭
ધાયા જન સૌ કરતા શોર. અમદાવાદમાં રે.
હેતે જોવા ધર્મકિશોર. અમદાવાદમાં રે. ૮
ગોખ ઝરૂખે બેસી નારી. અમદાવાદમાં રે.
નિરખે નેણેથી મોરારી. અમદાવાદમાં રે. ૯
મુરતિ મોહનની મન ભાવે. અમદાવાદમાં રે.
રૂડા પુષ્પેથી વધાવે. અમદાવાદમાં રે. ૧૦
રોઝે ઘોડે શોભે શ્યામ. અમદાવાદમાં રે.



જોઈને લાજે કોટિક કામ. અમદાવાદમાં રે. ૧૧
થાય બે બાજુ ચમર. અમદાવાદમાં રે.
શોભે સોનાનું છતર. અમદાવાદમાં રે. ૧૨
આગળ બોલે છે ચોપદાર. અમદાવાદમાં રે.
જય જય જન કરે ઉચ્ચાર. અમદાવાદમાં રે. ૧૩
સાહેબ બે આવ્યા છે સામા. અમદાવાદમાં રે.
એરણ દુર્લભ એવે નામા. અમદાવાદમાં રે. ૧૪
ટોપી ઉતારીને હાથ. અમદાવાદમાં રે.
નમ્યા ચરણે આવી માથ. અમદાવાદમાં રે. ૧૫
સૌને દેતા દર્શન દાન. અમદાવાદમાં રે.
આવ્યા મંદિરમાં ભગવાન. અમદાવાદમાં રે. ૧૬
દરવાજાની શોભા સારી. અમદાવાદમાં રે.
ગોખ ઝરૂખા શોભે ભારી. અમદાવાદમાં રે. ૧૭
જોઈને રાજી થયા અવિનાશ. અમદાવાદમાં રે.
તેના ઉપર કીધો વાસ. અમદાવાદમાં રે. ૧૮
ઘણું રહીને ત્યાં ઘનશ્યામ. અમદાવાદમાં રે.
કર્યા જનના પૂરણ કામ. અમદાવાદમાં રે. ૧૯
બદ્રિનાથ કહે બહુ વાર. અમદાવાદમાં રે.
કરી લીલા અપરમપાર. અમદાવાદમાં રે. ૨૦

## પદ – ૨

સદ્‌ગુરુ આનંદસ્વામી પાસે. શ્રીનગરમાં રે.
મંદિર કરાવ્યું ઉલાસે. શ્રીનગરમાં રે. ૧

સંવત અઢાર સુખકારી. શ્રીનગરમાં રે.
અઠોતેરની સાલ સારી. શ્રીનગરમાં રે. ૨
ફાગણ સુદની તૃતીયા ભાવિ. શ્રીનગરમાં રે.
તે દિ મૂરતિયું પધરાવી. શ્રીનગરમાં રે. ૩
જોઈને નરનારાયણ નાથ. શ્રીનગરમાં રે.
હેતે મલ્યા ભરીને બાથ. શ્રીનગરમાં રે. ૪
મધ્યના મંદિરમાં બેસારી. શ્રીનગરમાં રે.
પોતે આરતી ઉતારી. શ્રીનગરમાં રે. ૫
પૂર્વ મંદિરમાં મોરારી. શ્રીનગરમાં રે.
થાપ્યા કૃષ્ણ રાધા પ્યારી. શ્રીનગરમાં રે. ૬
પશ્ચિમ મંદિરમાં મન ભાવ્યા. શ્રીનગરમાં રે.
હેતે હરિકૃષ્ણ પધરાવ્યા. શ્રીનગરમાં રે. ૭
પિતા ધર્મને ભક્તિમાત. શ્રીનગરમાં રે.
પોતે પધરાવ્યા સાક્ષાત. શ્રીનગરમાં રે. ૮
રૂડા ગણપતિ ને કપિનાથ. શ્રીનગરમાં રે.
તે પણ સ્થાપ્યા પોતે હાથ. શ્રીનગરમાં રે. ૯
થયો સમૈયો તે ભારી. શ્રીનગરમાં રે.
આવ્યા લાખું નર ને નારી. શ્રીનગરમાં રે. ૧૦
જોઈને બોલ્યા હરિ તે વાર. શ્રીનગરમાં રે.
ચાલો સરવે શહેરની બાર. શ્રીનગરમાં રે. ૧૧
સંત હરિજન સંગે લીધા. શ્રીનગરમાં રે.
ડેરાં કાંકરીયે જઈ દીધા. શ્રીનગરમાં રે. ૧૨



તેની શોભા શી કહી દાખું. શ્રીનગરમાં રે.
તિહાં વિપ્ર જમાડ્યા લાખું. શ્રીનગરમાં રે. ૧૩
આપી દક્ષિણા બહુ ઝાઝી. શ્રીનગરમાં રે.
લઈને દ્વિજ થયા બહુ રાજી. શ્રીનગરમાં રે. ૧૪
કરી લીલા અનંત અપાર. શ્રીનગરમાં રે.
કેતાં શેષ ન પામે પાર. શ્રીનગરમાં રે. ૧૫
ધન ધન કહીએ નવો વાસ. શ્રીનગરમાં રે.
જેમાં રહ્યા ઘણું અવિનાશ. શ્રીનગરમાં રે. ૧૬
તેમાં લીંબ વૃક્ષ એક ભારી. શ્રીનગરમાં રે.
તિહાં સભા કરે સુખકારી. શ્રીનગરમાં રે. ૧૭
ઘરોઘર જઈને શ્રી ભગવાન. શ્રીનગરમાં રે.
જમતા વિધવિધના પકવાન. શ્રીનગરમાં રે. ૧૮
જેવું કહીએ ગોકુલ ગામ. શ્રીનગરમાં રે.
તેવો નવો વાસ સુખધામ. શ્રીનગરમાં રે. ૧૯
તેની ધૂળ ચઢાવું માથ. શ્રીનગરમાં રે.
દાસ કહે છે બદ્રિનાથ. શ્રીનગરમાં રે. ૨૦

## પદ – ૩

આવ્યા મંદિરમાં મોરારિ. રમવા રંગમાં રે.
બેઠા ઓટા પર ગીરધારી. રમવા રંગમાં રે. ૧
કેસર કસુંબો પતંગ. રમવા રંગમાં રે.
તેનો ચઢાવ્યો બહુ રંગ. રમવા રંગમાં રે. ૨
ગાડે ગુલાલ મંગાવ્યો. રમવા રંગમાં રે.

ઝીણો અતિશે મન ભાવ્યો. રમવા રંગમાં રે. ૩
પછી બોલ્યા બહુ કરી પ્યાર. રમવા રંગમાં રે.
સંતો થાવો રમવા તૈયાર. રમવા રંગમાં રે. ૪
લાવો પાટ મોટી પ્રીતે. રમવા રંગમાં રે.
તે પર રમીયે રૂડી રીતે. રમવા રંગમાં રે. ૫
હરિજન લાવ્યા કેતાં વાત. રમવા રંગમાં રે.
સૌને રમવાની બહુ ખાંત. રમવા રંગમાં રે. ૬
તે પર જઈ ઉભા અલબેલ. રમવા રંગમાં રે.
ખાંતે કરવાને હરિ ખેલ. રમવા રંગમાં રે. ૭
કસી કમર કરુણા કીધી. રમવા રંગમાં રે.
કનક પીચકારી કર લીધી. રમવા રંગમાં રે. ૮
લાવ્યા રંગ તણા બહુ માટ. રમવા રંગમાં રે.
જન સૌ જોઈ રહ્યા છે વાટ. રમવા રંગમાં રે. ૯
હરિજન સંત રહ્યા છે ઘેરી. રમવા રંગમાં રે.
જીવન જુએ છે ચો ફેરી. રમવા રંગમાં રે. ૧૦
સારા શોભે છે મુનિ જન. રમવા રંગમાં રે.
જાણે ફુલ્યું કમળ વન. રમવા રંગમાં રે. ૧૧
આણિ અંતરમાં ઉમંગ. રમવા રંગમાં રે.
અલબેલો ઉડાડે રંગ. રમવા રંગમાં રે. ૧૨
ઘણા ઘડા માથે ઢોળી. રમવા રંગમાં રે.
નાખ્યા સૌને રંગમાં રોળી. રમવા રંગમાં રે. ૧૩
અતિ ઉડાડે ગુલાલ. રમવા રંગમાં રે.



થયો અંબર આખો લાલ. રમવા રંગમાં રે. ૧૪
તેજ તરણિનું નવ ભાસે. રમવા રંગમાં રે.
છાયાં વિમાન આકાશે. રમવા રંગમાં રે. ૧૫
વાગે ઢોલ નગારાં તૂર. રમવા રંગમાં રે.
સુણતાં ચડે સૌને સુર. રમવા રંગમાં રે. ૧૬
દેવ દુદુંભિ વજાવે. રમવા રંગમાં રે.
હરિને પુષ્પેથી વધાવે. રમવા રંગમાં રે. ૧૭
મંડપ મધ્યે જગજીવન. રમવા રંગમાં રે.
ઉછવીયા પર થયા પરસન. રમવા રંગમાં રે. ૧૮
રંગે કર્યા સૌ ચકચૂર. રમવા રંગમાં રે.
ભર્યાં ગુલાલે ભરપૂર. રમવા રંગમાં રે. ૧૯
સ્થંભે સ્થાપ્યા રંગના હાથ. રમવા રંગમાં રે.
દાસ કહે છે બદ્રિનાથ. રમવા રંગમાં રે. ૨૦

## પદ – ૪

ચાલ્યા નારાયણને ઘાટ. નાવા નિરમાં રે.
સૌને દરશન દેવા માટ. નાવા નિરમાં રે. ૧
હરિવર ઘોડે થયા અસવાર. નાવા નિરમાં રે.
સંગે સંત તણો નહિ પાર. નાવા નિરમાં રે. ૨
હરિજન હેતે હરિગુણ ગાય. નાવા નિરમાં રે.
આગળ ઉચ્છવ કરતા જાય. નાવા નિરમાં રે. ૩
રસ્તે જાતાં ડાબે હાથ. નાવા નિરમાં રે.
ઉભા વડ હેઠે જઈ નાથ. નાવા નિરમાં રે. ૪

પછી પધાર્યા ભગવાન. નાવા નિરમાં રે.
આવ્યો દોડી દરિયાખાન. નાવા નિરમાં રે. ૫
હરિને ચરણે નામ્યું માથ. નાવા નિરમાં રે.
જોડ્યા વજીરે પણ હાથ. નાવા નિરમાં રે. ૬
બેયે વિનતિ અતિશે કીધી. નાવા નિરમાં રે.
હરિયે સરવે સુણી લીધી. નાવા નિરમાં રે. ૭
કરી કૃપા બહુ જીવન. નાવા નિરમાં રે.
બેઉને મેલ્યા બદરિવન. નાવા નિરમાં રે. ૮
વેગે ગયા સામે તીર. નાવા નિરમાં રે.
પેઠા નાવા નિર્મળ નિર. નાવા નિરમાં રે. ૯
રંગે ભર્યા ભુધર નાય. નાવા નિરમાં રે.
સંત હરિજન ફરતા ગાય. નાવા નિરમાં રે.૧૦
આવ્યાં ગંગા થઇ ગુલતાન. નાવા નિરમાં રે.
સહુએ દીઠાં મૂરતિમાન. નાવા નિરમાં રે. ૧૧
માગ્યું કરજોડી હરિ પાસ. નાવા નિરમાં રે.
મુજને રાખો આહિં અવિનાશ. નાવા નિરમાં . ૧૨
રાખ્યાં ગંગાને તેહ ગામ. નાવા નિરમાં રે.
પછી બોલ્યા સુંદરશ્યામ. નાવા નિરમાં રે. ૧૩
જેહ પ્રીતેથી અહીયાં ન્હાશે. નાવા નિરમાં રે.
સર્વે તિર્થનું ફળ થાશે. નાવા નિરમાં રે. ૧૪
અહીયાં જેનું શ્રાદ્ધ સરાવે. નાવા નિરમાં રે.
તેની તુરત મુક્તિ થાવે. નાવા નિરમાં રે. ૧૫



એમ કહીને પૂરણચંદ. નાવા નિરમાં રે.
પાદશાહવાડી ગયા ગોવિંદ. નાવા નિરમાં રે. ૧૬
તેમાં આંબલો એક ભારી. નાવા નિરમાં રે.
તીહાં સભા કરી ગિરધારી. નાવા નિરમાં રે. ૧૭
ત્યાંથી ચાલ્યા પૂરણકામ. નાવા નિરમાં રે.
આવ્યા મંદિરમાં ઘનશ્યામ. નાવા નિરમાં રે. ૧૮
પ્રિત કરી જે ગરબો ગાશે. નાવા નિરમાં રે.
તેનાં પાતક પરલે થાશે. નાવા નિરમાં રે. ૧૯
બદ્રિનાથ કહે કર જોડ. નાવા નિરમાં રે.
રાજી રેજો શ્રી રણછોડ. નાવા નિરમાં રે. ૨૦

### રાગ ગરબો પદ – ૧

ગામ ડભાણમાં દેવ આવ્યા રે. સાંભળો સાહેલી.
સર્વે જન તણે મન ભાવ્યા રે. સાંભળો સાહેલી. ૧
કહું સંક્ષેપથી તેનો સાર રે. સાંભળો સાહેલી.
સૌ સાંભળજો કરી પ્યાર રે. સાંભળો સાહેલી. ૨
સદ્‌ગુરુ તે બલરામ દાસ રે. સાંભળો સાહેલી.
જેને હૈયે હરિનો નિવાસ રે. સાંભળો સાહેલી. ૩
જાણે વેદ પુરાણનો સાર રે. સાંભળો સાહેલી.
તેનો લેશ નહિ અહંકાર રે. સાંભળો સાહેલી. ૪
તેને સ્વપ્ન થયું એક દિન રે. સાંભળો સાહેલી.
થયાં શ્રીહરિનાં દર્શન રે. સાંભળો સાહેલી. ૫
પછી જાગ્યા થઈને ઉલાસ રે. સાંભળો સાહેલી.
દીઠો તેજ તણો પ્રકાશ રે. સાંભળો સાહેલી. ૬

તેજમાંહી દીઠા દિનોનાથ રે. સાંભળો સાહેલી.
નમ્યા વારંવાર જોડી હાથ રે. સાંભળો સાહેલી. ૭
પછી એમ બોલ્યા ભગવાન રે. સાંભળો સાહેલી.
કહું વાત ધરો તમે કાન રે. સાંભળો સાહેલી. ૮
દેશ ચડોતર સુખધામ રે. સાંભળો સાહેલી.
તેના મધ્યે છે ડભાણ ગામ રે. સાંભળો સાહેલી. ૯
તેમાં મેં કર્યા બહુ જગન રે. સાંભળો સાહેલી.
ખાધા ખુટ્યાં નહિ ઘૃત અન્ન રે. સાંભળો સાહેલી. ૧૦
વળી બહુ કરી ત્યાં લીળા રે. સાંભળો સાહેલી.
લઈ સંત હરિજન ભેળા રે. સાંભળો સાહેલી. ૧૧
જેવું કહીએ ગોકુલિયું ગામ રે. સાંભળો સાહેલી.
તેથી અધિક ડભાંણ ધામ રે. સાંભળો સાહેલી. ૧૨
માટે મંદિર કરો ત્યાં ભારી રે. સાંભળો સાહેલી.
જોઇ રાજી થાય નરનારી રે. સાંભળો સાહેલી. ૧૩
તેમાં રહીશ કરીને હું વાસ રે. સાંભળો સાહેલી.
પુરી કરીશ જનની આશ રે. સાંભળો સાહેલી. ૧૪
મારી ગાદિયું બે સુખ ધામ રે. સાંભળો સાહેલી.
શ્રીનગર વરતાલ ગામ રે. સાંભળો સાહેલી. ૧૫
તેમાં મોટી છે અમદાવાદ રે. સાંભળો સાહેલી.
તેના આચાર્ય કેશવપ્રસાદ રે. સાંભળો સાહેલી. ૧૬
તેને પ્રિતે ડભાણ તેડાવો રે. સાંભળો સાહેલી.
મારી મૂર્તિયું પધરાવો રે. સાંભળો સાહેલી. ૧૭



વળી ગણપતિને હનુમાન રે. સાંભળો સાહેલી.
શિવ ધરે નિત્ય મારું ધ્યાન રે. સાંભળો સાહેલી. ૧૮
એ આદિ મૂર્તિયું બેસારો રે. સાંભળો સાહેલી.
મારું વચન તમે દિલ ધારો રે. સાંભળો સાહેલી. ૧૯
એમ કહ્યું તે દિનેનાથે રે. સાંભળો સાહેલી.
લીધાં વચન ચડાવી માથે રે. સાંભળો સાહેલી. ૨૦
વળી એમ કહ્યું ભગવાન રે. સાંભળો સાહેલી.
સત્ય થાશે તમારાં વચન રે. સાંભળો સાહેલી. ૨૧
તમ પાસે રહેશે જેહ સંત રે. સાંભળો સાહેલી.
તેના ઉપર હું રાજી અત્યંત રે. સાંભળો સાહેલી. ૨૨
જેહ તમારી સહાયમાં રહેશે રે. સાંભળો સાહે.
તેહ મોટા તે સુખને લેશે રે. સાંભળો સાહેલી. ૨૩
એમ કહી પોતે ભગવાન રે. સાંભળો સાહેલી.
પછી થયા છે અંતરધ્યાન રે. સાંભળો સાહેલી. ૨૪
સુણી રાજી થયા મુનિરાય રે. સાંભળો સાહેલી.
ધારી વાત તે અંતર માંય રે. સાંભળો સાહેલી. ૨૫
પછી લઈ મુનિના વૃંદ રે. સાંભળો સાહેલી.
ગયા ડભાંણ અતિ આનંદ રે. સાંભળો સાહેલી. ૨૬
ત્યાં તેડાવ્યા રૂડા જોશી રે. સાંભળો સાહેલી.
આવ્યા પાઘુમાં ટીપણાં ખોસીરે. સાંભળો સાહે. ૨૭
જોઈ મૂહુર્તને નાખ્યા પાયા રે. સાંભળો સાહેલી.
રૂડા જન તણે મન ભાવ્યા રે. સાંભળો સાહેલી. ૨૮

અતિ હૈયામાં હેત વધારી રે. સાંભળો સાહેલી.
કર્યું મંદિર મનોહર ભારી રે. સાંભળો સાહેલી. ૨૯
અડ્યાં શિખર તેનાં ગગન રે. સાંભળો સાહેલી.
જોઈને જન થાય મગન રે. સાંભળો સાહેલી. ૩૦
વળી સભા મંડપ કર્યો સારો રે. સાંભળો સાહે.
જેમાં બેસે તે જન હજારો રે. સાંભળો સાહેલી. ૩૧
હરિજન સારુ સુખકારી રે. સાંભળો સાહેલી.
કરી જાયગા સુંદર ભારી રે. સાંભળો સાહેલી. ૩૨
શાલ છાસઠમાં ભગવાન રે. સાંભળો સાહેલી.
મુખે બોલ્યાતા એમ વચન રે. સાંભળો સાહેલી. ૩૩
આ ગામ મધ્યે સુખકારી રે. સાંભળો સાહેલી.
થાશે મંદિર અતિશે ભારી રે. સાંભળો સાહેલી. ૩૪
તે સત્ય વચન થયું આજ રે. સાંભળો સાહેલી.
બહુ જન તણાં સર્યાં કાજ રે. સાંભળો સાહેલી. ૩૫
પછી વિચાર્યું બલરામદાસે રે. સાંભળો સાહેલી.
આણિ અંતરમાં ઉલાસે રે. સાંભળો સાહેલી. ૩૬
થયું મંદિર અતિ મન ભાવ્યું રે. સાંભળો સાહે.
હવે મૂરતિયું પધરાવું રે. સાંભળો સાહેલી. ૩૭
પછી કાશીના જોશી તેડાવ્યા રે. સાંભળો સાહેલી.
વળી શ્રીનગરના પણ આવ્યા રે. સાંભળો સાહે. ૩૮
શહેર વડોદરું ને સુરત રે. સાંભળો સાહેલી.
આવ્યા મુંબઈના જોવા મૂહુર્ત રે. સાંભળો સાહે. ૩૯



જોયું મૂહુર્ત અતિ સરસ રે. સાંભળો સાહેલી.
આવ્યું વૈશાખ સુદિ તેરશ રે. સાંભળો સાહેલી. ૪૦
પછી કંકોતરિયું લખાવી રે. સાંભળો સાહેલી.
સોના અક્ષરથી શોભાવી રે. સાંભળો સાહેલી. ૪૧
છાંટી કંકુ લખ્યાં શિરનામ રે. સાંભળો સાહેલી.
તેને મોકલી ગામો ગામ રે. સાંભળો સાહેલી. ૪૨
મોટા પાટણ શહેર નગર રે. સાંભળો સાહેલી.
ગયા ત્યાં પણ લઈને વિપર રે. સાંભળો સાહેલી. ૪૩
સુણી જન થયા બહુ રાજી રે. સાંભળો સાહેલી.
ગામોગામ રહી વાત ગાજી રે. સાંભળો સાહે. ૪૪
દેશ દેશ થઈ સંત આવે રે. સાંભળો સાહેલી.
કે'તાં શેષજી પાર ન પાવે રે. સાંભળો સાહેલી. ૪૫
પછી આચારજ મહા ધિર રે. સાંભળો સાહેલી.
રૂડા ગુણે કરી ગંભીર રે. સાંભળો સાહેલી. ૪૬
નામ કેશવપ્રસાદજી કહીએ રે. સાંભળો સાહેલી.
જેની બુદ્ધિનો પાર ન લઈએ રે. સાંભળો સાહે. ૪૭
તેને તેડવા રૂડે દિન રે. સાંભળો સાહેલી.
ગયા મોટા મોટા અમિન રે. સાંભળો સાહેલી. ૪૮
જઈ નમ્યું ચરણમાં માથ રે. સાંભળો સાહેલી.
કરી વિનતિ જોડીને હાથ રે. સાંભળો સાહેલી. ૪૯
સુણી વાતને કર્યો વિચાર રે. સાંભળો સાહેલી.
થયા રૂડે દિને તૈયાર રે. સાંભળો સાહેલી. ૫૦

સંત પાળાને સૌ બ્રહ્મચારી રે. સાંભળો સાહેલી.
ધર્મકુળે કરી તૈયારી રે. સાંભળો સાહેલી. ૫૧
પછી ખબર થઇ શહેરમાંઇ રે. સાંભળો સાહેલી.
થયા તૈયાર સહુ બાઇ ભાઇ રે. સાંભળો સાહે. ૫૨
શણગાર્યા હાથી ને ઘોડા રે. સાંભળો સાહેલી.
ઘણા ઘમકે ઘુઘરા તોડા રે. સાંભળો સાહેલી. ૫૩
લીધા તંબુને રાવટી ડેરા રે. સાંભળો સાહેલી.
રથ મેનામાં સંત મોટેરા રે. સાંભળો સાહેલી. ૫૪
ઘણા શોભે સંગે અસવાર રે. સાંભળો સાહેલી.
ઘોડાગાડી તણો નહિ પાર રે. સાંભળો સાહેલી. ૫૫
બીજા સંત પાળા હરિજન રે. સાંભળો સાહેલી.
ચાલ્યા સંગે ગાતા કિર્તન રે. સાંભળો સાહેલી. ૫૬
વાજે વાજાં અતિઘણે તાન રે. સાંભળો સાહેલી.
સુણે જન ભૂલે ખાન પાન રે. સાંભળો સાહેલી. ૫૭
પેલું મુકામ ગામડિમાં કીધું રે. સાંભળો સાહેલી.
હરિજનને સુખ બહુ દીધું રે. સાંભળો સાહેલી. ૫૮
બીજું મેમદાવાદે મુકામ રે. સાંભળો સાહેલી.
આવ્યું સામૈયે સઘળું ગામ રે. સાંભળો સાહેલી. ૫૯
વાજે વાજાંને ગાય કિર્તન રે. સાંભળો સાહેલી.
સર્વે જન કહે ધન્ય ધન્ય રે. સાંભળો સાહેલી. ૬૦
જમી રસોઇ ને રહ્યા રાત રે. સાંભળો સાહેલી.
પછી પ્રિતે ચાલ્યા પ્રભાત રે. સાંભળો સાહેલી. ૬૧



ગયા ડભાંણની સિમ પાસે રે. સાંભળો સાહેલી.
કર્યા જને ભડાકા ઉલ્લાસે રે. સાંભળો સાહેલી. ૬૨
ઢોલ ત્રાંસા ને શરણાઇ વાજે રે. સાંભળો સાહે.
નગારાં ને નોબતું ગાજે રે. સાંભળો સાહેલી. ૬૩
વાગે ડંકા ને ઉડે નિશાન રે. સાંભળો સાહેલી.
થાય ગવૈયાનાં બહુ ગાન રે. સાંભળો સાહેલી. ૬૪
ઝાંઝ પખાજ ને મોરચંગ રે. સાંભળો સાહેલી.
હરિજન વજાવે ઉમંગ રે. સાંભળો સાહેલી. ૬૫
ડફ ભેરીને પડઘમ બોલે રે. સાંભળો સાહેલી.
સુણી શેષ પાતાલમાં ડોલે રે. સાંભળો સાહેલી. ૬૬
ઘુમે ઘોડાતણી ઘમસાણ રે. સાંભળો સાહેલી.
થયું ચારે દિશામાં જાણ રે. સાંભળો સાહેલી. ૬૭
લાખુ જન સામૈયે આવ્યા રે. સાંભળો સાહેલી.
બહુ ભેટ સામગ્રી લાવ્યા રે. સાંભળો સાહેલી. ૬૮
હાર તોરા ને ગજરા ધરાવ્યા રે. સાંભળો સાહે.
બહુ મુંઘે મોતીડે વધાવ્યા રે. સાંભળો સાહેલી. ૬૯
જરિયાને ઝુલે ગજ શોભે રે. સાંભળો સાહેલી.
સોના અંબાડિ જોઇ મન લોભે રે. સાંભળો સા. ૭૦
રાજે કેશવપ્રસાદ તે માથે રે. સાંભળો સાહેલી.
પુરુષોત્તમપ્રસાદ છે સાથે રે. સાંભળો સાહેલી. ૭૧
થાયે ચમર બોલે ચોપદાર રે. સાંભળો સાહેલી.
આગે પોલિસ પાળા અપાર રે. સાંભળો સાહે. ૭૨

થાય ઉછ્વ ને ઉડે ગુલાલ રે. સાંભળો સાહેલી.
ધીમે ધીમે ચાલે સહુ ચાલ રે. સાંભળો સાહેલી. ૭૩
આવી ડેરાં ડભાંણમાં કીધાં રે. સાંભળો સાહેલી.
હરિજને બહુ સુખ લીધાં રે. સાંભળો સાહેલી. ૭૪
જોવા મૂહુર્ત જોષી તેડાવ્યા રે. સાંભળો સાહેલી.
રૂડે દિન દેવ પધરાવ્યા રે. સાંભળો સાહેલી. ૭૫
શાલ તેંતાલિ વૈશાખ માસ રે. સાંભળો સાહેલી.
શુદિ તેરસે કરી હુલ્લાસ રે. સાંભળો સાહેલી. ૭૬
વેદ વિધિ કરી અતિ ભારી રે. સાંભળો સાહેલી.
રૂડી મૂર્તિયું પધરાવી રે. સાંભળો સાહેલી. ૭૭
લક્ષ્મીનાથ ને રણછોડરાય રે. સાંભળો સાહેલી.
શોભે મધ્યના મંદિરમાંય રે. સાંભળો સાહેલી. ૭૮
રાજે દક્ષિણ મંદિર હરિકૃષ્ણ રે. સાંભળો સાહે.
જોડે શોભે છે રાધા ને કૃષ્ણ રે. સાંભળો સાહે. ૭૯
વામ બાજુના મંદિરમાંય રે. સાંભળો સાહેલી.
ધર્મ-ભક્તિ બિરાજે ત્યાંય રે. સાંભળો સાહેલી. ૮૦
શિવ શોભે સતિ લઈ સાથ રે. સાંભળો સાહેલી.
નર નારી નમે જોડી હાથ રે. સાંભળો સાહેલી. ૮૧
વળી ગદા લઈ હનુમાન રે. સાંભળો સાહેલી.
રહ્યા સમીપમાં સાવધાન રે. સાંભળો સાહેલી. ૮૨
સુખકારી શોભે ગણપતિ રે. સાંભળો સાહેલી.
કરે વિઘ્ન તણો નાશ અતિ રે. સાંભળો સાહેલી. ૮૩



એહ મૂરતિયું બે સારી રે. સાંભળો સાહેલી.
જોઈ રાજી થયા નર નારી રે. સાંભળો સાહેલી. ૮૪
દરવાજે ચોઘડીયાં વાગે રે. સાંભળો સાહેલી.
શરણાઈ સુણિને શેષ જાગે રે. સાંભળો સાહેલી. ૮૫
દેવે વજાવ્યાં દુદુંભી આવી રે. સાંભળો સાહેલી.
કરી પુષ્પવૃષ્ટિ મન ભાવી રે. સાંભળો સાહેલી. ૮૬
છાયાં આકાશમાંહી વિમાન રે. સાંભળો સાહે.
નાચે અપ્સરા કરી ગાન રે. સાંભળો સાહેલી. ૮૭
પછી યજ્ઞ કર્યો અતિ ભારી રે. સાંભળો સાહે.
તેમાં જમાડ્યાં બહુ નરનારી રે. સાંભળો સાહે. ૮૮
દીધાં દાન દક્ષિણા અપાર રે. સાંભળો સાહેલી.
થયો દેશમાં જય જયકાર રે. સાંભળો સાહેલી. ૮૯
બહુ વાજાં આનંદનાં વાગ્યાં રે. સાંભળો સાહે.
હરિજન તણાં દુઃખ ભાગ્યાં રે. સાંભળો સાહે. ૯૦
દઈ ડંકો કેશવપ્રસાદ રે. સાંભળો સાહેલી.
પાછા પધાર્યા અમદાવાદ રે. સાંભળો સાહેલી. ૯૧
ધન્ય ધન્ય ડભાણને કહીએ રે. સાંભળો સાહે.
જેના મહિમાનો પાર ન લઈએ રે. સાંભળો સાહે. ૯૨
જેહ ભાવે કરી ત્યાં જાશે રે. સાંભળો સાહેલી.
તેને સરવે તિરથ ફળ થાશે રે. સાંભળો સાહેલી. ૯૩
ત્યાં જઈને જે સંત જમાડે રે. સાંભળો સાહેલી.
વળી હેતેથી વસ્ત્ર ઓઢાડે રે. સાંભળો સાહેલી. ૯૪

તેનું પૂન્ય અક્ષય તેને થાય રે. સાંભળો સાહેલી.
એમ મોટા મુનિવર ગાય રે. સાંભળો સાહેલી. ૯૫
ગાયો ગરબો મતિ અનુસાર રે. સાંભળો સાહે.
રૂડા જન ગાશે કરી પ્યાર રે. સાંભળો સાહેલી. ૯૬
જે પ્રિતેથી ગરબો ગાશે રે. સાંભળો સાહેલી.
તેનાં પાપ સરવે બળી જાશે રે. સાંભળો સાહેલી. ૯૭
વળી સાંભળશે કરી પ્યાર રે. સાંભળો સાહેલી.
તેહ જન થાશે ભવપાર રે. સાંભળો સાહેલી. ૯૮
જેહ ભાવે લખે લખાવે રે. સાંભળો સાહેલી.
તેહ સુખી સંસારમાં થાવે રે. સાંભળો સાહેલી. ૯૯
સુણિ રાજી રેજો મુજ માથ રે. સાંભળો સાહેલી.
દાસ કહે છે બદ્રિનાથ રે. સાંભળો સાહેલી. ૧૦૦

### ઇતિ ગરબો સંપૂર્ણ

### અથ પત્ર લિખ્યતે દોહા

સ્વસ્તિ શુભ શ્રી નગ્રહે, બદ્રિપતિકો ધામ,
તિહાં બિરાજી પ્રિતસે, સમરત શ્રી ઘનશ્યામ. ૧
પરમ પવિત્રોત્તમ અતિ, સકલ ગુણ નિધાન,
ધર્મધુરંધર ધર્મ કે, રક્ષક આપ નિદાન. ૨

### છંદ

સબ ગુણ ધામં, રંચ ન ખામં, શોભિત નામં, સબકે શામં. ૩
પરહિતકારી, પરદુઃખહારી, પરોપકારી, ધિરજધારી. ૪
સંતસે યારી, અતિ ઉદારી, સદ્ગુન ભારી, નહિ અહંકારી. ૫



જાને સબ નિતિ, અતિ પુનિતિ, સબસે પ્રિતિ, નહિ અનિતિ. ૬
આપે નિરમાની, કરે સનમાની, જ્ઞાનકે દાની, રહેવે ધ્યાની. ૭

### રાગ માલીગાડો પદ - ૧

છપૈયે પ્રગટ થયા ઘનશ્યામ, ભાવે કરી ભક્તિ ધરમને ધામ. છપૈ.
સંવત્ અઢાર સાડત્રિશો સાલ, ચૈત્ર સુદિ નવમી રૂડો સોમવાર;
દશ ઘડી રાત્રે થયો અવતાર. છપૈયે. ૧
ભવ બ્રહ્મા દેવ આવ્યા તિયાં દોડી, કરે ઘણી વિનંતી બેઉ કર જોડી;
ભલે આવ્યા ઉધ્ધારવા જન ક્રોડી. છપૈયે. ૨
વાજે ઘણાં દેવનાં વાજાં ગગન, કરે સુર પુષ્પની વૃષ્ટિ સઘન;
નાચે અપસરા થઈને મગન. છપૈયે. ૩
નૃત્ય કરી નારદ વિણા બજાવે, સિધ્ધ ચારણ ગાંધર્વ તે ગુણ ગાવે;
દાસ બદ્રિનાથ બલિહારી જાવે. છપૈયે. ૪

### પદ - ૨

છપૈયે આનંદ વાધ્યો અપાર,
વાજે ઘણાં વાજાં ધરમને દ્વાર. છપૈયે.
છપૈયાની માનની મંગળ ગાવે, શણગાર સારા શરીરે બનાવે;
ગુણ ગાતી ગાતી ધરમ ઘેર જાવે. છપૈયે. ૧
શ્યામ મુખ જોઈને અતિ સુખ પાવે, મોંઘે મુલે મોતીડે કરી વધાવે;
વારે વારે વાલાને વારણે જાવે. છપૈયે. ૨
ખમાં ખમાં ઘણું જીવો ઘનશ્યામ, કરો તમે રક્ષા અમારી અકામ;
એમ કહી રમાડે છે આઠું જામ. છપૈયે. ૩
જયજયકાર થયો ત્રિભુવન, છપૈયામાં લીલા કરે છે જીવન;
દાસ બદ્રિનાથ કહે ધન્ય ધન્ય. છપૈયે. ૪

## પદ – ૩

વાલમજી જીવો ઘણું ઘનશ્યામ,
પ્રેમવતી જોઈ જીવે આઠું જામ. વાલમજી.
માતા પિતા પ્રિત કરીને બોલાવે, વિધવિધ ભોજન ભાવે જમાડે;
બહુ રૂડાં વસ્ત્ર ઘરેણાં પહેરાવે. વાલમજી. ૧
શોભે ઘણી સુંથણલી બુટ્ટાદાર, હિરના ચિર ઝમકે સોનેરી તાર;
અંગરખી અંગમાં ઓપતી અપાર. વાલમજી. ૨
માતાજીએ ટોપી પહેરાવી છે માથ, પોંચી કડાં હેમ જડાવનાં હાથ;
મંદ મંદ મુખે હસે દીનોનાથ. વાલમજી. ૩
કંઠે કંઠી મોતીમાળા હેમહાર, પાયે તોડા ઝાંઝરનો ઝમકાર;
જોઈ બદ્રિનાથ જાયે બલિહાર. વાલમજી. ૪

## પદ – ૪

પાતળીયો પ્રાણ થકી સૌને પ્યારો.
બાલમળી ખેલાવે ધર્મદુલારો. પાતળીયો.
સખા મળી શ્યામને લઈ ગયા વન, અતિ ઘણું ઝાડે કરીને સઘન;
તેમાં એક આંબો છે દૈયો પાવન. પાતળી. ૧
જમ્યા તેનાં ફળ કરીને હુલ્લાસ, સખા સંગે શ્યામ કરે બહુ હાસ;
આવ્યો કાળિદત્ત તેનો કર્યો નાશ. પાતળીયો. ૨
રમ્યા જીયાં આંબલી પિપલી શ્યામ, લાગ્યો ખાંપો સાથળમાં તેહ ઠામ;
પડ્યું તેનું ખાંપાતલાવડી નામ. પાતળીયો. ૩
કૂવો એક ભૂતિયો શોભા અપાર, કર્યો તેને ગંગા ગોમતીની હાર;
બદ્રિનાથ કહે નાય તે પામે પાર. પાતળીયો. ૪



## પદ – ૫

શામળિયો ખેલ ખેલે સખા સાથ.
છપૈયામાં અનંત ભુવનનો નાથ. શામળિયો.
સખા સંગે નારાયણસર નાય, ડુબકી મારી જલમાંય સંતાય;
પુષ્પ વૃષ્ટિ કરે દેવ હરખાય. શામળિયો. ૧
એક દિન જાંબુડે ગયા ગોપાળ, પોતા સંગે લઈ નાના નાના બાળ;
આવ્યો મલ્લ તેને કર્યો બેહાલ. શામળિયો. ૨
ગાયું ગઉઘાટે ચારવાને જાય, બાલક્રીડા કરી વનફળ ખાય;
સખા સંગે નિત્યે નદીમાંય નાય. શામળિયો. ૩
એવી ઘણી લીલા કરે ઘનશ્યામ, જેહ જન સુંણે તેનાં થાય કામ;
દાસ બદ્રીનાથ રટે આઠું જામ. શામળિયો. ૪

## રાગ ગરબી – પદ – ૧

શ્યામના દર્શન કરીએ સાહેલી, શ્યામનાં દર્શન કરીએ રે;
ચાલો છપૈયા શહેરમાં જઈએ. શ્યામનાં. ટેક.
શણગાર સારા સજ્યા શામળિયે, નીરખી અંતર ઠરીએ;
નીરખી અંતર ઠરીએ સાહેલી. શ્યામનાં. ૧
જામો જરીનો પાઘ સોનેરી, તેમાં તોરા ધરીએ રે. શ્યામનાં. ૨
સુંથણલી સારી હીરની નાડી, ફુમકાં ફુલ્યાં જરીએ રે. શ્યા. ૩
હાર હજારી પહેર્યો પાતળીયે, ઉર શોભે ઉતરીએ રે. શ્યામ. ૪
પુંચી કડાં નંગ જડીયલ બાજુ, વેઢ વીંટી આંગળીએ રે. શ્યા. ૫
ઘુઘરા ઘમકે પગમાં તોડા, ચાલે ચટક ચાખડીએ રે. શ્યામ. ૬
દાસ બદ્રિનાથ કહે કરજોડી, ચાલો ચરણમાં પડીએ રે. શ્યા. ૭

**પદ – ૨**

જન્મ સુફળ થયો આજ સાહેલી,
છેલ છબીલા શ્યામને નીરખી રે. જન્મ.
ધામ છપૈયે આવીને આપણાં, સર્યાં તે સર્વે કાજ રે. જન્મ. ૧
ધન્ય ધન્ય આજ ઘડી સાહેલી, ધન્ય જોયા મહારાજ રે. જ. ૨
હેતે હરિગુણ ગાઈએ મારી બેની, લોક તણી તજી લાજ રે. જ. ૩
નારાયણસર નાહીએ સાહેલી, જેમાં નાહ્યા મહારાજ રે. જ. ૪
અડસઠ તીરથ આવી વસ્યાં છે, નારાયણસર આજ રે. જ. ૫
ધામ છપૈયે જે જન જાવે, તેનાં સરે સહુ કાજ રે. જન્મ. ૬
દાસ બદ્રિનાથ શ્યામ ચરણમાં, રહ્યો તજી લોક લાજ રે. જ. ૭

**પદ – ૩**

ધન્ય છપૈયા ધામ સાહેલી ધન્ય.
જગનો જીવનજી જીયાં પધાર્યા ધન્ય.
ભક્તિ ધરમના પુત્ર થઈને, નામ ધર્યું ઘનશ્યામ રે. ધન્ય. ૧
સખા સંગાથે ખેલ કર્યાની, અંતરમાં ઘણી હામ રે. ધન્ય. ૨
આંબા વાડીમાં રમવા કાજે, ગયા સુખે અભીરામ રે. ધન્ય. ૩
કાલીદત્ત ત્યાં કપટ કરીને, આવ્યો તે કરવા કામ રે. ધન્ય. ૪
અંતરજામી અંતરની જાણી, તેને માર્યો તેહ ઠામ રે. ધન્ય. ૫
તીરે તળાવને રમતાં વાગ્યો, ખાંપો સાથળમાં શ્યામ રે. ધ. ૬
બદ્રિનાથ કહે તેનું પડ્યું છે, ખાંપા તલાવડી નામ રે. ધન્ય. ૭

**પદ – ૪**

નારાયણસર નાય રસીલો, નારાયણસર નાય રે



સખા સંગાથે ખેલ કરીને. નારાયણ.
સખા તે શ્યામને ઝાલવા જાય તો, ડુબકી મારીને સંતાય રે. ના.૧
કાન કુંવરને નાતા જોઈને, જન રાજી બહુ થાય રે. નારા. ૨
દેવ વજાવે દુંદુભી વાજાં, પુષ્પ વૃષ્ટિ બહુ થાય રે. નારા. ૩
આકાશમાં અપસરા આવી, ગુણ ગોવિંદના ગાય રે. નારા. ૪
જગના જીવનની લીલા જોઈને, શંકર સુખીયા થાય રે. ના. ૫
નારદ નૌતમ વિણા બજાવે, તુંબરુ તાનમાં ગાય રે. નારા. ૬
દાસ બદ્રિનાથ શ્યામની ઉપર, તન મન વારી જાય રે. ના. ૭

**રાગ ગરબી પદ – ૧**

હરિકૃષ્ણ કૃપા કરી ઉરમાં રે,
થયા પ્રગટ છપૈયા પુરમાં રે. હરિકૃષ્ણ. ટેક.
વાલે જન્મ ધર્યો ધર્મ ધામમાં રે,
થયો આનંદ છપૈયા ગામમાં રે. હરિકૃષ્ણ. ૧
ભવ બ્રહ્માદિ દર્શને આવીયા રે,
કરી પુષ્પની વૃષ્ટિએ વધાવીયા રે. હરિકૃષ્ણ. ૨
દેવ દુંદુભી નગારાં ગડગડે રે,
વેદ વંદના કરી પાવમાં પડે રે. હરિકૃષ્ણ. ૩
વળી વાજાં વાગે બહુ બારણે રે,
દાસ બદ્રિનાથ જાય વારણે રે. હરિકૃષ્ણ. ૪

**પદ – ૨**

બાલ લીલા કરે છે બહુ ભાતની રે,
જોઈ રાજી થાય ઘણું માતની રે. બાલ.

કાલું બોલી માગે છે દહીં દૂધને રે,
કરે સખા સંગાથે મલ્લ યુદ્ધને રે. બાલ. ૧
વળી જાંબુડે ગયા જાંબુ જમવા રે,
મોટો દૈત્ય હતો તેને દમવા રે. બાલ. ૨
મહા મલ્લ જાંબુડેથી પાડીયો રે,
તેનો ખભો ખેંચીને ઉખાડીયો રે. બાલ. ૩
કલા કરી કાલીદત્ત મારીયો રે,
દાસ બદ્રિનાથને ઉદ્ધારીયો રે. બાલ. ૪

### પદ – ૩

વારી જાઉં રે નારાયણ સરને રે,
બહુ તાર્યા પાપી નારીનરને રે. વારી.
શેષ શારદ નારદ જેને ગાય છે રે,
તેહ પ્રગટ પ્રભુ જેમાં નાય છે રે. વારી. ૧
સર્વે તીરથ વસ્યાં તેના તીરમાં રે,
ઘનશ્યામ નાહ્યા જેના નિરમાં રે. વારી. ૨
વારે વારે વાલો તેમાં નાય છે રે,
દેવ દુંદુભી વજાવી ગુણ ગાય છે રે. વારી. ૩
બાલ લીલામાં રહે સહુ મોહીને રે,
દાસ બદ્રિનાથ જીવે જોઇને રે. વારી. ૪

### પદ – ૪

વાલો ગૌ ઘાટે જાય ગાયું ચારવા રે,
કેક પાપી પતિતને ઉદ્ધારવા રે. વાલો.



સખા સર્વે મળીને જાય સંગમાં રે,
ધેનું ચારે અતિ ઉમંગમાં રે. વાલો. ૧
વાલો ગાયું ચારે ને ગાય ગીતને રે,
સુણે બ્રહ્માદિ દેવ દઇ ચિત્તને રે. વાલો. ૨
નીર નદીનું નિરમલ જોઇને રે,
તેમાં નાતા નિઃશંક અતિ હોઇને રે. વાલો. ૩
વળી સખા સંગાથે નિત્ય નાય છે રે,
દાસ બદ્રિનાથ વારી જાય છે રે. વાલો. ૪

### રાગ ગરબી પદ – ૧

સખી ચાલો છપૈયા ગામ જાઇયે જોવાને,
ત્યાં શોભે છે શ્રી ઘનશ્યામ. જાઇયે. ૧
તેમાં મંદિર મણીમય સાર. જાઇયે.
તેની શોભા તણો નહિ પાર. જાઇયે. ૨
કાજુ કનકનું સિંહાસન. જાઇયે.
માંઇ જડ્યાં બેઉ રતન. જાઇયે. ૩
વળી હીરા તણી બહુ હાર. જાઇયે.
મણી માણેક જડ્યા અપાર. જાઇયે. ૪
તેના ઉપર શોભે સુખધામ. જાઇયે.
દાસ બદ્રિનાથનો શ્યામ. જાઇયે. ૫

### પદ – ૨

સારી શોભા કહું વળી આજ. સાંભળો સાહેલી.
રૂડા શોભે છે શ્રી મહારાજ. સાંભળો. ૧

સુંથણલી શોભે સાર. સાંભળો.
પાય ઝાંઝરનો ઝમકાર. સાંભળો. ૨
પેર્યો જામો નંદનો લાલ. સાંભળો.
કાજુ કરમાં રેશમી રુમાલ. સાંભળો. ૩
પેર્યા કનક કડાં બેઉ હાથ. સાંભળો.
વળી પોંચી પેરી મારે નાથ. સાંભળો. ૪
જોઈ બદ્રિનાથનો શ્યામ. સાંભળો.
રાખો અંતરમાં આઠું જામ. સાંભળો. ૫

### પદ – ૩

વળી નેણાં ભરીને આજ. જુવો જીવનને.
મેલી લોક તણી તે લાજ. જુવો. ૧
બાંયે બાંધ્યા છે બાજુબંધ. જુવો.
સારું શેલું શોભે છે સ્કંધ. જુવો. ૨
હૈયે પેર્યો છે હેમનો હાર. જુવો.
માળા મોતીની શોભે અપાર. જુવો. ૩
કંબુ કંઠે શોભે મણી નીલ. જુવો.
દાઢી હેઠે છે શ્યામને તીલ. જુવો. ૪
જોઈ વાલાનું રૂડું અંગ. જુવો.
દાસ બદ્રિનાથ મગન. જુવો. ૫

### પદ – ૪

મંદ મંદ હસે છે માવ, જોઈને જીવું છું.
આજ આવ્યો અલોકિક લાવ. જોઈને. ૧



શોભે અધર પ્રવાલાં લાલ. જોઈને.
વળી શોભે છે સુંદર ગાલ. જોઈને. ૨
કાજુ દાડમ કલિ જેવા દાંત. જોઈને.
જોઈ પામે જન શાંત. જોઈને. ૩
રૂડી નાસિકા કિર સમાન. જોઈને.
લોચનિયાં તિખાં બાંણ. જોઈને. ૪
શિર સોનેરી પાઘ સોહાય. જોઈને.
જોઈ બદ્રિનાથ વારિ જાય. જોઈને. ૫

### રાગ ગરબી પદ – ૧

ધન્ય ધન્ય છપૈયાપુર ધામને જો.
વાલું લાગ્યું તે શ્રી ઘનશ્યામને જો. ધન્ય.
વાલો અક્ષર થકી જીયાં આવિયા જો,
ભક્તિ ધર્મ તણા સુત કાવિયા જો. ધન્ય. ૧
તેમાં મંદિર મણિમય શોભતું જો,
બ્રહ્મમોલ થકી અતિ ઓપતું જો. ધન્ય. ૨
ધન્ય કૈંયે છપૈયા લોકને જો,
ધન્ય બહિરી બજારના ચોકને જો. ધન્ય. ૩
ધન્ય બાગ બગીચા મન ગમતા જો,
શ્યામ સખા સંગ ત્યાં રમતા જો. ધન્ય. ૪
ધન્ય ધર્મ તણો રંગ રસીયો જો,
દાસ બદ્રિનાથને દીલ વસીયો જો. ધન્ય. ૫

## પદ – ૨

વારી જાઉં રે સુંદર ઘનશ્યામને જો.
ચારે વેદ વંદે જેના નામને જો. વારી.
વાલો છપૈયે રહ્યા કરી વાસને જો;
સુખ આપ્યાં અતિઘણાં દાસને જો. વારી. ૧
રૂડું રતન સિંહાસન શ્યામનું જો,
સર્વ શોભાતણું તેહ ધામનું જો. વારી. ૨
રાજે રાજાધિરાજ તેના ઉપરે જો,
સારું શોભે છે શ્યામ સ્વરૂપ રે જો. વારી. ૩
ત્યાં ત્રાંબા નોબતું બહુ ગડગડે જો,
ચોઘડીયે રૂડાં ડંકા પડે જો. વારી. ૪
ગાન ગવૈયા અહોનીશ ગાય છે જો,
દાસ બદ્રિનાથ વારી જાય છે જો. વારી. ૫

## પદ – ૩

જેહ જન છપૈયાપુર જાય છે જો,
તેનાં પાપ પ્રલે સર્વે થાય છે જો. જેહ.
ઘનશ્યામ સુંદર જોયા જે જને જો,
કુલ તાર્યા એકોતેર તે જને જો. જેહ. ૧
છાપ છપૈયામાં લે શુદ્ધ હોઈને જો,
જમદૂત ડરે તેને જોઈને જો. જેહ. ૨
તિયાં શ્રાદ્ધ સરાવી દીયે પિંડને જો,
તેના પિત્રિ પામે ગોવિંદને જો. જેહ. ૩



ત્યાં સંતને જમાડી રાજી થાય છે જો,
તેને પૂન્ય હજારગણું થાય છે જો. જેહ. ૪
એવો મહિમા મોટો તેહ ધામનો જો,
દાસ બદ્રિનાથ કહે ઘનશ્યામનો જો. જેહ. ૫

## પદ – ૪

સર્વે ધામમાં શીરોમણી ધામ છે જો,
એવું જાણો છપૈયા રૂડું ગામ છે જો. સર્વે.
વસે તેત્રીસ કરોડ ત્યાં દેવતા જો,
ઘનશ્યામનાં ચરણ રોજ સેવતા જો. સર્વે. ૧
સર્વે તીરથ રહ્યાં તેના તીરમાં જો,
વળી નારાયણસરના નીરમાં જો. સર્વે. ૨
જેહ જન છપૈયા કહે મુખથી જો,
તેહ તુરત તરે સર્વે દુઃખથી જો. સર્વે. ૩
તેહ ધામનો મહિમા શું હું વર્ણવું જો,
ત્યાં જાય તેને ચરણે નમું જો. સર્વે. ૪
વળી છપૈયા જાવાનું જેને મન છે જો,
બદ્રિનાથ કહે તેને ધન્ય છે જો. સર્વે. ૫

## રાગ ગરબી પદ – ૧

પુરણબ્રહ્મ પુરુષોત્તમ પોતે, કૃપા કરીને આજ જીરે
ભક્તિ ધરમને ઘેર પ્રગટ્યા, જન ઊદ્ધારવા કાજ રે
ધામ છપૈયા જીરે. ૧
સંવત્ અઢાર સાડત્રિસો વર્ષ, ચૈત્ર શુદિ નોમ કહીએ જીરે;

દશ ઘડી રાત જાતે પ્રગટ્યા, સોમવાર શુભ લઈએ રે. ધામ. ૨
ભવ બ્રહ્માદિક ભાવ કરીને, આવ્યા પ્રભુજી પાસ જીરે;
કર જોડી સૌએ વિનંતી કીધી, હૈયે લાવી ઉલાસ રે. ધામ. ૩
અપસરા ગણ નૃત્ય કરે છે, ભાવ ભરી દિલ સાચે જીરે;
નારદ નૌતમ વિણા વજાવે, શિવજી થેઈ થેઈ નાચે રે. ધામ. ૪
દેવ વજાવે દુંદુભી વાજાં, સિદ્ધ ચારણ ગુણ ગાવે જીરે;
દાસ બદ્રિનાથના શ્યામ ઉપરે, પુષ્પ વૃષ્ટિ વરસાવે રે. ધામ. ૫

### પદ – ૨

છેલ છપૈયે પ્રગટ થયા જોઈ, જન મન મોદ ન માય જીરે;
જય જયકાર થયો ત્રિભુવનમાં, ઘેર ઘેર મંગલ ગાય રે;
આનંદ વાધ્યો જીરે. ૧
ધરમદેવ ઘેર નોબત્ય વાગે, ઘર ઘર વાગે વધાઈ જીરે;
મુનિવર સુંદર આશિષ આપી, મગન થયા મનમાંહી રે. આ. ૨
છપૈયા શહેરની સુંદરી સરવે, શણગાર સારા બનાવી જીરે;
રમઝમ કરતી મંગલ ગાતી, ધરમદેવ ઘરે આવી રે. આનંદ. ૩
માવાનું મુખ જોઈ આનંદ પામે, મોંઘે મોતીડે વધાવે જીરે;
વાલાનાં વારે વારે વારણાં લઈને, ગીત મધુરાં ગાવે રે. આ. ૪
ખમા ખમા ઘનશ્યામ જીવો ઘણું, ભાવ કરી એમ ભાખે જીરે;
દાસ બદ્રિનાથ શ્યામ છબી પર, પ્રાણ વારી વારી નાખે રે. આ.૫

### પદ – ૩

પ્રેમવતી અતિ પ્રિત કરીને, શ્યામ સુંદરને બોલાવે જીરે;



વિવિધ ભોજન ભાવે જમાડી, વસ્ત્ર ઘરેણાં પહેરાવે રે;
પ્રિતમ પ્યારાને. ૧
સુંથણલી સારી હીરની નાડી, ફુંમકે સોનેરી તાર જીરે;
બુટાદાર અંગરખી અંગે, ઓપે છે અપાર રે. પ્રિતમ. ૨
બાંયે બાજુબંધ બેરખા બાંધી, મંદ મંદ હસે નાથ જીરે;
માતાજીએ માથે ટોપી પહેરાવી, હેમ કડાં હાથ રે. પ્રિતમ. ૩
કંઠે કંઠી મોતીની માળા, હેમ હાર ચિત લોભે જીરે;
પગમાં તોડા ઝાંઝર ઝમકે, કંદોરો અતિ ઓપે રે. પ્રિતમ. ૪
છેલ છબિલાની મૂર્તિ જોઈને, મોહી રહે નરનારી જીરે;
દાસ બદ્રિનાથ શ્યામને નીરખી, સર્વસ્વ નાખે વારી રે. પ્રિ. ૫

### પદ – ૪

પ્રાણ જીવનને પ્રિત કરીને, માનીનિ મળિને ખેલાવે જીરે;
શ્યામ સુંદરને લાડ લડાવી, ખાંતે ખાંતે બોલાવે રે;
જગના જીવનને. ૧
કોઈ સખી શ્યામને કેડે બેસાડે, કોઈ સખી ખેલે ખેલાવે જીરે;
કોઈ સખી ઉદરમાં ચુંબન કરીને, હોંસે હોંસે હસાવે રે. જ. ૨
કોડે કોડે કાન કુંવરને, રમકડાં લઈ રમાડે જીરે;
થેઈ થેઈ થેઈ થેઈ કહી ઉભા રાખે, હેતે હરિને હિંડાડે રે. જ. ૩
કોઈ સખી માતા મામો માસી, કાકો કેવા શીખાડે જીરે;
કાલું કાલું બોલીને મોહન, સૌને મોહ પમાડે રે. જગના. ૪
શ્યામ છપૈયે લીલા કરે છે, બ્રહ્માદિક જેને ગાય જીરે;
દાસ બદ્રિનાથ શ્યામને ઉપરે, વારે વારે વારી જાય રે. જગ. ૫

## રાગ ગરબી પદ – ૧

સખી સાંભળને કહું વાતડી રે, હૈયે ધર્યા જેવી નિત્ય ધ્યાન.
અલબેલો અમદાવાદ આવીયા રે. - ટેક.
સુણી સામા હરિજન ચાલીયા રે, પૂજ્યા ભાવે કરી ભગવાન. અલ.
બહુ વાજાં વાગે હરિ આગળે રે, ડફ ભેરીને પડઘમ સાર. અલ.
ઝાંઝ પખાજ વાગે ઉમંગમાં રે, ઢોલ ત્રાંસાતણો નહિ પાર. અલ.
નગારાને નોબતું ગડગડે રે, વાગે ડંકા ને ઉડે નિશાન. અલ.
સુંણી શહેર હાલકલોલ થયું રે, જોઇ જીવન ભૂલીગયા ભાન. અલ.
રોઝે ઘોડે શોભે ઘણું શ્યામળો રે, થાય ચમર બોલે ચોપદાર. અલ.
ધીરે ધીરે ચાલે વાલો ચાલતા રે, આવ્યા મંદિરમાં કરીપ્યાર. અલ.
રંગમોલ મણિમય શોભતો રે, કર્યો ઉતારો ત્યાં જગદીશ. અલ.
બદ્રિનાથ કહે ત્યાં આવીયા રે, ભવ બ્રહ્મા નારદજી ને શેષ.અલ.

## પદ – ૨

સખી વેદી ઉપર બેસી વાલમો રે, કરી હોળી રમવાની હામ.
રમે શ્રીનગરમાં રંગ રસીયો રે, પુરુષોત્તમ ચડી પાટ ઉપરે રે;
કસી કમર સુંદર ઘનશ્યામ. રમે. ૧
ચહુકોરે શોભે સંત મંડળી રે, જેમ ફુલ્યું કમળનું વન. રમે.
કેશુ કેશર કસુંબો રંગ લાવીયા રે, નાખે જન ઉપર ભગવન. ર. ર
નાખે અબીલ ગુલાલ અતિ ઘણો રે, હોળી હોળી કહે હરિ મુખ. ર.
છાયાં અમર વિમાન આકાશમાં રે, જય જય બોલી લઇએ સુખ. ર
વળી મંડપ ઉપર જઇ માવજી રે, રમ્યા ઉછવીયા સંગે અલબેલ. ર.
રસ બસ કર્યા સૌને રંગમાં રે, વાલે વાળી રંગડાની રેલ. રમે. ૪
વાગે વાજાં અતી ઘણા તાનમાં રે, થાયે ગવૈયાના બહુ ગાન. રમે.
દાસ બદ્રિનાથ કહે શ્યામને રે, જોઇ જન ભુલે ખાનપાન. રમે. ૫



## પદ – ૩

સખા સંત સંગાથે લઇ શામળો રે, ગયા નાવા નારાયણ ઘાટ
નાય નાથ નારાયણ ઘાટમાં રે, રંગે ભર્યા નાય રંગ રસિયો રે
આવ્યા દેવ દર્શન કરવા માટ. નાય. ૧
મૂર્તિમાન ગંગાજી ત્યાં આવીયાં રે, સર્વે તીરથ લઇને સંગ. ના.
હાથ જોડી બોલ્યાં હરિ આગળે રે, રાખો અહીં મને દીનાનાથ. ના. ૨
કૃપા કરી કેશવ ગંગા ઉપરે રે, આપ્યો નારાયણ ઘાટે નિવાસ. ના.
બહુ વાર ક્રિડા કરી નીરમાં રે, સખા સંત સંગે અવિનાશ. ના. ૩
નાથ નાહીને નીસર્યા બારણે રે, પહેર્યો પીળો સુંદર સુરવાલ. ના.
રૂડો જામો જરીનો માથે મોળીયું રે, ખભે શેલુ ને કરમાં રૂમાલ. ના. ૪
ઘણા મુલે ઘોડે ચડી માવજી રે, આવ્યા મંદિરમાં સુખધામ રે. ના.
દરવાજા પાસે એક લીંબડો રે, ત્યાં બેઠા બદ્રિનો શ્યામ. નાય. ૫

## પદ – ૪

જગજીવન જમ્યા રંગ મોલમાં રે, રૂડાં વિધ વિધનાં પકવાન;
શોભે સંત મંડળમાં માવજી રે, જમી તૃપ્ત થઇ અલબેલડો રે;
પછી લીધાં પ્રિતે બીડાં પાંન. શોભે. ૧
પછી સંત તણી થઇ પંગતિ રે, આવ્યા પોતે પીરસવા કાજ. શો.
ડાબે ખભે હરિ નાખી ખેસને રે, કસી કમર સુંદર મહારાજ. શો. ૨
લઇ લાડુ જલેબી હરિ હાથમાં રે, આપે સંતને કરી મનુવાર. શો.
હરિ હેતે કરીને પોતે પીરસે રે, ફરે પંગતમાં વારંવાર. શો. ૩
વળી ભજીયાં વડાં ને રાઇતાં રે, બીજાં શાક તણો નહી પાર. શોભે.
દૂધ ભાત ને સાકર ખોબલે રે, આપે પ્રિતમ કરી બહુ પ્યાર. શો. ૪
વાલો તૃપ્ત કરી સર્વ સંતને રે, રંગ મોલે પોઢ્યા દિનોનાથ. શોભે.

ઘનશ્યામ સુંદર છબી ઉપરે રે, વારી જાય છે બદ્રિનાથ. શો. ૫

### રાગ ગરબી પદ – ૧

સખી અમદાવાદે આજ આવ્યા અલબેલો
સંગે લઈ મુનિનો સમાજ. આવ્યા.
સુંણી સામા હરિજન ગયા સહુ, લઈ પૂજાનો સમાજ રે;
મુંઘે મુલે મોતીડે વધાવી, પૂજ્યા શ્રી મહારાજ. આવ્યા. ૧
રોઝે ઘોડે ઘનશ્યામ બિરાજે, આગે બોલે ચોપદાર રે;
ચમર ઢોળે શીર છત્ર છાજે, જય જય થાય ઉચ્ચાર. આ. ૨
વાજાં વાજે વિધ વિધ તણાં બહુ, ભેરી પડધમ સાર રે;
ઝાંઝ મૃદંગને ઢોલ નગારાં, ત્રાંસા તણો નહિ પાર. આવ્યા. ૩
ડંકો વાગે ને નિશાન ફરકે, જન જાુવે ભગવાન રે;
દાસ બદ્રિનાથ શ્યામને ઉપર, વારે તન મન પ્રાણ. આવ્યા. ૪

### પદ – ૨

આવી મંદિરમાં મોરાર રસિયો રંગ રમે
વાજે વાજાં વિવિધ પ્રકાર. રસિયો.
ચોક વચ્ચે ચતુરવર આવી, ઉભા જગજીવન રે;
સંત મંડળ ચહુકોરે શોભે, જેમ કમળનું વન. રસિયો. ૧
કેસુ કેસરનો રંગ કસુંબો, મંગાવી અલબેલ રે;
હોળી હોળી કહી રંગ રમે છે, છોગાંવાળો છેલ. રસિયો. ૨
અબીલ ગુલાલ લઈ લટકાળો, નાખે જન ઉપર રે;
સખા નાખે સહુ શ્યામની ઉપર, જોવા આવ્યા અમર. રસિ. ૩
પ્રભુ પધારી મંડપની ઉપર, રમ્યા ઉછવીયા સાથ રે;



રંગે રોળી ગુલાલ ઉડાડ્યો, કહે છે બદ્રિનાથ. રસિયો. ૪

### પદ – ૩

ચાલ્યા નાવા નારાયણ ઘાટ,
રસીયો રંગભર્યા, આવ્યા દેવ દર્શન માટ. રસિયો.
સખા સંગે હરિ ખેલ કરીને, નાયે નદીમાં નાથ રે;
દેવ વજાવે દુંદુભી વાજાં, પુષ્પ વૃષ્ટિ કરે માથ. રસિયો. ૧
ગોવિંદ પાસે ગંગાજી રે આવ્યાં, સરવે તિરથ લઈ સાથ રે;
કરજોડી બહુ વિનંતી કીધી, નમી ચરણમાં માથ. રસિયો. ૨
કૃપા કરી હરિએ કહ્યું ગંગાજીને, રહો આંઈ કરી વાસ રે;
જે જન મંજનપાન કરે તેનાં, પાપ કરો તમે નાશ. રસિયો. ૩
સ્નાન કરી હરિ વસ્ત્ર પેરીને, ઘોડે થયા અસવાર રે;
દાસ બદ્રિનાથનો શ્યામ આવ્યા, મંદિરમાં કરી પ્યાર. ર. ૪

### પદ – ૪

સખી થાળ જમીને જીવન, પીરસે પ્રિત કરી.
રૂડાં વિધ વિધનાં રે ભોજન. પીરસે.
સંતતણી પંગતમાં આવી, કસીકમર કરી પ્યાર રે;
ઘેબર સાટા લાડુ જલેબી, આપે કરી મનુવાર. પીરસે. ૧
હેત કરી હરિ પીરસે પોતે, વારે વારે કરી તાણ રે;
લટકાં કરી લટકાળો લેરી, બોલે સુંદર વાણ. પીરસે. ૨
ભજીયાં વડાં ને રાયતાં તાજાં, શાક તણો નહી પાર રે;
દૂધ ભાતને સાકર પીરસે, પ્રિતમ કરી બહુ પ્યાર. પીરસે. ૩
હાથ ધોઈ રંગમોલે પધારી, પોઢ્યા પ્રાણજીવન રે;

દાસ બદ્રિનાથ શ્યામ છબી ઉપર, વારે તન મન ધન. પીર. ૪

**રાગ ગરબી પદ – ૧**

સખી સંત સહિત ઘનશ્યામ રે. જેતલપુરમાં.
બહુ દિન રહ્યા સુખધામ રે. જેતલપુરમાં. ૧
ઘણી લીલા કરી જગદીશ રે. જેતલપુરમાં.
કેતાં પાર પામે નહી શેષ રે. જેતલપુરમાં. ૨
કર્યા મોટા મોટા જગન રે. જેતલપુરમાં.
તેમાં ખૂટ્યાં નહી ઘૃત અન્ન રે. જેતલપુરમાં. ૩
દ્વિજ સભા અતિ સારી રે. જેતલપુરમાં.
દીધાં દાનને દક્ષિણા ભારી રે. જેતલપુરમાં. ૪
વળી પૂછ્યા પ્રશ્ન મહારાજ રે. જેતલપુરમાં.
દેતાં ઉત્તર આપ્યા દ્વિજ લાજ રે. જેતલપુર. ૫
ઘરો ઘર ફરી ઘનશ્યામ રે. જેતલપુરમાં.
કર્યા જનને પુરણ કામ રે. જેતલપુરમાં. ૬
બાંધ્યો હિંડોળો વડની ડાળ રે. જેતલપુરમાં.
તેમાં બેસી ઝુલ્યા ધર્મલાલ રે. જેતલપુરમાં. ૭
કાઢ્યો દ્વિજ તણો ભૂત ભારી રે. જેતલપુરમાં.
જાય બદ્રિનાથ બલહારી રે. જેતલપુરમાં. ૮

**પદ – ૨**

રૂડી બોરસડી ફુલવાડી રે. જેતલપુરમાંઈ.
શ્યામ સભા કરે ત્યાં દાડી રે. જેતલપુરમાંઈ. ૧
મોલ પાસે છે આસોપાલવ રે. જેતલપુરમાં.



જેની ઘેરી છાયા નવલ રે. જેતલપુરમાંઈ. ૨
તેના હેઠે હરિવર રાજે રે. જેતલપુરમાંઈ.
જોઈ રૂપ મદન મન લાજે રે. જેતલપુરમાંઈ. ૩
હરિભક્ત હાર બહુ લાવે રે. જેતલપુરમાંઈ.
વળી ચંપાની ટોપી પહેરાવે રે. જેતલપુરમાં. ૪
હરિ આંબલા હેઠે આવી રે. જેતલપુરમાંઈ.
સારી સભા કરી મન ભાવી રે. જેતલપુરમાં. ૫
બેઉ આચારજ બેસાડી રે. જેતલપુરમાંઈ.
સહુ પાસે તે પૂજા કરાવી રે. જેતલપુરમાંઈ. ૬
કર્યા સંતતણા વિભાગ રે. જેતલપુરમાંઈ.
ધન્ય ધન્ય એ ભૂમીનાં ભાગ્ય રે. જેતલપુર. ૭
એવી લીલા કરે ભગવાન રે. જેતલપુરમાંઈ.
સુણી બદ્રિનાથ ધરે ધ્યાન રે. જેતલપુરમાંઈ. ૮

**પદ – ૩**

સખી સંત સહિત બહુવારરે. મોહોલમાં આવીને.
રહ્યા પ્રિતમ કરી ઘણો પ્યાર રે. મોહોલ. ૧
સારી સભા કરે જીવન રે. મોહોલ.
કરે ઉત્તર ને પ્રશ્ન રે. મોહોલ. ૨
બેસે ગોખે ઘણું ઘનશ્યામ રે. મોહોલ.
મોટા મુનિ કરે પ્રણામ રે. મોહોલ. ૩
ભવ બ્રહ્માને વિષ્ણુ દેવ રે. મોહોલ.
કરે શ્રીહરિની નિત્ય સેવ રે. મોહોલ. ૪

તેજ રૂપ થઈ એકદન રે. મોહોલ.
કર્યાં કેશવનાં દરશન રે. મોહોલ. ૫
પછી ત્રણ ગોળા થઈ ગયા રે. મોહોલ.
રાયણ પાને પાને દિપ થયા રે. મોહોલ. ૬
જોઈ વિસ્મય થયાં સહુ જન રે. મોહોલ.
પૂછ્યું શ્યામને જઈ પ્રશ્ન રે. મોહોલ. ૭
કહી વાત વાલે વિસ્તારી રે. મોહોલ.
દાસ બદ્રિનાથ જાય વારી રે. મોહોલ. ૮

### પદ – ૪

મણીમય મોલ સુખકારી રે. મોલ બહુ શોભે છે.
અતિ જીરણ થઈ ગયો ભારી રે. મોલ બહુ. ૧
પછી પ્રિતેથી નિર્ગુણદાસ રે. મોલ બહુ.
ગયા મોટા સાહેબને પાસ રે. મોલ બહુ. ૨
કરી વાતને બોધ બહુ દીધો રે. મોલ બહુ.
તેના પાસે માગી મોલ લીધો રે. મોલ બહુ. ૩
પછી પાયો ખોદાવી હુલાસે રે. મોલ બહુ.
બાંધ્યો ઘાટ તે મોલની વાંસે રે. મોલ બહુ. ૪
કરી હાથણીઓ બહુ જાડી રે. મોલ બહુ.
અતિ ઉંચી મોલને અડાડી રે. મોલ બહુ. ૫
બહુ બારીયું જાળીયું સુધારી રે. મોલ બહુ.
જાણે નવો બન્યો સુખકારી રે. મોલ બહુ. ૬
સજ કરાવ્યો નિર્ગુણદાસે રે. મોલ બહુ.



બહુ દિન રહી પોતે પાસે રે. મોલ બહુ. ૭
પ્રિતે કરી જે દર્શન કરે રે. મોલ બહુ.
બદ્રિનાથ કે ભવ તે તરે રે. મોલ બહુ. ૮

### પદ – ૫

દેવસર સરોવર ભારી રે. સાંભળો સાહેલી.
નાય નિત્ય તેમાં મોરારી રે. સાંભળો. ૧
ખાંતે ખાંતે કરી અલબેલ રે. સાંભળો.
જળમાંહી કરે બહુ ખેલ રે. સાંભળો. ૨
તેને જોવા આવે સુર સાથ રે. સાંભળો.
કરે પુષ્પવૃષ્ટિ કરી માથ રે. સાંભળો. ૩
નાય નીરમાંહી એમ હરિ રે. સાંભળો.
કરે પ્રક્રમા ચોફેર ફરી રે. સાંભળો. ૪
વળી કોટમાં જઈ જીવન રે. સાંભળો.
પૂજે ખીજડી દસરાદન રે. સાંભળો. ૫
એવી લીલા જેતલપુર કરે રે. સાંભળો.
જેહ સુણે તેનાં પાપ હરે રે. સાંભળો. ૬
માટે ધન્ય જેતલપુર ગામ રે. સાંભળો.
એના તુલ્ય નહિ બીજું ધામ રે. સાંભળો. ૭
એની રજ ચડાવે શુદ્ધ થાય રે. સાંભળો.
દાસ બદ્રિનાથ એમ ગાય રે. સાંભળો. ૮

### રાગ ગરબી પદ – ૧

પ્રાણી પ્રભુનું ભજન કરે આજ રે.અવસર આવ્યો છે.

સરે સર્વે તારું કાજ રે. અવસર. ૧
રૂડો મનુષ્યનો અવતાર રે. અવસર.
ભવજળ ઉતરવા પાર રે. અવસર. ૨
કર સંત સમાગમ નિત્ય રે. અવસર.
તજી દેને તું સર્વે અનિત રે. અવસર. ૩
બદ્રિનાથ કહે તારું હિત રે. અવસર.
હજી ચેતી શકે તો ચેત રે. અવસર. ૪

## પદ – ૨

પ્રાણી કરને વિચાર તું મન રે. સર્વે ખોટું છે.
દામ દારા ને તારું તન રે. સર્વે ખોટું છે. ૧
ખેતી વાડી ઘોડી દરબાર રે. સર્વે ખોટું છે.
અંતે કામ ન આવે લગાર રે. સર્વે ખોટું છે. ૨
ગાદી તકીયા ને ગાલમસુર રે. સર્વે ખોટું છે.
ઉડી જાશે તે આકને તુર રે. સર્વે ખોટું છે. ૩
નહી આવે કોડી તારી સાથ રે. સર્વે ખોટું છે.
સત્ય કહે છે બદ્રિનાથ રે. સર્વે ખોટું છે. ૪

## પદ – ૩

પાપી પ્રાણીને પડે બહુ દુઃખ રે. જીવડો જાવે નહી.
અન્ન ભાવે નહિ પેટમાં ભૂખ રે. જીવડો જાવે. ૧
થાય શ્વાસને કંઠ સુકાય રે. જીવડો જાવે.
સહુ પૂંમડે પાણી પાય રે. જીવડો જાવે. ૨
બંધ છૂટે નાડી તૂટી જાય રે. જીવડો જાવે.



લાગે બોતેર કોઠામાં લાય રે. જીવડો જાવે. ૩
શુળ આવે ન શ્વાસ લેવાય રે. જીવડો જાવે.
બદ્રિનાથ કહે જોયું નવ જાય રે. જીવડો જાવે. ૪

## પદ – ૪

જોરે ઝાલે ગલે જમદૂત રે. પાપી પ્રાણીને.
કર્યા કર્મ ભૂંડાં કપુત રે. પાપી પ્રાણીને. ૧
માથે મારે મુદ્ગરના માર રે. પાપી પ્રાણીને.
કરે હાય હાય પોકાર રે. પાપી પ્રાણીને. ૨
મોટા દોડી સામા આવે શ્વાન રે. પાપી પ્રાણીને.
ખાય કરડી કરે બેભાન રે. પાપી પ્રાણીને. ૩
પાય સીસાં ઉનાં કરી હાથ રે. પાપી પ્રાણીને.
સત્ય કહે છે બદ્રિનાથ રે. પાપી પ્રાણીને. ૪

## રાગ ગરબી પદ – ૧

સર્વે જુઠી જગત માયા. વિચારી જોને જીવ.
તારી જુઠી છે આ કાયા. વિચારી. ૧
માત તાત ભાઈબંધ. વિચારી.
નારી જોઈ થયો અંધ. વિચારી. ૨
એમાં કોણ સગું તારું. વિચારી.
સર્વે માયાનું છે લારું. વિચારી. ૩
ભુખે મરી માયા જોડી. વિચારી.
અંતે કામ ન આવે કોડી. વિચારી. ૪
ધન ધામ ધરા ડેલી. વિચારી.

મોટા ચાલી ગયા મેલી. વિચારી. ૫
ધનપતિ ક્રોડી કાવે. વિચારી.
મૂવા પછી કામ ન આવે. વિચારી. ૬
જેણે દીધું નિજ હાથે. વિચારી.
તેણે લીધું પોતા સાથે. વિચારી. ૭
દાસ બદ્રિનાથ કહે છે. વિચારી.
કોણ ગયું કોણ રહે છે. વિચારી. ૮

### પદ – ૨

તેં તો જન્મ એળે ખોયો. ભવ પંથમાં રે લોલ.
સગાં સુતમાં તું મોહ્યો. ભવ પંથમાં. ૧
મીઠું મીઠું બોલી નારી. ભવ પંથમાં.
તુંને કર્યો અતિ ખ્વારી. ભવ પંથમાં. ૨
વળી હસી રે બોલાવ્યો. ભવ પંથમાં.
નેણ બાણેથી ભૂલાવ્યો. ભવ પંથમાં. ૩
સૌએ કર્યો તુંને ડાહ્યો. ભવ પંથમાં.
ઘણો મનમાં ફુલાયો. ભવ પંથમાં. ૪
લઈ લોક તણો ભાર. ભવ પંથમાં.
ખોયો જન્મ ગમાર. ભવ પંથમાં. ૫
નાત જાતમાં થયો મોટો. ભવ પંથમાં.
ખરી રહેણીમાં તો ખોટો. ભવ પંથમાં. ૬
હવે માન કહ્યું મારું. ભવ પંથમાં.
કર જીવનું તું સારું. ભવ પંથમાં. ૭



દાસ કે છે બદ્રિનાથ. ભવ પંથમાં.
સહાય કરે દિનોનાથ. ભવ પંથમાં. ૮

### પદ – ૩

તુંને માન બહુ વ્હાલું. આ લોકમાં રે લોલ૦.
મન માને તેમ ચાલું. આ લોકમાં. ૧
માન સારુ વેઠે ભૂખ. આ લોકમાં.
ગણે નહિ દેહ દુઃખ. આ લોકમાં. ૨
શિખ્યો સંસારની રીતિ. આ લોકમાં.
બહુ કરે છે અનિતિ. આ લોકમાં. ૩
સૌએ કર્યો બુદ્ધિવાન. આ લોકમાં.
આવ્યું તેનું અતિ માન. આ લોકમાં. ૪
મુછૂં તાણી લાવે તાલ. આ લોકમાં.
છાતી કાઢી ચાલે ચાલ. આ લોકમાં. ૫
અભિમાન અતિ ભારે. આ લોકમાં.
કેની શીખ નવ ધારે. આ લોકમાં. ૬
આંખ તાણી બોલે મુખ. આ લોકમાં.
રૂડા સંતને દે છે દુઃખ. આ લોકમાં. ૭
બદ્રિનાથ કહે વાણી. આ લોકમાં.
જાશે જમ તુને તાણી. આ લોકમાં. ૮

### પદ – ૪

પ્રાણી પ્રભુને તું ભૂલ્યો. સંસારમાં રે લોલ.
સગાં સુત જોઈ ફુલ્યો. સંસારમાં. ૧

ખેતી વાડી ઘર ઘોડી. સંસારમાં.
તેમાં રહ્યો જીવ જોડી. સંસારમાં. ૨
કરી કૂડ ને કપટ. સંસારમાં.
કર્યું ધન ભેળું ઝટ. સંસારમાં. ૩
ખાધું ખર્ચ્યું નહિ કાંઈ. સંસારમાં.
ઘાલ્યું ઉંડું ઘરમાંઈ. સંસારમાં. ૪
પછી મરીને થયો ભૂત. સંસારમાં.
નડે કુળને કપૂત. સંસારમાં. ૫
આવી પગે પડે સહુ. સંસારમાં.
ધુણે દીકરાની વહુ. સંસારમાં. ૬
વળી ડાકલાં તે વાગે. સંસારમાં.
ડોસો ગોખલાને માગે. સંસારમાં. ૭
બદ્રિનાથ એમ ગાય. સંસારમાં.
સંત સેવે સુખ થાય. સંસારમાં. ૮

### રાગ ગરબી પદ – ૧

પ્રભુ ભજી લેને પ્રાણીયા જીરે, ઉત્તમ આવ્યો અવતાર રે. પ્રભુ.
સંત સમાગમ કરીને જીરે, સમજી લે સાર અસાર રે. પ્રભુ. ૧
દુર્લભ નરતન દેવને જીરે, એવું પામ્યો તન આજ રે. પ્રભુ.
નારી મળી છે ધુતારડી જીરે, તારું બગાડશે કાજ રે. પ્રભુ. ૨
હસીને હેત જણાવશે જીરે, રૂડી દેખાડશે ચાલ રે. પ્રભુ.
તારું સર્વે ધન ખાઈને જીરે, કરશે ભૂંડા પછી હાલ રે. પ્રભુ. ૩
ગાળું ભૂંડી તુને ભાંડશે જીરે, વળી દેશે ઉઠીને લાત રે. પ્રભુ.



દાસ બદ્રિનાથ એમ કહે જીરે, સાચી માને એ વાત રે. પ્રભુ. ૪

### પદ – ૨

પામી જોબનના જોરને જીરે, ચાલે છે ચાલ કુચાલ રે. પામી.
છલ કપટ દગા કરી જીરે, લાવે પરાયો ઘેર માલ રે. પામી. ૧
પર નારી સાથે પ્રિતડી જીરે, કરે મેલી લોક લાજ રે. પામી.
ગાંજો તમાકું ભાંગ પીએ જીરે, કરે બીજાં અકાજ રે. પામી. ૨
ટેડી બાંધી માથે પાઘડી જીરે, ચાલે મરોડી ચાલ રે. પામી.
પ્રિતે પાડે રૂડી પાટલી જીરે, મુછું તાણી લાવે તાલ રે. પામી. ૩
હરિજનની હાંસી કરે જીરે, પાપી પુરુષ સંગે પ્રિત રે. પામી.
દાસ બદ્રિનાથ એમ કહે જીરે, અંતે થાઈશ ફજેત રે. પામી. ૪

### પદ – ૩

અંતે લેવા જમ આવશે જીરે, સર્વે મળી સંગાથ રે. અંતે.
ફરસી ફાંસી સંગે લાવશે જીરે, મોટા મુદગર વળી હાથ રે. અં.૧
તેને દેખીને નાડી તૂટશે જીરે, છૂટશે દેહના બંધ રે. અંતે.
બોતેર કોઠામાં લાય લાગશે જીરે, બોલી થાશે તારી બંધ રે. અં.૨
કંઠ રૂંધાશે કફ જાલથી જીરે, પાણી ન પીવાય મુખ રે. અંતે.
ઈન્દ્રિના દ્વાર સૌ રૂંધશે જીરે, દેશે અતિ તુને દુઃખ રે. અંતે. ૩
કોટી વીંછીની થાશે વેદના જીરે, તારા તે તનને માંય રે. અંતે.
બદ્રિનાથ કહે તે સમયે જીરે, કરશે તારી કોણ સહાય રે. અં. ૪

### પદ – ૪

જોરે ઝાલી ગળે જમડા જીરે, લઈ જાશે જમપુરીમાંય રે. જોરે.
વૈતરણી નદીમાં નાખશે જીરે, પછી પીલે ચીચુમાંય રે. જો. ૧

મુદ્ગરના માર વળી મારશે જીરે, ભાંગી થાશે હાડચુર રે. જોરે.
આંખોમાં ગજ ઉંના ઘાલશે જીરે, જેણે જોયું નારી નુર રે. જો. ૨
છાતી દબાવી જોરે જમડા જીરે, સીસાં ઉનાં કરી પાય રે. જોરે.
ઉંના ચાંપે વળી ચીપીયા જીરે, મુખે કરે હાય હાય રે. જોરે. ૩
એવું દેશે દુઃખ તુજને જીરે, જેની ન રાખતો બીક રે. જોરે.
દાસ બદ્રિનાથ એમ કહે જીરે, હજી ચેતે તો ઘણું ઠીક રે. જો. ૪

### રાગ ગરબી પદ – ૧

જોને જીવ જાગી, જોને પ્રાણી જાગી;
હાંરે એળે ઉંમર જાય છે અભાગી. જોને જીવ.
હાંરે સાચા સંતને સેવીને સુખી થાને;
હાંરે હેતે ગુણ ગોવિંદના ગાને. જોને જીવ. ૧
હાંરે હરિકૃષ્ણ કેશવ કાન કેને;
હાંરે સંત બ્રાહ્મણને અન્ન જળ દેને. જોને જીવ. ૨
હાંરે રૂડો ધર્મ ધારીને ફેલ ત્યાગી;
હાંરે શીદ લે છે ચોરાસીને માગી. જોને જીવ. ૩
હાંરે દારૂ માટી ચોરી ને પરનારી;
હાંરે એમાં જન્મ કર્યો તે ખવારી. જોને જીવ. ૪
હાંરે બદ્રિનાથ કહે જમનો માર ખાશો;
હાંરે ત્યારે હાથ ઘસીને પસ્તાશો. જોને જીવ. ૫

### પદ – ૨

હરિ નામ ભૂલ્યો, પ્રભુનું નામ ભૂલ્યો;
હાંરે ધન જોબન જોઈને અતિ ફુલ્યો. હરિ નામ.



હાંરે પાઘે પેચ પાડી રે તાલ લાવે;
હાંરે જોઈ દર્પણને મુછ મરડાવે. હરિ નામ. ૧
હાંરે લાંબી ધોતી પેરીને પટી પાડે;
હાંરે મોટી ચોટી આછકલી દેખાડે. હરિ નામ. ૨
હાંરે રૂડી નારી જોઈને થાય રાજી;
હાંરે કરે હાંસી મશકરી પાજી. હરિ નામ. ૩
હાંરે મુખે નામ હરિનું ન ભાખે;
હાંરે કામી હરામી શું હેત રાખે. હરિ નામ. ૪
હાંરે બદ્રિનાથ કહે સત્ય વાણી;
હાંરે તુને જોરે જાશે જમ તાણી. હરિ નામ. ૫

### પદ – ૩

કોઈ કામ નાવે, કોઈ કામ નાવે;
હાંરે અંતે આપે એકલો જાવે. કોઈ કામ.
હાંરે માત તાત ભાઈ ને સુત નારી;
હાંરે કાકો મામો માસી ને હીતકારી. કોઈ કામ. ૧
હાંરે ખાટ પાટ પલંગ પરિવાર;
હાંરે ખેતીવાડી ઘોડી ને ઘરબાર. કોઈ કામ. ૨
હાંરે મેડી મંદિર ઝરૂખાને જાળી;
હાંરે મેલી મોટા મોટા ગયા ચાલી. કોઈ કામ. ૩
હાંરે લાખ ક્રોડી માયા ઘેર ઘાલી;
હાંરે ગયા તે પણ અંતે હાથ ખાલી. કોઈ કામ. ૪
હાંરે જેહ હાથે દીધું તે સાથે આવે;

હાંરે સત્ય બદ્રિનાથ એમ ગાવે. કોઈ કામ. ૫

### પદ - ૪

જયારે જમ આવે, જયારે જમ આવે;
હાંરે ત્યારે હાથ ઘસીને પસ્તાવે. જયારે.
હાંરે અંતકાળે કઠણ દુઃખ થાશે;
હાંરે બેઉ દુઃખેથી જીવડો જાશે. જયારે. ૧
હાંરે નાડી તૂટેને બંધ છૂટી જાય;
હાંરે લાગે બોતેર કોઠામાં લાય. જયારે. ૨
હાંરે ખાય ખાંસી ને શુળ બહુ આવે;
હાંરે શ્વાસ લેતાં તે જીવડો જાવે. જયારે. ૩
હાંરે રોમ રોમ વીછીનું દુઃખ થાય;
હાંરે તે તો શેષ થકી ન કેવાય. જયારે. ૪
હાંરે ચાલે શ્વાસ ને બોલી બંધ થાય;
હાંરે બદ્રિનાથ કે આંખ ફાટી જાય. જયારે. ૫

### રાગ ગરબી પદ - ૧

પ્રાણી એળે આવરદા જાય રે. મનમાં વિચારી.
તારી બુદ્ધિ ફરે છે કયાંય રે. મનમાં. ૧
આજ અમૂલ્ય અવસર જાય રે. મનમાં.
શીદ ખોટ ખરી તું ખાય રે. મનમાં. ૨
મણી પારસ જાય ગુંજા પાડ રે. મનમાં.
મેલી મારગ ચાલ્યો ઊભી વાટ રે. મનમાં. ૩
હૈયે ધારી નહિ સંત શીખ રે. મનમાં.



બહુ ફોલી ખાધાં ફલ વિખ રે. મનમાં. ૪
સમજી શકયો નહિ સુખ પેર રે. મનમાં.
તેંતો જાણી ખાધું જઈ ઝેર રે. મનમાં. ૫
શીદ જાણીને જાય જમ હાથ રે. મનમાં.
દાસ કહે છે બદ્રિનાથ રે. મનમાં. ૬

### પદ - ૨

જીવ જોયું નહિ તેં જાગી રે. નરતન પામીને.
ખોયો જન્મ એળે અભાગી રે. નરતન. ૧
નાત જાત માંહી થયો મોટો રે. નરતન.
ખરી રહેણી માંહી તો ખોટો રે. નરતન. ૨
શીખ્યો સંસાર તણી બહુ રીતી રે. નરતન.
બોલે ખોટું ને કરે અનીતી રે. નરતન. ૩
સહુએ કહ્યો બુદ્ધિવાન રે. નરતન.
આવ્યું તેનું અતિ ઘણું માન રે. નરતન. ૪
લઈ લોકતણો શિરભાર રે. નરતન.
કરે કર્મ કુડાં ગમાર રે. નરતન. ૫
બદ્રિનાથનો શ્યામ વિસારી રે. નરતન.
ગયો જીતી બાજી તું હારી રે. નરતન. ૬

### પદ - ૩

બેસી ચોરે ચતુર થઈ બોલે રે. મનમાં ફુલીને.
થઈ ડાહ્યો ને નાતમાં ડોલે રે. મનમાં. ૧
પીએ હોકો ને અમલ ખાય રે. મનમાં.

પીએ નહિ તેને જોરે પાય રે. મનમાં. ૨
કરી કરજ કરે મોટાં કાજ રે. મનમાં.
પુન્ય ટાંણે પાડે તે નાજ રે. મનમાં. ૩
બહુ બોલીને બળ દેખાડે રે. મનમાં.
રૂડી પોતીયે પાટલી પાડે રે. મનમાં. ૪
પાઘે પેંચ પાડીને લાવે તાલ રે. મનમાં.
ચાલે છાતી કાઢીને ચાલ રે. મનમાં. ૫
ગયું જોબન આવી જરા માથ રે. મનમાં.
ચેત ચેત કહે બદ્રિનાથ રે. મનમાં. ૬

### પદ– ૪

મુવા લગી ચેત્યો નહિ મન રે. હરિને વિસારી.
કર્યું નહિ જીવનું જતન રે. હરિને. ૧
રૂડા સંત પાસે નવ જાય રે. હરિને.
ભાંડ ભવાઈમાં તૈયાર થાય રે. હરિને. ૨
પર નિંદા માંહી મન માલે રે. હરિને.
કેદી માળા હાથે નવ ઝાલે રે. હરિને. ૩
કામ હરામમાં હેત રાખે રે. હરિને.
ભૂલે નામ હરિનું નવ ભાખે રે. હરિને. ૪
ગ્રામ ગપોડામાં દિન ખૂવે રે. હરિને.
હરિ કથા સાંભળતાં સુવે રે. હરિને. ૫
બદ્રિનાથ કહે તુને એમ રે. હરિને.
મુવા પછી કરીશ તું કેમ રે. હરિને. ૬



### રાગ ગરબી પદ – ૧

જાુવો વિચારી ઉંડું અંતરમાં. જાુવો વિચારી.
અંત સમે કોઈ કામ ન આવે. જાુવો વિચારી.
મેડી મંદિરને માલ ખજીના, હાથી ઘોડાની ઝુંડું રે
હાથી ઘોડાની ઝુંડું અંતરમાં. જાુવો વિચારી. ૧
મેના માફો ને બાગ બગીચા, સખા સેવક ને લુંડું રે. જુવો. ૨
નારી રૂપાળી અતિ ધુતારી, હસી દેખાડશે મોઢું રે. જુવો. ૩
સગાં સંબંધી સર્વે તારું, ખાઈને બોલશે ભુંડું રે. જુવો. ૪
દુકાન માંડીને વેપાર ચલાવ્યો, ચલાવી દેશમાં હુંડી રે. જુવો. ૫
ભૂખે મરીને માયા મેળવી, મુખે બોલી બહુ કુડું રે. જુવો. ૬
કુડ કપટ તજી હરિ ભજો તો, બદ્રિનાથ કહે રૂડું રે. જુવો. ૭

### રાગ ગરબી પદ – ૧

ધન્ય ધન્ય કહીએ તેહ ગામને રે, જેમાં મંદિર મહારાજનું થાય. ધ.
સંત સર્વે મળી મંદિરમાં રે, ગુણ ગોવિંદના નિત્ય ગાય. ધ. ૧
કાજુ કથા કરે ઘનશ્યામની રે, લઈ માળા જપે હરિ જાપ. ધ.
તેનું પૂન્ય આવે સર્વે ગામને રે, નાશ પામે પૂરવનાં પાપ. ધ. ૨
જળ બેડું રેડે મંદિરમાં રે, મેલી લોક તણી સર્વે લાજ. ધ.
ધન્ય ભાગ્ય કહીએ તેહ બાઈનાંરે, દળી આપે લોટ સંતકાજ. ધ. ૩
ઈંટ પથ્થર લાવે મંદિરમાં રે, લાવે ધૂળ કરવા રૂડી ગાર. ધન્ય.
દાસ બદ્રિનાથ કહે સાંભળો રે, તેહ સરવે થાશે ભવ પાર. ધ. ૪

### પદ – ૨

તમે સર્વે હરિજન સાંભળો રે, એક મને થઈ સાવધાન. તમે.
મહા મહિમા મોટો મંદિરનો રે, કહું કાંઈક તે ધરો કાન. તમે. ૧

જેહ મંદિર કરાવે કરી પ્રિતને રે, ખરચી પોતાના ઘરનું દામ. ત.
તે પામે ત્રિલોકના રાજને રે, વળી રહે જુગોજુગ નામ. ત. ૨
જેહ સ્થાપન કરાવે હરિ મૂર્તિ રે, તેહ જન ભૂમિ પતિ થાય. ત.
જેહ પૂજા પ્રવાહ બાંધી આપશે રે, તેહ વૈકુંઠ લોકમાં જાય. ત. ૩
ત્રણ વાનાં કરાવે જેહ એકલો રે,તેહ પ્રભુ તુલ્ય થઈ જાય. તમે.
બદ્રિનાથ કહે સત્ય માનજો રે, સ્કંદ પુરાણ તે એમ ગાય. તમે. ૪

## પદ - ૩

કરો મંદિર મનોહર માવનું રે, હૈયે લાવી અતિશે હુલાસ. કરો.
પાયા પોળા પાતાળે નાખજો રે, રૂડા જોષી રાખીને પાસ. ક. ૧
અતિ ઉંચી ઉઠામણી રાખજો રે, ખાર લાગે નહિ તેહ કાજ. ક.
કાજુ કુંભી પથ્થરની કરાવજો રે,રૂડાસ્થંભ મેલાવજો ત્યાંજ. ક.૨
માથે મેડો મનોહર બાંધજો રે, રૂડો રવેશ કાઢજો બાર. ક.
બહુ બારીયું જાળીયું મેલજોરે, ખૂબ ખિલીયુંની મેલજો હાર. ક.૩
માથે મોભ મોટો તમે નાખજો રે, વાંસ વળીયું જડાવો અપાર. ક.
દાસ બદ્રિનાથ કહે પ્રિતથી રે, કરો કામ નક્કી કરી પ્યાર. ક. ૪

## પદ - ૪

હરિજન મંદિરમાં આવજો રે, કાજુ કથા સાંભળવા કાજ. હરિજ.
રૂડા ગોવિંદના ગુણ ગાવજો રે, મેલી લોક તણી સરવે લાજ. હ. ૧
માન મેલી મહંતને મળજો રે, શીર મેલો ચરણમાં જઈ. હરિજન.
સંત સારી શિખામણ આપશે રે, ધારી લેજો તે અંતરમાંહી. હ. ૨
નીમ ધારીને રટજો રામને રે, રાખી હરિ ચરણમાં મન. હરિજન.
ભાંગ હોકા અફીણને ત્યાગજો રે, સાધુ બ્રાહ્મણને આપજો અન્ન.હ. ૩
મુખે ભૂંડુ વચન નવ બોલજો રે, ભાંડ ભવાઈથી રહેજો દૂર. હરિજ.
બદ્રિનાથ કહે સત્ય વારતા રે, ધારી લેજો તમે સહુ ઉર. હરિ. ૪



## રાગ ગરબી પદ - ૧

કર જોડીને વારમવાર નમુ હનુમંતા રે,
જેનો મહિમા છે અપરંપાર, આવે નહી અંતા રે.
અંજની જેની માત છે રે, કેશરી વાનર તાત,
રાજી કરી રઘુનાથને, થયા ભકત ભારે વિખ્યાત. નમુ. ૧
વિર કાછ કટે કસીયો રે, તેલ સિંદૂર શરીર,
હાક સુણી હનુમંતની, પ્રેત પિશાચ પામે પીર. નમુ. ૨
ડાકીની સાકીની યોગીની રે, યક્ષને રાક્ષસ ઘોર,
ભૂત ભૈરવને કોટરા, નામ સુણી પાડે બકોર. નમુ. ૩
આદિત ઉગતો જોઈને રે, કુદીને પકડ્યો હાથ,
સહાય કરો સંકટમાં, દાસ કહે છે બદ્રિનાથ. નમુ. ૪

## પદ - ૨

સતી સીતાને ખોળવા કાજ, પ્રેરાયા રઘુવીર રે,
ચાલ્યા ચુપ કરી કપીરાજ, ગયા સિંધુ તિર રે,
સંપાતીની સુણી વાર્તા રે, ગિરી ચડ્યા તત્કાળ.
હાક મારીને કુદ્યા, તેહ પર્વત પેઠો પાતાળ. પ્રેરાયા. ૧
સુરગણે પ્રેરી સુરસારે, આવી તે રોકવા કાજ,
તેને પ્રતાપ દેખાડીને, ચાલ્યા વેગે કરી કપિરાજ. પ્રેરાયા. ૨
છાયાગ્રહ નામે રાક્ષસી રે, છાયા ગ્રહી કરે નાશ,
તેને મારી એક પલમાં, વેગે ઉડીને જાતાં આકાશ. પ્રેરાયા. ૩
લંકનીને મુરછા કરી રે, ગયા વિભિષણ પાસ,
બદ્રિ કહે તેને પૂછીને, પછી આવ્યા સીતાને નીવાસ. પ્રેરા. ૪

### પદ – ૩

રાજા રામજીના સેવક, હનુમંત બળિયા રે,
ટાળી ટળે નહિ જેની ટેક, જાય નહિ કળિયા રે;
સીતાને શાંતિ પમાડીયાં રે, મુદ્રિકા દઈ જોડ્યા હાથ,
ધીર ધરો માતા મનમાં, વેલા આવશે યાં રઘુનાથ. હનુ. ૧
આજ્ઞા માગી ગયા બાગમાં રે, ફળ ખાવાને મીશ,
અશોક બાગ ઉખાડીયો, માર્યા દૈત્ય લાવી અતી રીશ. હનુ. ૨
રાવણે પુત્રને પ્રેરીયો રે, સેના આપીને સંગ,
ઝાડે કરી ઝુડ્યો તેહને, મારી સેના કરી અંગ ભંગ. હનુ. ૩
લંકા લગાડી પલમાં રે, સીતાજીને નામી માથ,
કૂદી આવ્યા રામ પાસ રે, વારી જાય છે બદ્રિનાથ. હનુ. ૪

### પદ – ૪

ધન્ય ધન્ય કેશરી કુમાર, જાઉં બલીહારી રે,
જેના પરાક્રમનો નહિ પાર, સદા સુખકારી રે.
લક્ષ્મણને આવી મુર્છા રે, સાંગ લાગી જેહવાર.
ઔષધી લેવા ચાલીયા, આવ્યા કપટ મુનિને દ્વાર. જાઉં. ૧
મકરીયે કહી ઓળખાવીયો રે, કાલનેમી એનું નામ,
પૂછે ગ્રહી મારી તેહને, ગયા દ્રોણાચળ જેહ ઠામ. જાઉં. ૨
પ્રેમેથી પહાડ ઉપાડીને રે, વેગે આવ્યા વૈદ પાસ,
લક્ષ્મણજીને જગાડીને, ટાળ્યો સર્વે સેનાનો ત્રાસ. જાઉં. ૩
રામ રાજી થઈ મનમાં રે, ભેટ્યા ભરીને બાથ,
આનંદ વાધ્યો અતિ ઘણો, દાસ કહે છે બદ્રિનાથ. જાઉં. ૪



### રાગ ગરબી પદ – ૧

સુખકારી તે શીવજી આજરે. પૂજીયે પ્રિતેથી.
મહાદેવ મોટા મહારાજ રે. પૂજીયે પ્રિતેથી. ૧
તજી સર્વે સંસારના કાજ રે. પૂ. લઈ પૂજા તણો સમાજ રે. પૂ. ૨
બિલીપત્રને આક ધતુર રે. પૂ. કરો આરતી લઈ કપુર રે. પૂ. ૩
શીવ શોભે સતી લઈ સાથ રે. પૂ. વળી ડમરુ વજાવે હાથ રે. પૂ. ૪
ત્રણ લોચનને ચંદ્ર લલાટ રે. પૂ. શિરે ગંગા કરે ઘુઘવાટ રે. પૂ. ૫
બદ્રિનાથ કે ભવને ભવાની રે. પૂ. થાયરાજી આપે વરદાની રે. પૂ. ૬

### પદ – ૨

જીુવો નેણાં ભરીને આજ રે. શીવજી શોભે છે.
પ્રિતે પેર્યો છે અંગે સમાજ રે. શીવજી શોભે છે. ૧
સિંહ છાલા પેર્યુ કટીમાથરે. શી૦ પેર્યા કંકણ સર્પના હાથ રે. શી. ૨
પેર્યો સર્પ તણો હૈયે હાર રે. શી૦ કાને કુંડળ સર્પનાં સાર રે. શી. ૩
બાંધ્યા સર્પ તણા બે બાજુ રે. શી૦ કેડે કંદોરો સર્પનો કાજુ રે. શી. ૪
શોભે સર્પ જટા અભંગ રે. શી૦ ધારી વિભુતિ સર્વે અંગ રે. શી. ૫
એવા જોઈ ભૂતગણ નાથ રે. શી૦ વારી જાય છે બદ્રિનાથ રે. શી. ૬

### પદ – ૩

ધન્ય ધન્ય તે ધર્મનું ધામ રે. શંકર સુખકારી
કરે સેવા તેનાં સરે કામ રે. શંકર સુખકારી. ૧
જેને દયા ઘણી દિલમાંય રે. શં. થોડી સેવાએ રાજી બહુ થાયરે.શં.
થયું સાગરથકી ઝેર જ્યારે રે. શં. લાગીબળવા ત્રિલોકી ત્યારે રે. શં.
જોઈ દયા આવી અપાર રે. શં. સાધી જોગ કલા તેહ વાર રે. શં.
હળાહળ હાથે વિખ લીધુ રે. શં. સૌને જોતાં પોતે પાન કીધું રે. શં.

બદ્રિનાથકહે તેદી સુખધામ રે. શં. નિલકંઠ શંકર પડ્યું નામ રે. શં.

### પદ – ૪

મહાદેવ ભોળો ભવ નામ રે. સિધ્ધેશ્વર શંભુ.
જેણે બાળી કર્યો નાશ કામરે. સિધ્ધેશ્વર શંભુ.૧
પીયે ભાંગ ને રહે અવધુતરે. સિ. વળી ભેગાં ભમે ઘણાં ભૂતરે. સિ.
કર્યો દક્ષ તણો યજ્ઞ ભંગ રે. સિ. વિર ભદ્ર ઉપજાવી અંગ રે. સિ.
દક્ષ માથું કાપીને હોમ્યું કુંડરે. સિ. પછી ચોડ્યું બકરાનું મુંડરે. સિ.
એવાં કરે ચરિત્ર અપારરે. સિ. જન સુંણી પામે ભવપારરે સિ.
નમું વારંવાર જોડી હાથરે. સિ. દાસ કહે છે બદ્રિનાથ રે. સિ.

### રાગ ગરબી પદ – ૧

કેશવપ્રસાદજી ચાલી ગયા રે, શ્રીજી સાથે અક્ષરધામ જો;
સરવે સંત વરણી પાળા રુવે રે, રુવે સરવે પુરુષ ને વામ જો. કે. ૧
પ્રથમ ઉદાસી થઈ આ લોકથી રે, વાળી વરતી અંતર માંય જો;
શ્રીસહજાનંદમાં મન જોડીયુંરે, બીજીવાત ગમે નહી કાંય જો. કે. ૨
દિવસ ચાર સમાધિમાં રહ્યા રે, પાંચે આવ્યા દિવ્ય વિમાન જો;
શ્રીજી આવ્યા પોતે તેડવા રે, સૌને દીધાં દર્શન દાન જો. કેશ. ૩
ચાલીશ ઉપર છઠ્ઠિ શાલની રે, ચૈત્ર વદી ચોથ કહેવાય જો;
તેતો સૌને દુઃખકારી થઈ રે, તે દુઃખ મુખ વરણ્યું નવ જાય જો. કે. ૪
પુરુષોત્તમદાસ રુવે ઘણું રે, બોલે વચન શોકની ઝાળ જો;
નાની વયમાં મુક્યો મુજનેરે, મારી કોણ કરશે પ્રતિપાલ જો. કે. ૫
બેઉ પત્નિ પોકારે અતિ ઘણું રે, રોઈ રોઈ આંખો કરી છે રાતી જો;
સુણી વિલાપ શ્રવણે તેમના રે, જાય ફાટી સૌની છાતી જો. કે. ૬
ગંગાબેન રુવે અતીસે ઘણું રે, જમનાબેન રુવે થઈ દીન જો;



થર થર કંપે કાયા તેમની રે, જેમ જલ વિનાનાં મિન જો. કે. ૭
તાજા તુરંગ સુણી તે વાતને રે, ધ્રૂજી ધરણી પડ્યા તે વાર જો;
તૃણજળ સરવે તેણે ત્યાગીયુંરે, ચાલી લોચનમાં જળ ધારજો. કે. ૮
પશુ પંખી સર્વે ઝાંખાં થયાં રે, ત્યારે મનુષ્યની શી વાત જો;
વચન વિચાર્યુ શિક્ષાપત્રીનું રે, તેથીકરી નહિ આત્મઘાત જો. કે. ૯
હાહાકાર થયો સુણી શહેરમાં, સરવે હાટે પડી હડતાલ જો;
મોટા મોટા રુવે સુંણી શેઠીયારે, રુવે વૃદ્ધ જોબન ને બાળજો. કે. ૧૦
જે સુણે તે મુખે હાયહાય કરે રે, આજ થયો કાળો કેર જો;
દૈવ શું ગમીયું તુજને રે, તુજને કાંઇ ન આવી મેર જો. કેશવ. ૧૧
પછી વિમાન જરીનું બનાવીયું રે, ઉપરસોનાં શિખર ઘાલ્યાં જો;
મધ્યે મહારાજને પધરાવીને રે, ઉત્સવકરતા સરવે ચાલ્યા જો.કે. ૧૨
થાય ઉછવમાં રુદન અતિ રે, સૌનાં કંપે થર થર કાય જો;
ધિર ધરી શકે નહિ અંતરે રે, વાજાં હાથેથી પડી જાય જો. કે.૧૩
આગળ સોનામહોરો ઉડે ઘણી રે, અન્નનાં ગાડાં ઉભી વાટ જો;
આવી રીતે ઉત્સવ કરતા રે, ગયા નારાયણને ઘાટ જો. કે. ૧૪
ચંદન ચિત્તામાં પધરાવીને રે, દીધો અગ્નિ કેરો દાહ જો;
સંતહરિજન સૌ રુદન કરેરે, કહે આજ અમારાં અભાગ્ય જો . કે.૧૫
સ્નાન કરી પછી સૌ ચાલીયા રે, આવ્યા મંદિરમાં તત્કાળ જો;
સુનુ મંદિર જોઇને નજરે રે, ઉઠી અંતર સૌને ઝાળ જો. કે. ૧૬
વરણી પાળા હરિજન સંતને રે, આંખે આંસું નવ સુકાય જો;
ધીર ધરી શકે નહિ અંતરે રે, વારે વારે હૈયાં ભરાય જો. કે. ૧૭
રામશરણજી જોવા કારણે રે, આવ્યા દૂર થકી ઘણે સ્નેહ જો;
સુંણી મૃત્યુ શ્રવણે ભાઈનું રે, તુરત ત્યાગી દીધો દેહ જો.કે. ૧૮

સુનો મેડો શૂળી સમ થયો રે, વળી જાણે કાળો વ્યાલ જો;
ગાદીતકીયો ગાડી ગાદલું રે, ઢોલીયો દેખી ઉઠે ઝાળ જો. કેશ. ૧૯
સર્વે સુનુ લાગે સર્વેને રે, મેડો મંદિર ખાવા ધાય જો;
દાઝે ચિંતાએ તનડાં ઘણાંરે, પળએક કલપ સરીખી જાય જો. કે.
દેશ વિદેશ જન સુંણી વારતા રે, પડે પૃથ્વી પર તત્કાળ જો;
આંખે આંસુની ધારા વહે રે, ઉઠે અંતર દુઃખની ઝાળ જો. કે.૨૧
સર્વે ગુણ સંભારે તેમના રે, ધીરજ ધારી દયા અપાર જો;
શાસ્ત્ર પુરાણમાં જાણે ઘણુંરે,જાણે વેદ તણો વળી સાર જો. કે.૨૨
આવી સંત સભામાંહી બેસતા રે, કરતા જ્ઞાન ધરમની વાત જો;
બોલે શ્લોક મુખેથી અતિઘણારે,થાય શાસ્ત્રી સુંણી રળિયાત જો.કે. ૨૩
મોટા રાજા રૂડી રીતીથી રે, તેડાવે કરી બહુ તાણ જો;
તનધન સર્વે સોંપી આપણુંરે, થઈરહે તેમના વેચાણ જો. કેશ. ૨૪
કેશવ જશ વિસ્તારીયો જગતમાં રે, દીધો ડંકો દેશો દેશ જો;
કવિજન ઉપમા તે નવ કહી શકે રે, કેતાં પાર ન પામે શેષ જો. કે. ૨૫
એવા ગુણ સંભારી એમના રે, આવે સોનાં હૈયાં ભરાય જો;
નેણે ધારા છૂટે નીરની રે, ધ્રૂજી ધરણીએ પડી જાય જો. કેશ. ૨૬
શ્રીજી તમને તે શું ગમીયું રે, કર્યો કેવો આજ વિચાર જો;
સ્થંભ ઉખાડીને સતસંગનો રે, સૌને કર્યાં નિરાધાર જો. કે. ૨૭
સ્વામી તમને ગમીયું તે ખરું રે, એમાં નથી અમારો ઉપાય જો;
દયાકરી સૌ સતસંગીનીરે,કરજો કઠણ સમયમાં સાર જો.કે. ૨૮
સારો સંપ થાય બેય દેશમાં રે, એવી સૌને બુદ્ધિ દેજો જો;
બદ્રિનાથ કહે કર જોડીને રે, મુજને વેલો તેડી લેજો જો. કેશ. ૨૯



## રાગ પારણું - પદ ૧

અલોલોલોલોલો હાલ ખમા તુને રે, ઘણું ઘનશ્યામને હાલો ગૌ. ટે.
પ્રિતમજીનું પારણું શોભે. હિરા હેમ જડૌ;
સાવ સોનાનાં મોર બિરાજે, જોઈને મન લોભે. અલોલો. ૧
પારણીયામાં પ્રિતમ પોઢ્યા, મુખે મંદ હસૌ;
પ્રેમવતી અતિ પ્રિત કરીને, હીરની દોરી હલૌ. અલોલો. ૨
હેતે હરિને હિંચકો નાખી, હુંસે હાલો ગૌ;
ભુધરજીનાં ભાંમણાં લઈને, તન ધન વારી જૌ. અલોલો. ૩
માવને રૂડા મેવા જમાડું, દૂધને સાકર પૌઆ કાજુ;
કન્યા મારા કોડીલાને, પ્રિત કરી પરણૌ. અલોલો. ૪
શાંમળો સોહન, અસુર મોહન, સંતોને સુખ દૌ;
મોહન મારા રૂદીયામાંહી, અહોનીશ તમે રૌ. અલોલો. ૫
છપૈયા શહેરની સુંદરી આવી, લાડને લાડ લડૌ;
ખમા ખમા ઘણું જીવો, કહી મુખે ચુંબન લૌ. અલોલો. ૬
કાલીદત્ત દૈત્યને માર્યો, કૃત્યા સૌ નશૌ;
શરણે આવ્યાં અમે તમારે, તેને ઉદ્ધારી લૌ. અલોલો. ૭
દરશન સારુ શિવજી આવ્યા, જટા જુટ બનૌ;
વાઘાંબર ઓઢીને ઉભા, ડુમ ડુમડાક બજૌ. અલોલો. ૮
ભુધર જોવા બ્રહ્મા આવ્યા, વાહન હંસ બેસૌ;
નારદ નાચે વિણા લઈને, તુંબરું તાન બજૌ. અલોલો. ૯
હેત કરી જે હાલો ગાશે, તેનાં પાપ નશૌ;
બદ્રિનાથ શ્યામને ઉપર, પ્રાણ વારી વારી જૌ. અલોલો. ૧૦

### રાગ ધોળ પદ - ૧

સખી અક્ષરધામથી આવીને.

આજ પ્રગટ થયા અલબેલ છોગાંવાળો છેલ;

કૃપા કરી શ્રી હરિ.

દેશ પૂરવમાં પોતે પ્રગટ્યા, રૂડું કહીએ છપૈયા ગામ;

ધરમને ધામ. કૃપા.૨

ત્યાં લીલા કરી બહુ ભાતની, પછી લીધો વાલે વનવાસ;

થઈને ઉદાસ. કૃપા. ૩

બહુ દિન વન વાલો વિચર્યા, કર્યા પતિત જન પાવન;

દઈ દરશન. કૃપા. ૪

ગિરધારી ગામ લોજ આવિયા, વાવ્ય તિરે બેઠા વ્રજ ચંદ;

મળ્યા સુખાનંદ. કૃપા. ૫

સુખાનંદજીની સુંણી વિનંતી, ગયા જગ્યા માંહી ગોવિંદ;

દિઠા મુક્તાનંદ. કૃપા. ૬

બદ્રિનાથ કહે વરણી જોઈને, ઉઠી સામા આવ્યા સંત સાથ;

નમ્યા જોડી હાથ. કૃપા. ૭

### પદ - ૨

નિલકંઠે પૂછયું મુક્તાનંદને, જીવ ઈશ્વર માયાનું રૂપ,

કહો મુની ભુપ; સર્વે હિત કારણે. ૧

નિરમાની થઈ મુકતાનંદજી, આપ્યો ઉત્તર શાસ્ત્ર પ્રમાણ;

જોડી બેઉ પાંણ. સર્વે. ૨

ગુણવાન સંત સહુ જોઈને, રહ્યા લોજમાંહી જગવૃંદ;



પામ્યા સૌ આનંદ. સર્વે. ૩

મુક્તાનંદજીએ પત્ર લખીયો, સ્વામી રામાનંદજી ઉપર;

અતિશે સુંદર. સર્વે. ૪

નિલકંઠજીએ પણ લખીયો, પછી તેડયા ભટ્ટ મયારામ;

લખ્યાં શિરનામ. સર્વે. ૫

પત્ર લઈ મયારામજી ચાલીયા, ગયા ભુજમાં કરી હુલાસ;

રામાનંદ પાસ. સર્વે. ૬

ગંગારામ ઘેર સ્વામી શોભતા, નામી શિષ્ય આપ્યા પત્ર હાથ;

કહે બદ્રિનાથ. સર્વે. ૭

### પદ - ૩

પત્ર વાંચી સ્વામી એમ બોલીયા, સરવે જાણી લેજો મારા દાસ;

આવ્યા અવિનાશ, સરવે જન સાંભળો. ૧

અમે ડુગડુગીને રે વગાડીયે, વાંસે આવે રમત કરનાર;

કરવા ભવપાર. સરવે. ૨

એવું કહ્યું હતું પહેલું તમને, તેહ વાત સાચી થઈ આજ;

પધાર્યા મહારાજ. સરવે. ૩

પછી ભુજથી સ્વામી સીધાવીયા, આવ્યા મહેતા નરસિંહને ધામ;

પિપલાણે ગામ. સરવે. ૪

ત્યાં સરવે સંતને તેડાવીયા, સંત સંગે આવ્યા દિનાનાથ;

મળ્યા ભરી બાથ. સરવે. ૫

પૂછ્યા શુભ સમાચાર સ્વામીએ, હેતે કરતાં પરસ્પર વાત;

થયું પ્રભાત. સરવે. ૬

દઇ દીક્ષા ધાર્યું રૂડું નામને, બદ્રિનાથ કહે સહજાનંદ;
જન સુખકંદ. સરવે. ૭

### પદ – ૪

ધર્મધુર સોંપી ધર્મ સુતને, રામાનંદજીએ ત્યાગ્યું તન,
થઇ પ્રસન્ન; અધમ ઉધારીયા. ૧
પછી શ્રી સહજાનંદ સ્વામીએ, પ્રગટાવ્યો પ્રતાપ અપાર;
સુંણી વાધે પ્યાર. અધમ. ૨
કરાવે સમાધિ સર્વે જનને, જાય ધામમાંહી તતખેવ;
દેખે ઈષ્ટ દેવ. અધમ. ૩
જાણી સર્વેના કારણ શ્યામને, થાય શિષ્ય જોડીને બે હાથ;
નામે ચરણે માથ. અધમ. ૪
એવો પ્રગટ પ્રતાપ દેખાડીયો, કેતાં પાર પામે નહી શેષ;
શારદા ગણેશ. અધમ. ૫
જેહ જન પ્રિતે શીખે સાંભળે, વળી ગાશે કરી અતિ પ્યાર;
તરસે સંસાર. અધમ. ૬
સુખકારી શ્યામ છબી ઉપરે, દાસ બદ્રિનાથ વારી જાય;
હેતે ગુણ ગાય. અધમ૦ ૭

### રાગ ધોળ પદ – ૧

રૂડું છપૈયા શેર સોહામણું, જ્યાં પ્રગડ્યા પોતે ભગવાન,
કરવા કલ્યાણ, મહિમા તેનો શું કહું. ૧
શહેર મધ્યે મંદિર અતિ ઓપતું, તેમાં રાજે છે પુરાણ કામ;
નામ ઘનશ્યામ. મહિમા. ૨



વળી સરોવર અતિ સોહામણું, જેનું નારાયણસર નામ;
નાહ્યા જેમાં શ્યામ. મહિમા. ૩
બાંધ્યા ઘાટ વાત તેની શી કહું, જાણે રચ્યા વિરંચિયે આપ;
કહે નાવે માપ. મહિમા. ૪
સારાં સોપાન મણીનાં બાંધિયા, બાંધ્યા બુરજા જુજવી જાત;
કનકની ભાત. મહિમા. ૫
માંહી કમળનાં વન ફુલીયાં, મધુકર કરે છે ગુંજાર;
સુણી વાધે પ્યાર. મહિમા. ૬
હુંસે હંસ વસે તેનાં તિરમાં, નાય નિરમા સંત મહંત;
ભજે ભગવંત. મહિમા. ૭
રૂડાં નાવ નવિન ફરે ઘણાં, નાના હુંડીયાની હીલે જોડ;
કરે દોડા દોડ. મહિમા. ૮
તીરે ફુલની વાડી ફુલી રહી, બીજાં વૃક્ષ વેલી ઘણીં સાર;
કહે નાવે પાર. મહિમા. ૯
મનોહર સર એવું શોભતું, તેમાં જેટલી ડુબકી ખાય;
યજ્ઞફળ થાય. મહિમા. ૧૦
જેનું શ્રાદ્ધ સરાવે તે તીરમાં, તત્કાળ તેની મુક્તિ થાય;
બ્રહ્મ લોકે જાય. મહિમા. ૧૧
કોઇ પાપી અતિ હોય પ્રાણીયો, જન્મ ધરી કર્યાં હોય પાપ;
અતિશે અમાપ. મહિમા. ૧૨
મૃત્યુ ટાણે પાય જળ તેહનું, તેનાં પાપ સર્વે બળી જાય;
સદ્ય મુક્તિ થાય. મહિમા. ૧૩

તેને તીરે જમાડે ભૂદેવને, ગૌરી ગાયનાં આપે જે દાન;
કરી સન્માન. મહિમા. ૧૪
તેનું પૂન્ય અક્ષય તેને થાય છે, એમ ગાય છે સારદ શેષ;
વળી અજ ઈશ. મહિમા. ૧૫
એવો મહિમા તે છે એહ સરનો, તેતો મુખે કહ્યો નવ જાય;
શેષ નિત્ય ગાય. મહિમા. ૧૬
વળી અડસઠ તિરથ આવીને, કર્યો નારાયણસરે વાસ;
કરી હુલાસ. મહિમા. ૧૭
સ્નાન કરવા દોડી આવે દેવતા, ઘનશ્યામનાં કરી દર્શન;
માને અતિ ધન્ય. મહિમા. ૧૮
એવા તિરથમાં નાહ્યો જે પ્રાણિયો, તેની માત પિતાને છે ધન્ય;
કુળ થયું પાવન. મહિમા. ૧૯
અલ્પ બુદ્ધિ છે મહિમા હું શું કહું, નથી કેવાતું જેમ છે તેમ;
પહોંચે બુદ્ધિ કેમ. મહિમા. ૨૦
જેહ જન પ્રિતે શિખે સાંભળે, વળી ગાશે કરી અતી પ્યાર;
તરસે સંસાર. મહિમા. ૨૧
દાસ બદ્રિનાથ માગે પ્રિતથી, પ્રભુ આગે જોડીને બે હાથ;
રાખજો સંગાથ. મહિમા. ૨૨

### રાગ ધોળ પદ – ૧

મહિમા કહું રે મોટા ધામનો, સુંણો સર્વે રે જન;
પ્રતિત જાણિને અંતરે, સત્ય માનજો મન. મહિમા. ૧
છપૈયા શહેર સોહામણું,જનમ્યા જયાં ઘનશ્યામ;



સર્વે ધામમાં શિરોમણિ, ધામ છપૈયા ગામ. મહિમા. ૨
મંદિર ત્યાં અતિ ઓપતું, શોભા કહિ નવ જાય;
હરિજન હજારો હલકિને, દોડી દરશને જાય. મહિમા. ૩
શિખર મંદિરનાં ત્રણ છે, ઉંચાં અડ્યાં ગગન;
જરિની ધજાઓ ફરફરે, જોઇ થઈએ મગન. મહિમા. ૪
હાથણિયુંને હૈયારખિ, પગથિયાની હાર;
બેઉ બાજુ પર દેવ છે, તે તો શોભે અપાર. મહિમા. ૫
ભોળા ભવાનીને ગણપતિ, વળી દિપે દિનેશ;
હનુમાન રહે હજુરમાં, ગદા લૈને હમેશ. મહિમા. ૬
મંડપ મણિમય બાંધ્યો, બાંધિ હાંડિની હાર;
લીલી પિળીને નવરંગિ, ગણતાં આવે ન પાર. મહિમા. ૭
ઝમરખ તે ખલકે ઘણા, દિપે દિવા અનેક;
એહ આદિ શોભા મંદિરની, કેતાં આવે ન છેક. મહિમા. ૮
પહેલા દેવળમાં જે દેવ છે, કહું તેહનાં નામ;
રાધા કૃષ્ણ વાસુદેવને, જોઇ થાઈએ નિષ્કામ. મહિમા. ૯
મધ્યના મંદિર આગળે, ઉભા બે ચોપદાર;
કનક છડી લઈ કરમાં, કરે જય જય ઉચ્ચાર. મહિમા. ૧૦
રતન સિંહાસન ઉપરે, રાજે સુંદર શ્યામ;
અખિલ લોકના અધિપતિ, નામ છે ઘનશ્યામ. મહિ. ૧૧
માધુરી મૂરતિ માવની, હસે મુખથી મંદ;
શોભા જોઇ શણગારની, થાય અતિ આનંદ. મહિમા. ૧૨
જામો જરિનો ઝગમગે, રૂડિ ચાળ વિશાળ;

સોનેરી બુટ્ટાએ શોભતો, પેર્યો છે સુરવાળ. મહિમા. ૧૩
મુગટ મણિમય માથડે, ખંભે સુંદર સાલ;
કનક સોટી શોભે કરમાં, વળી રેશમી રુમાલ. મહિમા. ૧૪
કંઠમાં ઉતરી ઓપતી, પેરી પ્રાણ આધાર;
ગંઠો મોતી દામ દમકે, હૈયે ચંદન હાર. મહિમા૦ ૧૫
વેઢ વીંટી કડાં સાંકળાં, બાંધ્યા બાજુ બે બાંય;
ચરણમાં ઝાંઝર ઝમકે, શોભા કહી નવ જાય. મહિમા૦ ૧૬
કાનમાં કુંડળ લળકે, રૂડે નંગ જડાવ;
ચમર ઢળે શિર શ્યામને, શોભે નટવર નાવ. મહિમા૦ ૧૭
ભક્તિ ધરમ દ્રઢ ભાવથી, સદા રહે સંગાથ;
પ્રદ્યુમન માન મૂકીને, ઉભા જોડી બે હાથ. મહિમા૦ ૧૮
ત્રીજે મંદિર રામ રેવતી, હરિકૃષ્ણ કહેવાય;
એ આદિ મૂરતી દશને, રાખો રૂદિયા માંય. મહિમા. ૧૯
છપૈયે જઇ ઘનશ્યામનાં, જેણે કર્યાં દરશન;
ધન્ય ધન્ય તેહ જનને, કર્યું કુળ પાવન. મહિમા. ૨૦
જન્મ સ્થાન જે જને જોયું, કહું તેને છે ધન્ય;
ધન્ય ધન્ય તેની માતને, તેના તાતને ધન્ય. મહિમા. ૨૧
નારાયણસર નાઇને, છપૈયામાં લે છાપ;
તેજ સમે તે પ્રાણીનાં, જાય સમુળાં પાપ. મહિમા. ૨૨
અડસઠ તિરથ આવીને, કર્યો છપૈયે વાસ;
તેત્રીશ કોટી દેવતા, રહે કરી ઉલાસ. મહિમા. ૨૩
એવા તિરથમાં જે જન ગયો, પ્રિતે કરી એક વાર;



ઈકોતેર કુળ તેહનાં, પામે ભવ જળ પાર. મહિમા. ૨૪
મહિમા અપરંપાર છે, તેહ ધામનો આજ;
ભવ બ્રહ્માદિક ગાય છે, ગાય સંત સમાજ. મહિમા. ૨૫
જે જન શીખે ને સાંભળે, ગાશે કરીને પ્યાર;
દાસ બદ્રિનાથ એમ કહે, સેજે તરશે સંસાર. મહિમા. ૨૬

### રાગ ધોળ પદ – ૧

છોટી ઉમરમાં માવજી રે, મેલી ચાલ્યા ઘરબારરે,
શામળીયા છેલછપૈયે પધારજો રે,
પ્રભાતે પ્રભુ પધારીયા રે, અધમનો કરવા ઉદ્ધાર રે. શામળીયા.
વનની વાટે વાલો ચાલીયા રે, આણી અંતરમાં ઉમંગ રે. શામ.
પગમાં પેરી નહિ મોજડી રે, અંગરખી નહિ અંગ રે. શામળીયા.
એકાએકી ચાલી નીસર્યા રે, જોવા રહ્યા નહી જોડ રે. શામળીયા.
સુતાં સંબંધીને મેલીયાં રે, પુરા કર્યા નહિ કોડ રે. શામળીયા.
સખા શોધે ઘનશ્યામને રે, દિલમાં થઈ દિલગીર રે. શામળીયા.
ક્યાંય મળ્યા નહિ માવજી રે, નેણે વહે સૌને નિર રે. શામળીયા.
રામપ્રતાપ રુવે ઘણું રે, ભાભી રુવે ઘરમાંહી રે. શામળીયા.
છોટા બંધુ ઈચ્છારામજી રે, રુવે કહી કહી ભાઈ રે. શામળીયા.
શ્યામને શહેરમાં શોધીયા રે, શોધીયાં હાટ બજાર રે. શામળી.
વનમાં વસે ઘણા દીપડા રે, સિંહ સૂવર શ્યાળ સાપ રે. શામળી.
તેથી બીશો મારા વાલમા રે, પાછા વળી આવો બાપ રે. શામ.
તમ રે વિના સહુ દુઃખીયાં રે, સગાં કુટુંબ પરિવાર રે. શામળી.
પહેલાં પ્રિતમ સુખ આપીયાં રે,આ સમે દુઃખનો નહિ પારરે. શા.

માતા વિના દુઃખી બાળકાં રે, નીર વિના જેમ મીન રે. શામળી.
આંખો વિના દુઃખી આંધળો રે, તમ વિના સૌ એમ દીન રે. શામ.
રાત દિવસ ન આવે નિંદરા રે, દિલમાં દુઃખ બહુ થાય રે. શામ.
બદ્રિનાથ કહે તમ વિના રે, પળ તે કલપ સમ જાય રે. શામળી.

### રાગ ધોળ પદ – ૧

મુકુંદ મુનેરે મેલી ગયા, કરી કઠણ મન;
દયા ન આવી દિલમાં, મેલ્યાં અધવચ વન. મુકુંદ. ૧
આશા મનમાં એવી હતી, જાણું લઈ જાશે સાથ;
નહિ તો ઝાઝુ પોતે આંહી રહી, સુખીયા કરશે અનાથ. મુકુંદ. ૨
પહેલી પ્રિતી તો બહુ કરી, સદા રાખીને પાસ;
કેમ ઉતારી રે આ સમે, અમથી થઈને ઉદાસ. મુકુંદ. ૩
બહુ રે દયાળુ છો તમે, કઠણ થયા કેમ આજ;
દાસ જાણીને પોતાતણા, રાખો મેર મહારાજ. મુકુંદ. ૪
તમ રે વિના ગમતું નથી, કહીયે કેને જઈ વાત;
હેત વચન કહી મુજને, કીધો વિશ્વાસઘાત. મુકુંદ. ૫
આસન સુનું રે દેખીને, થાય ઉદાસ મન;
મંદિરમાં ગમતું નથી, દાઝે ચિંતાયે તન. મુકુંદ. ૬
મુકુંદ કંદ તમે સુખ ન દીધું, દીધું દુઃખ અપાર;
તમને ઘટે નહિ નાથજી, દયા આણો લગાર. મુકુંદ. ૭
ઓચિંતાના ચાલી નિસર્યા, માની એકનાં વચન;
અમને મેલ્યાં તમે રડતાં, એવું ન ઘટે જીવન. મુકુંદ. ૮
કર બે જોડી વિંનતી કરી, દાસ કહે બદ્રિનાથ;



કૃપા કરી મુજ ઉપરે, સદા રાખો સંગાથ. મુકુંદ. ૯

### રાગ થાળ પદ – ૧

મારે મંદિર આવી મહારાજ રે, જમજો જીવનજી
હરિ હેતે કરીને તમે આજ રે. જમજો. ૧
મેં તો ભોજન કર્યાં બહુભાવ રે. જમજો.
આવી બેસો બાજોઠીયે માવ રે. જમજો. ૨
લાવું કનક થાળ જીવન રે. જમજો.
માંહી પુર્યાં છે બહુ ભોજન રે. જમજો. ૩
દૂધપાકને પૂરણ પોળી રે. જમજો.
રસ રોટલી ઘીમાં ઝબોળી રે. જમજો. ૪
શીરો પૂરીને સેવ સુંવાળી રે. જમજો.
ચોળ્યાં ચુરમાં ઘી ઘણું ઘાલી રે. જમજો. ૫
માલપુવા ને મોતિયા લાડુ રે. જમજો.
જલેદાર જલેબી સ્વાદુ રે. જમજો. ૬
રૂડાં ઘેબરને મેસુબ રે. જમજો.
ઘાલ્યું કંસારમાં ઘી ખૂબ રે. જમજો. ૭
ગુંદવડાં ગુજાંને ખાજાં રે. જમજો.
વળી બિરંજમાં ઘી ઝાઝાં રે. જમજો. ૮
ગળ પાપડી પુડલા પ્યારા રે. જમજો.
સારા સાટાને સકરપારા રે. જમજો. ૯
કાજુ કેળાંને રોટલી ઝીણી રે. જમજો.
સેવદળને સુતરફેણી રે. જમજો. ૧૦

કર્યો શીખંડ મેં તો રૂડી રીત રે. જમજો.
વળી ટોપરાપાક કર્યો પ્રિત રે. જમજો. ૧૧
બાસુંદીને બરફી શોભે રે. જમજો.
મગદળ મગજ મન લોભે રે. જમજો. ૧૨
મોરબા કેરી દ્રાક્ષ તણા રે. જમજો.
વળી વઘાર્યા લીલવા ચણા રે. જમજો. ૧૩
કર્યા ભૂધર ભજીયાં ભારી રે. જમજો.
કઢી વડી સુંદર છમકારી રે. જમજો. ૧૪
ઘણે ઘીયે સુરણ વઘાર્યા રે. જમજો.
કંકોડાં કોળાં છમકાર્યા રે. જમજો. ૧૫
પરવળ વાલોળ વંતાક રે. જમજો.
એહ આદિ કર્યા બહુ શાક રે. જમજો. ૧૬
કર્યા રાયતાં મેં પરિબ્રહ્મ રે. જમજો.
દાર તુવેરની કરી નરમ રે. જમજો. ૧૭
કેરી કાચળી તળી આંથ્યુ આદુ રે. જમજો.
લીંબુ મરચાં કેરાં છે સ્વાદુ રે. જમજો. ૧૮
જમો ધીરે ધીરે વાલમ રે. જમજો.
શરમ રાખો તો મારા સમ રે. જમજો. ૧૯
તમે જમોને જાદવરાય રે. જમજો.
હું તો વિંજણે ઢોળું વાય રે. જમજો. ૨૦
સારુ સારુ જમો જીવન રે. જમજો.
જોઈ રાજી થાય મારું મન રે. જમજો. ૨૧



દૂધભાત જમો હરિરાય રે. જમજો.
નાખું સાકર ખોબા ભરી માંય રે. જમજો.૨૨
થઈ તૃપ્ત કરો ચળુ નાથ રે. જમજો.
રૂડો રૂમાલ લ્યો લુવો હાથ રે. જમજો. ૨૩
ઘેરા ગુલાબી હાર પેરાવું રે. જમજો.
તોરા બાજુને ગજરા ધરાવું રે. જમજો. ૨૪
લાવુ લવિંગ એલચી સારી રે. જમજો.
કાથો ચુનો ને પાન સોપારી રે. જમજો. ૨૫
કરી બીડાં લ્યો તમે હાથ રે. જમજો.
વારી જાય છે બદ્રિનાથ રે. જમજો. ૨૬

### રાગ ભૈરવી પદ – ૧

પ્રેમવતિ અતિ પ્રિત કરીને, શ્યામ સુંદરને જગાવે રે;
વારે વારે ઘનશ્યામ કહીને, હેત ઘણેથી બોલાવે રે. પ્રેમ. ૧
પ્રાણજીવન પુરુષોતમ પ્યારા, ઉઠોને આળસ જાવે રે;
પંખી બોલે પાડોશણ જાગી, ગુણ તમારા ગાવે રે. પ્રેમ. ૨
સુખકારી શંકર આવી ઉભા, દ્વારે તે ડમરું બજાવે રે;
નારદ નૌતમ વિણા લઈને, થઈ થઈ પાવ નચાવે રે. પ્રેમ. ૩
સખા તમારા તમને મળવા, આતુર અંતરે બહુ થાવે રે;
દાસ બદ્રિનાથ કહે કરજોડી, દરસન દ્યો દુઃખ જાવે રે, રે. પ્રેમ. ૪

### પદ – ૨

શામળીયો સુખસાગર ઉઠ્યા, ઉંઘમાં આળસ મોડીને;
ભવ બ્રહ્મા સનકાદિક આવ્યા, દરશન કારણ દોડીને. શામ. ૧

ભક્તિ માતા ઘણો ભાવ કરીને, કોમળ દાતણ દીધું રે;
પ્રાણજીવન મનમોહન પ્યારે, પ્રિત કરી કર લીધું રે. શામ. ૨
કુંદ કલી સમ દંત સુધારી, કર્યું મંજન મુખ માવે રે;
બાજોઠ કંચન કેરે બિરાજ્યા, કરવા નાવણ ભાવે રે. શામ. ૩
તેલ ફુલેલ અત્તર અંગે ચોળી, માતાજીએ નવરાવ્યા રે;
દાસ બદ્રિનાથ શ્યામને નીરખી, તનના તાપ બુઝાવ્યા રે. શા. ૪

**પદ – ૩**

મદન મનોહર માવને માતા, વિધ વિધ વસ્ત્ર પહેરાવે રે;
વારે વારે ઘનશ્યામને નિરખી, અંતરમાંહી ઠેરાવે રે. મદન. ૧
સુંથણલી સુંદર સુખકારી, અંગરખી અંગે પેરી રે;
શીરપર ટોપી કાનમે મોતી, કંઠમાં કંઠી સોનેરી રે. મદન. ૨
ઠુમક ઠુમક પગ નેપુર વાગે, ઘમ ઘમ ઘુઘરુ ગાજે રે;
કનક કડાં કાજુ કર પુંચી, બાંયે બાજુબંધ રાજે રે. મદન. ૩
હાર હજારી હૈયે હરિ પેર્યો, મોતીની માળા બિરાજે રે;
દાસ બદ્રિનાથ શ્યામને નિરખી, કોટિક કંદર્પ લાજે રે. મદ. ૪

**પદ – ૪**

જગના જીવનને જનની જમાડે, ભોજન ભાવે બનાવી રે;
કંચન કેરો પાટ બિછાવી, પ્રીતમને પધરાવી રે. જગના. ૧
સુંદર શીરો સેવ સુંવાળી, ઘેબર ઘાટાં બનાવી રે;
પુરણપોળી ઘીમાં ઝબોળી, લાડુ જલેબી લાવી રે. જગના. ૨
વિધ વિધ સુંદર શાક અથાણાં, ભજીયાં વડાં દઈથરીયાં રે;
પ્રિત કરીને જમે જગજીવન, ભાત દૂધ સાકરીયા રે. જગના. ૩



ચળુ કરી ચુપે મન મોહન, પાન બીડાં મુખ મેલી રે;
દાસ બદ્રિનાથ શ્યામ છબી લઈ, અંતરમાં ધરેલી રે. જગ. ૪

**રાગ કાફી હોરિ પદ – ૧**

શામળો મોંસે ખેલત હોરી. શાંમળો.
મેં જમુનાં ભરન ગઈતી, લઈ ગાગર શિર કોરી;
આય અચાનક મળ્યો ડગર મહિ, સંગે સખાકું બટોરી;
દેખી મોકુ નવલ કીશોરી. શાંમળો. ૧
હોરી હોરી કહી ઝોરી ચલાવત, ગાવત અંગ મરોરી;
કેશર ગાગર લઈ મન મોહન, આવ્યો સખિ શ્યામ દોરી;
હસી મોરે શિર પર ઢોરી. શાંમળો. ૨
અબિર ગુલાલ લઈ મુખ મીજ્યો, કર પકર્યો બર જોરી;
ભીડી ભુજામાંહિ મોકુ પકરકે, કંચુનકી કસ તોરી;
કાઉસે હોના હિલચ્યોરી. શાંમળો. ૩
બૈયાં મરોરી અતિ ઝક ઝોરી, ડાર્યો કંગનવા ફોરી;
દાસ બદ્રિનાથ કહે કહા વરનું, હાર હૈયાકો તોરી;
ગયો મોકું રંગમે રોરી. શાંમળો. ૪

**પદ – ૨**

બાવરે મોરી ચુનર ફારી. બાવરે.
અબીલ ગુલાલકી મુઠી ભરી, દોડ આવ્યો નજીક મોરારી;
સુંદર વાત કહી મનમોહન, સુરત ચુકાઈ હમારી ગયો;
મોરી આંખ મેં ડારી. બાવરે. ૧
હોળી હોળી કહી ધુમ મચાવત, ગાવત મુખ હોંસે ગાને;

ભરી પિચકારી મારત મુખ ઉપર, દેખી સુંદર અતિ નારી ગારી;
નહિ પરણી કુંવારી. બાવરે. ૨
કેશર કુંમ કુંમ કે કિચમાંહી, પટકી મોકું ગિરધારી;
લાજ તજી મન મોહન પ્યારે, ડાર્યો કંચુ મેરો ફાડી;
હસે સખા દઈ કર તાળી. બાવરે. ૩
હસી હસીને નકી સેનમેં મોહન, ચિત્ત હરિ લોને હમારી;
દાસ બદ્રિનાથ કહે શ્યામ ઉપર, તન મન ડારું વારી;
છબિ પર જાઉ બલિહારી. બાવરે. ૪

## પદ – ૩

છપૈયે રંગ ધુમ મચાઇ. છપૈયે.

ચુવા ચુવા ચંદન અબિર અરગજા, કેશર ગાગર લાઈ;
રામપ્રતાપ ઈચ્છારામ મોહન, ખેલત તીનો ભાઈ;
શોભા મુખ બરની ન જાય. છપૈયે. ૧
શ્રીઘનશ્યામ ભરી પિચકારી, મારત સબહીકુ ધાઈ;
હોરી હોરી કહી રંગ ઉડાવત, ગાવત ફાગ ફુલાઈ;
મોહન મુખ મંદ મુસકાઈ. છપૈયે. ૨
અબીલ ગુલાલ લઈ મન મોહન, ડારત અતિ હરખાઈ;
શ્યામ સખા સબ શ્યામકે ઉપર, ભરી પિચકારી ચલાઈ;
હોળી હોળી મુખનસે ગાઇ. છપૈયે. ૩
ઉડત ગુલાલ લાલ ભયો અંબર, રવિ તેજ નાહી દેખાઈ;
અરસ પરસ સબ ખેલત, એસે માનુ મેઘ ઝરિ લાઈ;
એસો રંગ કીચ મચાઈ. છપૈયે. ૪



ભવ બ્રહ્મા સનકાદિ દેવ મુનિ, કૌતક દેખન આઈ;
દાસ બદ્રિનાથકે શ્યામ ઉપર, સુમન ઝરી બરસાઈ;
જય જય બાની બોલાઈ. છપૈયે. ૫

## પદ – ૪

છપૈયામેં મંદિર ભારી. છપૈયા.

શ્રી ઘનશ્યામજી પ્રગટ બિરાજત, અવતારકે અવતારી;
કરત દરશન અતિ પ્રેમસે જે જન, પાવે પદારથ ચારી;
જાવે વૈકુંઠ કે દ્વારી. છપૈયા. ૧
પુરવાસી સબહી નીત જાવત, પ્રેમસે સાંજ સવારી;
શ્રી ઘનશ્યામકી માધુરી મુરત, નિરખત મન ચિત્ત ધારી;
અંતર માંહી લેત ઉતારી. છપૈયા. ૨
પ્રેમ ભરે સબહી જન ગાવત, બાજત તાનમે તારી;
તાલ મૃદંગ ઝાંઝ ડફ બાજત, નાચત થઈ થઈ કારી;
બાજે તહાં દૂંદૂભિ ભારી. છપૈયા. ૩
દેશ દેશકે હરિજન ચલી જાવત, ભીડ મચત તહાં ભારી;
શીતલ સંત સભા તહાં શોભત, ત્યાગી સબે ધન નારી;
સેવે ઘનશ્યામ મોરારી. છપૈયા. ૪
કાર્તિક ચૈતમેં મેલા હો, લાગત જાવત બરન હો ચારી;
દાસ બદ્રિનાથ શ્યામ છબી પર, તન મન નાખત વારી;
મૂરતિ અંતરમે ઉતારી. છપૈયા. ૫

### રાગ કાફી હોરિ પદ – ૧

બનકાં હરિ ચલે હરખાઇ. બનકાં.
એકી ચલે હો છપૈયા સે, સંગ નહિ કોઇ સહાઇ;
બસન ભૂષન સબ ત્યાગ કરીકે, જાત ચલત વનમાંઇ;
કાહુસે હો નહિ ડરાઇ. બનકાં. ૧
ભાઇ ભોજાઇ સબે મીલી ઢુંઢત, પૂછત સબહી કાં જાઇ;
કોઇ બતાવો મોરે પ્રાણ જીવનકું, શ્યામ સુંદર સુખદાઇ;
કહાં ગયે અજ હું ન આઇ. બનકાં. ૨
રામપ્રતાપ રોવત અતિ ભારી, ભિતર રોવે ભોજાઇ;
છોટે બંધુ ઇચ્છારામ રોવત, કહાં ગયે તુમ ભાઇ;
મોરે અબ કોન સહાઇ. બનકાં. ૩
ખાન પાન સબ ત્યાગ કરી કે, મરત હે સબહી ઝુરાઇ;
દાસ બદ્રિનાથ શ્યામ વિના અબ, પલક કલપ સમ જાઇ;
કટે કેસે દિન દુઃખદાઇ. બનકાં૦ ૪

### પદ – ૨

શ્યામકું કોઇ લાવો ફેરી. શ્યામકું ૦
કોઇ લાવો મેરે પ્રાણ સનેહિ, શ્યામ સુંદરકું ટેરી;
સાંજ પરી અજહુ નહિ આયે, હારિમેં ચઉ દિશ હેરી;
દેખે સબ શહેરકી શેરી. શ્યામકું. ૧
અંગીયાં પેરી નહિ, પનિયાં પરી રહી, ચલી ગયે શ્યામ સવેરી;
શ્યામ સખા સબ શાંમકું, હેરત ટેરત વેરહી વેરી;
અખીયાંસે જલ હો પરેરી. શ્યામકું. ૨



લાગહી ભૂખ જબે બનમાંહી, તબ કુંન ભોજન દેરી;
પ્યાસ લાગી જબહી જગજીવન, પાની લાવે કુંનહેરી;
એહી બડી ચિંતા હમેરી. શ્યામકું. ૩
બનઉમે વાઘ બાનર બહું ઘુમત, ઘુમત હાથી ઘનેરી;
દાસ બદ્રિનાથ કહે બલિ જાવું, આવો શ્યામ તુંમ ફેરી;
રહો નેન આગે હમેરી. શ્યામકું. ૪

### રાગ હોરી પદ – ૪

ધામ બડા અતિ ભારી છપૈયા, ધામ બડા અતિ ભારી;
હરિજનકું સુખકારી. છપૈયા.
એહી છપૈયામે સંત બસત હે, ત્યાગી સબે ધન નારી. છપૈ. ૧
એહી છપૈયામે મંદિર સોહે, સુંદર સોહે ફુલ બારી. છપૈયા. ૨
રતન સિંહાસન શ્યામ બિરાજે, નીરખી મોહે નરનારી. છપૈ. ૩
શ્યામકી શોભા કહા મુખ બરનું, કોટી મદન બલહારી. છપૈ. ૪
ઘંટા ઘરી બાજે શરણાઇ, સંત બજાવે તારી. છપૈયા. ૫
ઝાંઝ મૃદંગ ઢોલ ડફ બાજે, ઘુઘરુ ઘમઘમે ભારી. છપૈયા. ૬
સબ મીલી જય જય બાની બોલે, નાચત થેઇ થેઇ કારી. છપૈ. ૭
બદ્રિનાથ શ્યામ છબી ઉપર, તન મન ધન બલહારી. છપૈ. ૮

### પદ – ૨

જન્મ સુફળ હોઇ જાવે, છપૈયામે.
જન્મ સુફળ હોઇ જાવે, ફિર ભવમે નહિ આવે. છપૈયા૦
છપૈયાકો મહિમા કહા કહી બરનું, શેષજી પાર ન પાવે. છપૈ. ૧
છપૈયાકી ધુરીમે જે જન લોટત, પાતક સબ જરી જાવે. છપૈ. ૨
ધન્ય ધન્ય ધુરી છપૈયા કેરી, બ્રહ્માજી શિશ ચડાવે. છપૈયા. ૩

છપૈયા કે ચૌફીર ફીરી પ્રક્રમા, જન્મ મરણ મીટી જાવે. છપૈ. ૪
બહુત જનમકે પૂન્ય જબ જાગે, તબસો છપૈયા પાવે. છપૈયા. ૫
મઘવા માન તજી હરિ આગે, કર જોડી યું કહાવે. છપૈયા. ૬
ઈંદ્રાસન તુમ ઓરકું દેહો, હમકો છપૈયા ભાવે. છપૈયા. ૭
બદ્રિનાથ શ્યામ છબી ઉપર, બારબાર બલ જાવે. છપૈયા. ૮

### પદ – ૩

નારાયનસર નહાવો છપૈયામેં, નારાયનસર નહાવો
હરખી હરિગુણ ગાવો. છપૈયા.

ચૌઘટ ઘાટ મનીમય બાંધે, બુરજ બાંધે મન ભાવો. છપૈયા. ૧
બહુત ભાતકે કમળ ખીલે હે, ભમરા કરે ગુંજાવો. છપૈયા. ૨
નાવ નવિન બહુત બિચ ઘુમે, હંસ બસે હરખાવો. છપૈયા. ૩
નારાયનસર મહિમા ભારી, શેષજી કહી ન શકાવો. છપૈ. ૪
જે જન મંજન પાન કરે તહાં, ચારી પદારથ પાવો. છપૈયા. ૫
નહાન કરી ઘનશ્યામ સંભારો, મીટી જાવે જમ દાવો. છપૈ. ૬
નારાયનસર નહાન કરીકે, લેહું અલૌકિક લાવો. છપૈયા. ૭
બદ્રિનાથ કહે તેહિ ભીતર, અડસઠ તિરથ પાવો. છપૈયા. ૮

### પદ – ૪

હરિ ભજન કરો ભાઈ, સબે તુમ હરિ ભજન કરો ભાઈ;
શ્યામ સદા સુખદાઈ. સબે.

દેવનકું દૂર્લભ યા નરતનું, ફીરી ફીરી નહિ પાઈ. સબે. ૧
માતપિતા બંધુ સુત મેહેરી, એકો સંગે નહિ આઈ. સબે. ૨
મેડી મંદિર માલ ખજીના, છોડી અકેલા જાઈ. સબે. ૩
રાય રંક કોઈ રહત ન પાવે, દેખો વિચાર લાઈ. સબે. ૪



બાલપન સબ ખેલમે ખોયા, જોબન ખોયા ઘરમાંહી. સબે. ૫
સત્પુરૂષકે ચરનકું સેવો, કુકરમ દેહો બહાઈ. સબે. ૬
ગોવિંદકે ગુન ગાન કરો તુમ, રામચરણ ચિત્ત લાઈ, સબે. ૭
બદ્રિનાથ કહે શ્યામ ભજન બિના, જીવ જમપુરી જાઈ, સબે. ૮

### કવિત

ચેત રે અજ્ઞાની અંધ, માયામે મોયો હે મંદ, શ્યામકું સંભાર રી, અબ જીયકો સુધાર રી, ધન ધામ સુત વામ, ખેત વાડી દેશ ગામ, અંતે કછુ કામ નાવે, અંતર વિચાર રી, આપન વિચાર કરે, સંત હુસેં દૂર ફરે, કપટી કે સંગ સબ, જન્મ બિગાર રી, દાસ બદ્રિનાથ કહે, અજ હું વિચારી લહે, માયા કો મમત ત્યાગી, શ્યામકું સંભાર રી ॥ ૧ ॥

ધન્ય હે છપૈયા ધામ, સોહત ત્યાં ઘનશ્યામ, શ્યામ શોભા દેખી કામ, કોટી છબી લાજ હી, કંચનકો સિંહાસન, દેખી મોહે મુની મન, તિનહુ કે પર, ઘનશ્યામ હી બિરાજ હી, જરીદાર પેરી વાઘ, શીરપે સોનેરી પાઘ, સુરવાલ સોહે ભારી, કર સોટી છાજ હી, ચરણમે ધરી માથ, કર જોડી બદ્રિનાથ, શ્યામકે શરણ આઈ, સરયો સબ કાજ હી ॥ ૨ ॥

### રાગ કેરબા પદ – ૧

છપૈયા સોહત હે જ્યાં શ્યામ લિયે અવતાર. છપૈયા.
અખીલ લોક પતિ શામસો આયે, ધરમદેવ કે દ્વાર. છપૈયા. ૧
તાલ મૃદંગ શંખ શરનાઈ, દૂંદૂભી બાજે અપાર. છપૈયા. ૨
ભવ બ્રહ્મા સનકાદિક આયે, ગાવત ગુન કરી પ્યાર. છપૈ. ૩

નારદ નાચત બેન્ડ બજાવત, જય જય કરત ઉચ્ચાર. છપૈ. ૪
બદ્રિનાથ કહે કહા બરનું, શેષ ન પાવે પાર. છપૈયા. ૫

### પદ – ૨

છપૈયે ખેલત હે ઘનશ્યામ, સખા સંગ ખ્યાલ. છપૈયે.
ઠુમક ઠુમક પગ નેપુર બાજે, ચલત હે સુંદર ચાલ. છપૈયે. ૧
દોરી દોરી જાવત મુખ મુસકાવત, ઝલકત ભાલ વિશાલ. છ. ૨
કાહુકે ઘરહુમે લુકી લુકી પેઠત, ગોરસ ખાત ગોપાળ. છપૈ. ૩
માતુ પ્રેમવતી પ્રિત કરીકે, ગોદ ખેલાવત લાલ. છપૈયે. ૪
બદ્રિનાથ કે બસો મેરે અંતર, ભક્તિ ઘરમકે બાલ. છપૈયે. ૫

### પદ – ૩

સમરો સ્વામિનકું દુનિયામેં, રેના દિન દોય. સમરો.
દેવનકું દૂર્લભ યા નરતનું, કાહે નાખત હો ખોય. સમરો. ૧
ધામ ધરા ધન માલ ખજીના, કામ ન આવે કોય. સમરો. ૨
માતપિતા બંધુ સુત મહેરી, સ્વારથ તાકત સોય. સમરો. ૩
કપટ કરી કરી ધનકું બટોરત, પરત્રિયામે રહે મોય. સમરો. ૪
બદ્રિનાથકે શ્યામ ભજન બિના, ભવજળ તરે ન કોય. સમ. ૫

### પદ – ૪

ખાલી કાહે ખુવો હરિ, ભજન બિના અવતાર. ખાલી.
ધરમરાજ જબ લેખાઓ માગે, તબહી હોવેગો વિચાર. ખાલી. ૧
કાટી કાટી જમ માંસકું ખાવે, તબહી કરેગો પોકાર. ખાલી. ૨
ઠગી ઠગી લાયો હિલ મિલ ખાયો, જનમ ગુમાયો ગમાર. ખા.
જોરસે જમડા મુદ્ગર મારત, દેવત અંગકું જાર. ખાલી. ૪



બદ્રિનાથકે શ્યામકું સમરી, તુરત હોવે ભવપાર. ખાલી. ૫

### રાગ કગવા પદ – ૧

સ્વામિનારાયણ ભજો, ભાઇ સદા સુખદાઇ. સ્વામિનારાયણ.
સ્વામિનારાયણ નામ મનોહર, જે જન નિશદિન ગાઇ;
તેહી કરમ મીટે દુઃખદાયક, સબ રિદ્ધિ સિદ્ધિ સુખ પાઇ. સ. ૧
ભૂત પ્રેત તેહી નીકટ ન આવે, જાવે સબહી છિપાઇ;
મંત્ર જંત્ર કછુ ટુના ન લાગત, જેહી સ્વામિનારાયણ ગાઇ. સ. ૨
રામ કૃષ્ણ જેહી નામ કહાવે, તેહી ધરે દેહ આઇ;
ગામ છપૈયા હે ધામ શિરોમણી, તહાં પ્રગટ ભયે સ્વામી જાઇ. સ.
ધર્મદેવકે આંગન આગે, બાજે વિવિધ વધાઇ;
વારવાર ઘનશ્યામ ચરણ પર, દાસ બદ્રિનાથ બલિ જાઇ. સ.

### રાગ લાવણી પદ – ૧

કરી કૃપા શ્રીકૃષ્ણ કૃપાળ લાલ બહુ તેરી,
હરિ છેલ છપૈયે પ્રગટ ભયે રંગ લહેરી,
સંવત અઢાર સાડત્રીસો સુખકારી,
શુભ ચૈત્ર શુકલકી નોંમ કહીયે સોમવારી,
દશ ઘડી રાતતે બીતી ગઇ જેહ બેરી. હરિ. ૧
ભવ બ્રહ્મા શારદ નારદ આયે દોરી,
કરી બીનતી વારંવાર, દોઉ કર જોડી,
હૈયામે હરખ અપાર, રહે દ્રગ ઠેરી. હરિ. ૨
કરી છુમછુમ છુમછુમ, નાચ અપસરા ગાવે,
આવી અમર આકાશે પુષ્પે પ્રભુકુ વધાવે,

ગડગડે નગારે નોબત બાજે ભેરી. હરિ. ૩
નારદજી નૃત્ય કરી ગોવિંદ ગુન ગાવે,
કરી તન નન નન નન, તુબરું તાન બજાવે,
ભઈ ધર્મદેવ કે દ્વારે ભીડ ઘનેરી. હરિ. ૪
સુખકારી શંકર ડમ ડમ ડમરુ બજાવે,
કરી થેઈ થેઈ થેઈ થેઈ પાવ નચાવે,
કહે બદ્રિનાથ બહુ આનંદ અંગ ભયેરી. હરિ. ૫

### પદ – ૨

મન મોહન નિત નિત નૌતમ બેશ બનાવે,
ઘનશ્યામ છબી દેખી સબ હી સુખ પાવે,
છપૈયાપુરકી સબ નારી નાથ નિહારી,
લઈ ગોદ ખેલાવે આનંદ અંતર ભારી,
કરી ચુંબન હરિકું હેત કરીકે હસાવે. ઘનશ્યામ. ૧
પગ ઠુમક ઠુમક ઠુમક ઠુમક નેપુર બાજે,
ચલે ધમ ધમ ધમ ધમ ધમ ધમ ઘુઘર ગાજે,
હરિ દડ દડ દડ દડ દોડીકે સનમુખ આવે. ઘનશ્યામ. ૨
શીર ટોપી ઓપી અંગરખી અંગ પહેરી,
હીર નાડી સારી સુંથણલી સોનેરી,
બાંયે બાજુ કાજુ મોતી મની ઝલકાવે. ઘનશ્યામ. ૩
પીત પટકે ચટકે લટકે શું મન લેવે,
મુખ મંદ મંદ હસકે સબકું સુખ દેવે,
કાને કુંડલ ઝલલલ ઝલકે મુનિજન મન ભાવે. ઘનશ્યામ. ૪



અતિ પ્રિત કરીકે પ્રેમવતી પય પાવે,
લઈ મેવા મિસરી ખાંત કરીકે ખવાવે,
બહુનામી બદન પર બદ્રિનાથ બલી જાવે. ઘનશ્યામ. ૫

### રાગ લાવણી સાખી

હરતાં ફરતાં પ્રાણી પુરુષોત્તમ સંભારીયે રે,
ભુપર પ્રગટ્યા પોતે પુરુષોત્તમ મહારાજ,
સાચે ભાવે શરણુ લેને, સહજાનંદનું રે,
મેલી માન મત્સરને, લોક કુટુંબની લાજ,
ડહાપણ દૂર કરીને, સંત તણી શીખ ધારીયે રે. હરતાં.
દુર્લભ નર તન દેવને, ન મળે ખરચે દામ,
પલમાં તે જાશે પડી, પુરી નહિ થાય હામ,
ઓચિંતાનું જાવું પડશે, મનમાં જાણજે રે,
રહેશે અધવચ તારું સરવે ઘરનું કામ. ડહાપણ. ૧
જોબન ધનના જોરમાં, ફુલ્યો રહે નિશદિન,
મરડી ચાલે મુછને, નારી આગળ દિન,
નારી રુપાળી જોઈને, પામે મોહને રે,
તે તો જમપુરી જાવાનું, જાણે ચિન્હ. ડહાપણ. ૨
ટેડી બાંધે પાઘડી, વળી વધારે કેશ,
હાંસી કરે પરનારની, લજ્જાનો નહિ લેશ,
લાંબી ધોતી પહેરી, રૂડી પાડે પાટલી રે,
સુંદીર છેડાવાળો, નાખે ખભે ખેસ. ડહાપણ. ૩
બાલ જોબન વીતી ગયું, ને વૃદ્ધ પણું થયું તૈયાર,

રગ રગમાં રોગે ગ્રહ્યો, સામું ન જુએ નારય,
છોરા છોરી કોઇ સેવા, ન કરે તેહની રે,
ગંદી ગોદડીમાં લોટે, ઘરને બહાર. ડહાપણ. ૪
ખાંસી આવે અતિ ઘણીને, શ્વાસે આવે શુલ,
હૈયે આવે હેડકી, પામે પીડા અતુલ,
દુઃખના ડુંગર તુટ્યા, માથા ઉપર આ સમે રે,
કરે પસ્તાવો, ખાધી છે ભારે ભૂલ. ડહાપણ. ૫
પાણી ન પીવાય મુખથી, તરશે કંઠ સુકાય,
શ્વાસ વધે સહુ દેખતાં, દુઃખ વર્ણવ્યું ન જાય,
તનની નાડી તુટે, આંખો બારી નીસરે રે,
જીવને બોત્તોર કોઠામાં, લાગે લાહ્ય. ડહાપણ. ૬
જમડા જોરે જીવને, લઇ જાવે જમ દ્વાર,
પાપ તપાસી પ્રાણીનાં, દેવે બહુ બહુ માર,
બદ્રિનાથ કહે છે, રૂડી રીતે ચાલજો રે,
જેથી આવે વેલો, ભવસાગરનો પાર. ડહાપણ. ૭

### રાગ લાવણી પદ – ૧

આયેરી અલક જોગી, એક અવતારી;
લોજનગરમાંહી, મહા સુખકારી. આયેરી.
વાવ્ય કે કિનારે, બેઠે ધ્યાન ધરી;
થકીત ભયે, નીરખી નરનારી. આયેરી. ૧
શીરપે જટા સોહે, મેખલા સારી;
કૌપીન પર પેરે, પટ ગીરધારી. આયેરી. ૨



દંડ કમંડલું, કરમેં મોરારી;
મૃગકે ચરમ માલા, ઉપવીતધારી. આયેરી. ૩
બાલ મુકુંદ વિષ્ણુ, લીને હે લારી;
શાસ્ત્ર કો સાર, ગોટકો ખભે ભારી. આયેરી. ૪
આયે તહાં સુખાનંદ, સ્નાન કે કારી;
કહે બદ્રિનાથ, દેખ્યા બ્રહ્મચારી. આયેરી. ૫

### પદ – ૨

પૂછત સુખાનંદ, કહો સુખધામ;
કહાંસે યોગીરાજ, આયે એહિ ઠામ. પૂછત.
કુન રે માત પિતા, કૌન જોગી ગામા;
કૌન ગુરુ દ્વારો, કહો તેરા નામા. પૂછત. ૧
સોઇ માત તાત, સોઇ ગુરુ નામા;
જન્મ મરણ મીટી, પહુચાવે ધામા. પૂછત. ૨
સુની સુખાનંદ, કહત કર ભામા;
ચલો હો મંદિરમેં, કરો વિશ્રામા. પૂછત. ૩
હમારે ગુરુભાઇ, મુકુંદ અકામા;
તુમ જૈસે સંતકું, ઇચ્છત આઠુ જામા. પૂછત. ૪
કહે બદ્રિનાથ, મંદિર આયે શ્યામા;
ઉઠી મુક્તાનંદે, કીના પરણામા. પૂછત. ૫

### પદ – ૩

નીરખી નીલકંઠ, મુકુંદ હુલાસે;
દોરી સબ સંત, આયે હરિ પાસે. નીરખી.

શ્યામકે શરીરમેં, મુનિ મન મોહી;
મટકે રહિત રહે, સબ સંત જોઇ. નીરખી. ૧
ભાલ વિશાલમાં, તિલક બિરાજે;
વદન વિલોકી, મદન મન લાજે. નીરખી. ૨
નયન ભ્રકુટી, નાશા છબી ન્યારી;
ગોલ કપોલમાં, તીલ સુખકારી. નીરખી. ૩
અધર પ્રવાલ, લાલ સમ સોહે;
દેખે દરશ છબી, મુનિ મન મોહે. નીરખી. ૪
કહે બદ્રિનાથ, નીરખી ભગવાના;
ગયે સબ સંત, ભૂલી તન ભાના. નીરખી. ૫

## પદ – ૪

સંત સભા જોઇ, હરિ હરખાને;
દેખી ધર્મ નીમ, અતિ મનમાને. સંત.
દાસ મુકુંદ મહા, મુની જાની;
પ્રશ્ન પૂછત બોલી, અમૃત બાની. સંત. ૧
જીવ ઈશ્વર માયા, બ્રહ્મ પરિબ્રહ્મ;
ઈનકે સ્વરૂપ કહી, સમજાવો મર્મ. સંત. ૨
સુણી મુકતાનંદ, જોડી દોઉ હાથ;
રૂપ યથારથ, કહી નામ્યું માથ. સંત. ૩
મુનીકે વચન સુની, સબ સુખકારી;
મનમે મગન ભયે, મોહન મોરારી. સંત. ૪
કહે બદ્રિનાથ, અક્ષરધામધામી;



સોઇ લોજ ગામે, રહે બહુ નામી. સંત. ૫

## રાગ લાવણી પદ – ૧

હરિ અખિલ ભુવનકે શ્યામ, સદા સુખદેરી,
આયે જેતલપુરમે શ્યામ, સખી બહુ વેરી,
સંગે સંત મંડલ ઓર, કાઠી કે અસવારી,
કર ઝલલલ લલલલ, ઝલકે ભાલા ભારી,
ઘુમે ઘોડા કેરી ઘમસાન, શ્યામકું ઘેરી. આયે.૧
કીયે યજ્ઞ યદૂપતી આપ, માપ નહિ આવે,
અતિ તૃપ્ત હુતાસન કીન, હોમી ઘૃત ભાવે,
બહુ વિપ્ર જીમાયે, લાડુ સકર ઘૃત ભેરી. આયે.૨
મનમોહન મહોલમે, સંત સભા કરે સારી,
હરિભકત ચડાવે હાર, પુષ્પકે હજારી,
લઈ ટોપી ધરાવે માથ, હરિકુ ચંપેરી. આયે.૩
બ્રહ્માજી વિષ્નુ મહેશ, દેવ સબ આયે,
હોઈ મગન ગગન મેં તેજરૂપ રહે છાયે,
સબ સંત હરિજન, આશ્ચર્ય પામે ઘનેરી આયે.૪
ભયે એક ગોલા કે તીન, ભીન સબ દેખે,
જાઈ ભીતરમેં ભગવાન, ભાવસે પેખે,
કહે બદ્રિનાથ નમી, અંતર ધ્યાન ભયેરી આયે.૫

## પદ – ૨

હરિકાજ બનાયો આજ, હીંડોળો ભારી,
જાઈ જેતલપુરમેં, ઝુલે કુંજવિહારી,

એક અતિ અનોપમ, બડ બિસ્તારે સોહે,
શુભ છાયા ઘેરી હેરી, મુની મન મોહે,
ચહુ દિશે ડાલ વિશાલ, અતિ સુખકારી જાઈ. ૧
તહાં રચ્યો હીંડોળો હેમ, હરિવર કાજે,
મણી માણેક મોતી જોતી, રતન બિરાજે,
બની શોભા બહુત પ્રકાર, સુમન કી સારી જાઈ. ૨
આયે અખિલ ભુવનકે નાથ, હિંડોળે બિરાજે,
તહાં તાલ મૃદંગ ઉમંગ, ઝાંઝ બહુ બાજે,
હરિજન પહેરાવે હાર, હેતસે હજારી જાઈ. ૩
હીરદોરી દાસ લઈ હાથ, હુલાસે હીલાવે,
બજે ઘુઘરુ કો ઘણકાર, ગુણીજન ગાવે,
બહુ બોલે બપૈયા મોર, કોયલ શુક સારી જાઈ. ૪
ભઈ દેવ સરોવર તીર, ભીર બહુ ભારી,
આઈ અમર વિમાને બૈઠ, આકાશે અપારી,
કહે બદ્રિનાથ સબ સુમન, ઝરી કરે સારી જાઈ. ૫

### ચાબખા પદ – ૧

હોકલો હૈયા ફુટ્યાને ભાવે રે, આપનો એળે જનમ ગુમાવે,
પ્રભાતે ઉઠી પ્રભુ વિસારી, હોકલામૈં મન જાવે,
દેવતા સારુ દાડી ઉઠીને, ઘરે ઘરે ભટકાવે રે. હોકલો. ૧
શેરી બજારનાં ગોર ગરીડાં, વીણી વીણીને સળગાવે,
છોકરાના છાણમાં હાથ પડે ત્યારે, નાક સુંઘીને પસ્તાવે રે. હોક.
સોના રૂપેથી હોકો મઢાવે, ચોરે બેસીને ચસકાવે,



લાખો લોકોની લાળને ચુસતાં, લેશ શંકા નવ આવે રે. હોક. ૩
સંત સમાગમ સારો ન લાગે, હોકો મળે ત્યાં જાવે,
બદ્રિનાથ કહે જમપુરીમાં, શીશાં ઉનાં તેને પાવે રે. હોકલો. ૪

### પદ – ૨

ભાંગને ભુંડા માણસ લઈ ખાય, એનું મોઢું જોયું નવ જાય,
રામ કૃષ્ણ નામ મુખે નવ લેવે, તમાકુંના ગુણ ગાય,
નીચા માણસની પાસે તમાકુ, લેતાં તે નવ લજાય. ભાંગ. ૧
ઘરના ખુણા સહુ થુંકી બગાડે, મોઢું ભુંડું ગંધાય,
એના લોટાનું પાણી પીતાં, અંતર ઉલટી થાય. ભાંગ. ૨
નાનું તે છોકરું જીયાં બેસીને, હંગી બગાડી જાય,
તમાકું ચાવી જીયાં થુકે ત્યાં, તેવું ભુંડું દેખાય. ભાંગ. ૩
સારા માણસ થઈ છીંકણી સુંઘે, નાક નકારુ થાય,
લુંગડાં લોઈને સર્વે બગાડે, અતિ ભુંડાં દેખાય. ભાંગ. ૪
પોતાની હોય તો ચપટી લેવે, બીજામાં ચપટો ભરાય,
બદ્રિનાથ કહે છીંકણી વાળો, ચોર નક્કી કહેવાય. ભાંગ. ૫

### શ્રી ભુજનગરમાં શ્રીજીમહારાજે લીલા કરી તેનો ગરબો.

### પદ – ૧

હરિ હેતે કરીને સખી આજ રે. ભુજમાં ભૂધરજી
આવ્યા સંત સહિત મહારાજ રે. ભુજમાં. ૧
સર્વ ભક્ત તણે મન ભાવ્યા રે. ભુજમાં.
સામા જઈને મોતીડે વધાવ્યા રે. ભુજમાં. ૨

બહુ વાજાં આનંદમાં વાજે રે. ભુજમાં.
ભેરી ભુંગળ ને પડઘમ ગાજે રે. ભુજમાં. ૩
ઝાંઝ પખાજના ઝમકાર રે. ભુજમાં.
ઢોલ ત્રાંસાં તણો નહી પાર રે. ભુજમાં. ૪
ઘણે મૂલે ઘોડે હરિ રાજે રે. ભુજમાં.
ઢળે ચમર છત્ર બિરાજે રે. ભુજમાં. ૫
સહુ દોડીને દર્શને આવે રે. ભુજમાં.
રૂડા પુષ્પે કરીને વધાવે રે. ભુજમાં. ૬
શહેર મધ્યે થઈને ઘનશ્યામ રે. ભુજમાં.
આવ્યા સુંદર હીરજીને ધામ રે. ભુજમાં. ૭
પ્રિત્યે પાટ ઉપર પધરાવી રે. ભુજમાં.
પૂજ્યા પ્રેમ ઘણો ઉર લાવી રે. ભુજમાં. ૮
પછી વિધ વિધના કરી થાળ રે. ભુજમાં.
હેતે જમાડયા દિન દયાળ રે. ભુજમાં. ૯
કામ કાજ કરે નહિ કોઈ રે. ભુજમાં.
રહે હરિ સામું સૌ જોઈ રે. ભુજમાં. ૧૦
જોઈ સુંદર હીરજીનું હેત રે. ભુજમાં.
રહ્યા ઘણું ત્યાં સંત સમેત રે. ભુજમાં. ૧૧
ધ્યાન ધારણા સમાધિ કરાવે રે. ભુજમાં.
ધામ ગોલોક આદિ દેખાવે રે. ભુજમાં. ૧૨
એક આવ્યો વેરાગી અનાડી રે. ભુજમાં.
કરી સમાધિ સૌને દેખાડી રે. ભુજમાં. ૧૩



પછી હરિએ બોલાવ્યાં બાઈ લાધી રે. ભુજમાં.
તેને તુરત કરાવી સમાધિ રે. ભુજમાં. ૧૪
પછી અંગારા લઈ દિનોનાથ રે. ભુજમાં.
મેલ્યા લાધીબાઈના હાથ માથ રે. ભુજમાં. ૧૫
તેને જોઈને ભાગ્યો વેરાગી રે. ભુજમાં.
કહે કેમ ખમાય આ આગી રે. ભુજમાં. ૧૬
એવી લીલા કરીને સુખ આપે રે. ભુજમાં.
સર્વે જન તણાં દુઃખ કાપે રે. ભુજમાં. ૧૭
હરિ હસી હસી હેત જણાવે રે. ભુજમાં.
કરે વાતું તે મન ઘણી ભાવે રે. ભુજમાં. ૧૮
અતિ રાજી જોઈને દિનોનાથ રે. ભુજમાં.
હીરજીયે માગ્યું જોડી હાથ રે. ભુજમાં. ૧૯
અમ ઘેર રહો કરી વાસ રે. ભુજમાં.
બીજે જાવું નહિ અવિનાશ રે. ભુજમાં. ૨૦
જ્યારે રજા રાજી થઈ દઈયે રે. ભુજમાં.
ત્યારે બીજાને ઘેર જઈ રહીયે રે. ભુજમાં. ૨૧
પછી ભક્ત વત્સલ ભગવાન રે. ભુજમાં.
રહ્યા તિયાં આપી વરદાન રે. ભુજમાં. ૨૨
પછી સુંદર ને હીરજીભાઈ રે. ભુજમાં.
થયા રાજી ઘણું મન માંઈ રે. ભુજમાં. ૨૩
કરી વિધ વિધનાં પકવાન રે. ભુજમાં.
હેતે જમાડે દઈ ઘણું માન રે. ભુજમાં. ૨૪

વળી વસ્ત્ર ઘરેણાં પેરાવે રે. ભુજમાં.
હાર તોરાને ગજરા ધરાવે રે. ભુજમાં. ૨૫
રહ્યા ત્રિકમ તિયાં બહુ માસ રે. ભુજમાં.
તોય રજા આપે નહિ દાસ રે. ભુજમાં. ૨૬
પછી પ્રેરણા કરી ઘનશ્યામ રે. ભુજમાં.
આવ્યો રા'નો દિવાન તેહ ઠામરે. ભુજમાં. ૨૭
જગજીવન જાણો એનું નામ રે. ભુજમાં.
ધર્મદ્વેષીને કર્મ નકામ રે. ભુજમાં. ૨૮
તેની સામા બેસીને ભગવાન રે. ભુજમાં.
બોલ્યા છાતી કાઢીને વચન રે. ભુજમાં. ૨૯
મુને સર્વેનો ઈશ પ્રમાણો રે. ભુજમાં.
વળી રાધારમાનો પતિ જાણો રે. ભુજમાં. ૩૦
સુણી વચન ઉઠી ઉર આગ રે. ભુજમાં.
પામ્યો કોપ જેમ કાળો નાગ રે. ભુજમાં. ૩૧
કરી ક્રોધ ને ઉઠ્યો રીસાઈ રે. ભુજમાં.
થયા ઉદાસી હીરજીભાઈ રે. ભુજમાં. ૩૨
જગજીવન કોપ્યો આ વાર રે. ભુજમાં.
લુટી લેશે અમારાં ઘરબાર રે. ભુજમાં. ૩૩
બહુનામી બોલ્યા મુખ તૈયે રે. ભુજમાં.
ગંગારામને ઘેર કહો તો જઈયે રે. ભુજમાં. ૩૪
બદ્રિનાથ કહે હીરજીભાઈ રે. ભુજમાં.
મુખે બોલી શક્યા નહિ કાંઈ રે. ભુજમાં. ૩૫



## પદ – ૨

શ્યામ સમો જોઈને સધાવ્યાં રે, મનમાં વિચારી,
મલ ગંગારામને ઘેર આવ્યા રે. મનમાં. ૧
ગંગારામ મહા રણધિર રે. મનમાં.
વળી અતિ ઘણા શૂરવીર રે. મનમાં. ૨
તેહ બોલ્યા લાગી હરિ પાય રે. મનમાં.
મર આવે ત્રિલોકીનો રાય રે. મનમાં. ૩
તેને તરણા જેવો કરી દાખું રે. મનમાં.
કેદી દીન વચન નવ ભાખું રે. મનમાં. ૪
તમ સારુ હું જીવન પ્રાણ રે. મનમાં.
કરુ તનમન ધન કુરબાણ રે. મનમાં. ૫
એમ કહિને રાખ્યા મેડી માથ રે. મનમાં.
રહ્યા ચોકીમાં સૌ મલ સાથ રે. મનમાં. ૬
લાલ લીલા કરે ત્યાં નવી રે. મનમાં.
કેતાં થાકે શેષાદિક કવિ રે. મનમાં. ૭
નિત્ય ઝુલે હિંડોળે રંગલેરી રે. મનમાં.
હરિજન બેસે સહુ ઘેરી રે. મનમાં. ૮
એક દિન ભકત બહુ આવ્યા રે. મનમાં.
ભાતભાતનાં ફુલ સહુ લાવ્યા રે. મનમાં. ૯
હેતે ઝુલાવા શ્રી ગીરધારી રે. મનમાં.
બાંધ્યો ફુલ હિંડોળો ભારી રે. મનમાં. ૧૦
પછી હરિયે સજ્યા શણગાર રે. મનમાં.

જોઈ રાજી થયા નરનાર રે. મનમાં. ૧૧
પેરી સુંથણલી નવરંગ રે. મનમાં.
શોભે જામો જરીનો અંગ રે. મનમાં. ૧૨
માથે મોળિયું સુંદર રાજે રે. મનમાં.
હાર તોરા ને ગજરા બિરાજે રે. મનમાં. ૧૩
હેમ કડાં ને બાજુબંધ રે. મનમાં.
સારું શેલુ શોભે છે સ્કંધ રે. મનમાં. ૧૪
રૂડો રૂમાલ રેશમી હાથ રે. મનમાં.
મંદ મંદ હસે મારો નાથ રે. મનમાં. ૧૫
બેસી ઝુલે હિંડોળે સુખકારી રે. મનમાં.
શોભે ત્રિલોકથી છબી ન્યારી રે. મનમાં. ૧૬
વાગે વાજાં ને ઉત્સવ થાય રે. મનમાં.
હરિજન ઉમંગમાં ગાય રે. મનમાં. ૧૭
ઢોલ ત્રાંસાં ને શરણાઈ બોલે રે. મનમાં.
સુણી શેષ પાતાળમાં ડોલે રે. મનમાં. ૧૮
આવી છાયાં આકાશે વિમાન રે. મનમાં.
જોઈ શોભા ભૂલ્યા દેવભાન રે. મનમાં. ૧૯
કરે પુષ્પ વૃષ્ટિ હરિ માથ રે. મનમાં.
જય જય બોલે સુર સાથ રે. મનમાં. ૨૦
તેની ખબર દિવાનને પડી રે. મનમાં.
મેલ્યો જોવા માણસ તેહ ઘડી રે. મનમાં. ૨૧
જોઈ ચાકર ગયો પાછો ફરી રે. મનમાં.



જેવી દીઠી તેવી વાત કરી રે. મનમાં. ૨૨
ગરકાવ થઈને બહુ ફુલે રે. મનમાં.
પ્રભુ થઈને સહજાનંદ ઝુલે રે. મનમાં. ૨૩
સુણી વાતને કોપ્યો અપાર રે. મનમાં.
તુરત તેડાવ્યો ફોજદાર રે. મનમાં. ૨૪
કહે હલા કરો મલ માથે રે. મનમાં.
ફોજ લઈને તમે જાઓ સાથે રે. મનમાં. ૨૫
મલ ગંગારામનું ઘર લુટો રે. મનમાં.
થાય સામા તેને તમે કુટો રે. મનમાં. ૨૬
લાવો ઝાલી સહજાનંદ આંઈ રે. મનમાં.
તેને પુરીયે બંગલામાંઈ રે. મનમાં. ૨૭
એમ કહ્યું તેણે બહુ વેર રે. મનમાં.
ફોજ આવી ગંગારામને ઘેર રે. મનમાં. ૨૮
ગંગારામ લાગી હરિ પાય રે. મનમાં.
ઉઠ્યા ખડગ લઈ કરમાંય રે. મનમાં. ૨૯
બહુ બોલ્યા વચન મુખ ગાજી રે. મનમાં.
કહે ઉભા રહેજો તમે પાજી રે. મનમાં. ૩૦
આજ ટુક ટુક સૌ કરી નાખું રે. મનમાં.
મર આવે ફોજ બીજી લાખું રે. મનમાં. ૩૧
એમ કહીને સામા ગયા દોડી રે. મનમાં.
વાલે દેખાડ્યા એકના ક્રોડી રે. મનમાં. ૩૨
એવું જોઈને સરવે ભાગ્યા રે. મનમાં.

સિંઘ ફાટ્યાં ને દાઢી મૂછ લાગ્યાં રે રે. મનમાં .૩૩
જેમ સિંહ આગે શિયાળ રે. મનમાં.
તેમ ભાગ્યા તે ભુંડે હાલ રે. મનમાં. ૩૪
બદ્રિનાથ કહે હરિ દ્વેષી રે. મનમાં.
જખ મારી રહ્યો પછી બેસી રે. મનમાં. ૩૫

## પદ – ૩

નાથ નાવા હમીરસર જાય રે, લાલજી લટકાળો
સંત સહિત તેમાં નિત્ય નાય રે. લાલજી. ૧
ઘાટ પશ્ચિમનો સુખકારી રે. લાલજી.
તિહાં વડ હતો એક ભારી રે. લાલજી. ૨
વાલો વસ્ત્ર ઉતારે જઈ ત્યાંય રે. લાલજી.
પછી પધારે નિરને માંય રે. લાલજી. ૩
જલ ક્રિડા કરે સુખકંદ રે. લાલજી.
જોઈ જન પામે આનંદ રે. લાલજી. ૪
ભવ બ્રહ્મા આવ્યા દેવ ત્યાંઈ રે. લાલજી.
રહ્યાં આકાશે વિમાન છાઈ રે. લાલજી. ૫
નૃત્ય કરી અપસરા ગાવે રે. લાલજી.
રૂડા પુષ્પે પ્રભુને વધાવે રે. લાલજી. ૬
સંત સંગે કરે હરિ ખેલ રે. લાલજી.
છોગાંવાળો છબિલો છેલ રે. લાલજી. ૭
સંતદાસ બુડ્યા તેહ ઠામ રે. લાલજી.
જઈ નિસર્યા બદ્રિધામ રે. લાલજી. ૮



હરિજન શોધે આસપાસ રે. લાલજી.
થઈ અંતરમાંહી ઉદાસ રે. લાલજી. ૯
તેને જોઈને બોલ્યા જીવન રે. લાલજી.
એતો પોચ્યા છે બદ્રિવન રે. લાલજી. ૧૦
માટે ચિંતા ન કરો લગાર રે. લાલજી.
સહુ નીસરો જલથી બાર રે. લાલજી. ૧૧
વલિ તેહ ઠામે એક દન રે. લાલજી.
દિઠા ખાખી ઘણા ભગવાન રે. લાલજી. ૧૨
જોઈ દયા હરિને દિલ આવી રે. લાલજી.
જાણે જમાડીએ કાંઈ લાવી રે. લાલજી. ૧૩
પછી પ્રિતે કહ્યું જઈ ત્યાંઈ રે. લાલજી.
કાંઈ જમો તો લાવીયે આંઈ રે. લાલજી. ૧૪
ત્યારે બોલ્યો મોટો એક બાવો રે. લાલજી.
ભાવ તમારો હોય તો લાવો રે. લાલજી. ૧૫
પછી પેંડાને બરફી મંગાવ્યા રે. લાલજી.
વળી સાટા જલેબી ઘણી લાવ્યા રે. લાલજી. ૧૬
તેને જોઈ બોલ્યા બહુ બાવા રે. લાલજી.
કુંણ ભક્ત ભાવિક તમે આવા રે. લાલજી. ૧૭
કહો તમારું ગામને નામ રે. લાલજી.
રૂપ જોઈ લાજે કોટી કામ રે. લાલજી. ૧૮
કહે હરિ સુણો નામ કઈયે રે. લાલજી.
અમે સ્વામિનારાયણ છૈયે રે. લાલજી. ૧૯

દેશ પુરવ છપૈયા ધામ રે. લાલજી.
તેહ જાણો અમારું ગામ રે. લાલજી. ૨૦
સુણી બોલ્યા વેરાગી તૈયે રે. લાલજી.
અમે તમારું તો નહિ લૈયે રે. લાલજી. ૨૧
પછી પ્રિતમ આવ્યા શહેરમાંઇ રે. લાલજી.
મલ ગંગારામ રહે ત્યાંઇ રે. લાલજી. ૨૨
તિયાં પ્રિતેથી મલ બોલાવી રે. લાલજી.
કહ્યું જમો તમે સહુ આવી રે. લાલજી. ૨૩
બોલ્યા ગંગારામ જોડી હાથ રે. લાલજી.
એમ જમાય નહિ દિનાનાથ રે. લાલજી. ૨૪
જુવો રમત અમારી તમે રે. લાલજી.
પછી બેસીને મલ સહુ જમે રે. લાલજી. ૨૫
મલ નથુને આંગણે ઓટો રે. લાલજી.
અતિ સુંદર મનોહર મોટો રે. લાલજી. ૨૬
ત્યાં બેસીને મલ રમાડ્યા રે. લાલજી.
પોતે જમીને સૌને જમાડયા રે. લાલજી. ૨૭
શ્યામ છબી શોભે સુખકારી રે. લાલજી.
ભાલ વિશાળ ઝળકે ભારી રે. લાલજી. ૨૮
શિર સોનેરી પાઘ બિરાજે રે. લાલજી.
મુખ જોઈ મદન મન લાજે રે. લાલજી. ૨૯
નાસા નેણ તિલક છબી જોઇ રે. લાલજી.
ભવ બ્રહ્માદિ દેવ રહે મોઇ રે. લાલજીજ. ૩૦



દંત દાડમ કળી જેવા કહીયે રે. લાલજી.
મંદ હાસ જોઈને સુખ લૈયે રે. લાલજી. ૩૧
કાને કુંડળ જડાવના કાજુ રે. લાલજી.
બાંધ્યા ઝુલ તણા બે બાજુ રે. લાલજી. ૩૨
વેઢ વિંટિ કનક કડાં હાથ રે. લાલજી.
સોના સાંકળાં પેર્યાં છે મારે નાથ રે. લાલજી. ૩૩
ઓપે અંગો અંગ શણગાર રે. લાલજી.
જોઈ મોહ પામે નરનાર રે. લાલજી. ૩૪
શોભે સુંદર છબિ અતિ સારી રે. લાલજી.
દાસ બદ્રિનાથ જાય વારી રે. લાલજી. ૩૫

## પદ – ૪

હરિ હીરજીભાઈને ધામ રે, ભુજમાં ભાવેથી
સારી સભા કરે ઘનશ્યામ રે. ભુજમાં. ૧
તિયાં આવે પુરાણી પંડિત રે. ભુજમાં.
જોઈ પ્રતાપ થાય ચકિત રે. ભુજમાં. ૨
એક દિન ફકીર તિહાં આવ્યો રે. ભુજમાં.
તેને હેતે હરિએ બોલાવ્યો રે. ભુજમાં. ૩
વળી એમ પૂછ્યું અવિનાશ રે. ભુજમાં.
સાંઈ શું છે તમારી પાસ રે. ભુજમાં. ૪
સુણી સાંઈ બોલ્યો જોડી હાથ રે. ભુજમાં.
એ તો કુરાન હે દિનાનાથ રે. ભુજમાં. ૫
ત્યારે એમ બોલ્યા ભગવાન રે. ભુજમાં.

આ બાળક ભણ્યો છે કુરાન રે. ભુજમાં. ૬
એનું ખલબલસા છે નામ રે. ભુજમાં.
રામ રામ રટે આઠું જામ રે. ભુજમાં. ૭
સુણી સાંઈ બોલ્યો તે ટાણે રે. ભુજમાં.
એ ગભરુ કુરાન ક્યા જાણે રે. ભુજમાં. ૮
પછી હરિયે કરી એને સાન રે. ભુજમાં.
ત્યારે તુરંત બોલ્યો કુરાન રે. ભુજમાં. ૯
સુણી સાંઈ થયો ચકચુર રે. ભુજમાં.
કહે આ તો અલ્લનું નુર રે. ભુજમાં. ૧૦
જાણી હરિને સર્વેના નાથ રે. ભુજમાં.
નમ્યો વારંવાર જોડી હાથ રે. ભુજમાં. ૧૧
એવી લીલા કરી બહુ વાર રે. ભુજમાં.
કેતાં શેષ પામે નહિ પાર રે. ભુજમાં. ૧૨
જીહાં નાતા હરિવર દાડી રે. ભુજમાં.
તિયાં કરી નવી ફુલવાડી રે. ભુજમાં. ૧૩
વળી વડ હતો જેહ ઠામ રે. ભુજમાં.
કરી છત્રી ત્યાં શોભા ધામ રે. ભુજમાં. ૧૪
જાુની વાડીની જગ્યા માંય રે. ભુજમાં.
બહુ વાર બેઠા હરિ ત્યાંય રે. ભુજમાં. ૧૫
જયારે જાતા માનકુવે ગામ રે. ભુજમાં.
ત્યારે તિહાં બેસે જઈ શ્યામ રે. ભુજમાં. ૧૬
હરિજન વળાવવા આવે રે. ભુજમાં.



બહુ પેંડાને બરફી લાવે રે. ભુજમાં. ૧૭
તેહ જમી તિહાં જદુનાથ રે. ભુજમાં.
આપે સૌને પ્રસાદી હાથ રે. ભુજમાં. ૧૮
તિહાં છત્રી કરાવી છે પાસે રે. ભુજમાં.
અતિ ઉમંગે અચ્યુત દાસે રે. ભુજમાં. ૧૯
પછી ત્યાંથી ઉઠે અવિનાશ રે. ભુજમાં.
ચાલે ભેળા વળાવવા દાસ રે. ભુજમાં. ૨૦
આગે આવે લિંબ બે ભારી રે. ભુજમાં.
જેની ઘેરી છાયા અતિ સારી રે. ભુજમાં. ૨૧
તેના હેઠે બેસે અવિનાશ રે. ભુજમાં.
હરિજન બેસે સહુ પાસ રે. ભુજમાં. ૨૨
કરી વાત ધિરજ દૈ હરિ રે. ભુજમાં.
સૌને પાછા વાળે પ્રિત કરી રે. ભુજમાં. ૨૩
મલ ત્રિકમજી જેનું નામ રે. ભુજમાં.
કરી છત્રી તેણે તેહ ઠામ રે. ભુજમાં. ૨૪
જણસાલિ તલાવડી કૈયે રે. ભુજમાં.
તેના મહિમાનો પાર ન લૈયે રે. ભુજમાં. ૨૫
તેમાં નાહ્યા હરિ બહુ વાર રે. ભુજમાં.
તેનો કેતાં આવે નહી પાર રે. ભુજમાં. ૨૬
વળી તિહાં બેસીને દયાળ રે. ભુજમાં.
બહુ વાર જમ્યા હરિ થાળ રે. ભુજમાં. ૨૭
જીહાં બેસી જમ્યા ગિરધારી રે. ભુજમાં.

તિહાં કરી છે છત્રી સારી  રે. ભુજમાં. ૨૮
જીહાં નાતા નિત્યે નર નાટ રે. ભુજમાં.
તિહાં બાંધ્યો છે સુંદર ઘાટ રે. ભુજમાં. ૨૯
ઘાટ બંધાવ્યો દૈ  જેણે દામ રે. ભુજમાં.
જણસાલી ટોપણ તેનું નામ રે. ભુજમાં. ૩૦
જેમાં નાહ્યા જઈ અવિનાશ રે. ભુજમાં.
તેમાં સર્વે તીરથ એ જાણો રે. ભુજમાં. ૩૧
માટે મોટું તીરથનો વાસ રે. ભુજમાં.
સાચી પ્રતિત ઉરમાં આણો રે. ભુજમાં.  ૩૨
મારી મતિ તણે અનુસાર રે. ભુજમાં.
ગાયા ગરબા કરી મેં પ્યાર રે. ભુજમાં. ૩૩
જેહ ગાશે ગરબા ભાવ ભરી રે. ભુજમાં.
વળી સાંભળશે પ્રિત કરી રે. ભુજમાં. ૩૪
તેના ઉપર રાજી હરિ થાય રે. ભુજમાં.
દાસ બદ્રિનાથ એમ ગાય રે. ભુજમાં. ૩૫

**-: સમાપ્ત :-**

